ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 23 Date : 16-08-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૧૭) |
| પ્રવીણ જ. પટેલ | ૦૪ | શિક્ષણમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ-સોક્રેટિસ સંવાદ : અર્થપૂર્ણ સેમિનારની ચાવી-૧ |
| - | ૦૮ | ગુજરાત સર્વોદય મંડળ : પરિચય |
| ઇન્દુકુમાર જાની | ૧૦ | કોમવાદ અને જાતિવાદને નાથશે આશાવાદ |
| પંક્તિ જોગ | ૧૧ | બિહારમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા |
| રજની દવે | ૧૨ | પર્યાવરણ ક્ષેત્રે સક્રિય સંસ્થાઓનું સંમેલન - ગ્લોબલ વૉર્મિંગ એક વૈશ્વિક સમસ્યા |
| રશાંસ | ૧૫ | વાંચનથાળ |
| પ્રકાશ ન. શાહ | ૧૬ | કટોકટી રાજના એકવીસ મહિના : શશી થરુરની સાફ વાત |
| સોનલ પરીખ | ૧૭ | પોતાનું શ્રેષ્ઠ બહાર કાઢવું એ જાત પ્રત્યેની ફરજ છે |
| રજની દવે | ૧૯ | પુસ્તક પરિચય : 'મિસાવાસીની જેલ ડાયરી' – ડૉ. વિષ્ણુ પંડ્યા |
| ર. | ૨૩ | રેવાગ્રામ સેવા સંકુલની ગતિવિધિ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સિગારેટનું ઠૂંઠું |


(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

BHOOMIPUTRA
Gujarati Fortnightly

ભૂમિપુત્ર

Price Rs.10, Annual Sub. Rs.200.
Vol.72 Issue No.23 1939 Date : 16-08-2025
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# મનને જાણીએ (૧૭)

○ વિનોબા ○

(ગતાંકનું ચાલુ....)

## માનસશાસ્ત્ર

આ દિવસોમાં માનસશાસ્ત્ર વિષય પર ઘણી બધી ચર્ચા ચાલતી રહે છે. વળી શિક્ષકવર્ગ, નેતાવર્ગ માટે તો આવી ઉપયોગિતા પણ માનવામાં આવે છે. પરંતુ આ માનસશાસ્ત્રમાં આપણે મનથી ઉપર ઊઠેલા માનવામાં આવતા નથી. મેં આ આધુનિક માનસશાસ્ત્રનો ઊંડાણપૂર્વક તલસ્પર્શી અભ્યાસ કર્યો નથી. જેટલો પણ અભ્યાસ કર્યો છે, તેના પરથી લાગે છે કે હજી તે લોકો પોતાની જાતને મનથી અળગી કરવાની વાતને જરૂરી સમજતા નથી. જે લોકો સ્વયં માનસિક સ્તરે રહીને વિચારે છે, તેઓ બીજાના મનનો અભ્યાસ કરી શકે નહીં. એમનું માનસશાસ્ત્ર એટલે મનની હલચલોને જાણનારું શાસ્ત્ર. તે મનોવિજય-શાસ્ત્ર નથી. જેવી રીતે આપણે આ ઘડિયાળથી અલગ છીએ, તેવી રીતે આપણે મનથી અલગ હોવાની પદ્ધતિ એમાં જણાતી નથી. માનસશાસ્ત્ર એ મનની વૃત્તિનું શાસ્ત્ર છે. એનું જ ચિત્ર સામે અંકિત કરવામાં આવે છે.

આપણે મનથી કેવી રીતે ભિન્ન છીએ, મનથી ઉપર કેવી રીતે ઊઠવું જોઈએ, આ બધાનો નિર્દેશ આપણને આ આધુનિક માનસ-શાસ્ત્રમાં મળતો નથી. પણ પતંજલિના યોગશાસ્ત્રમાં આ નિર્દેશ મળે છે. પતંજલિનું યોગસૂત્ર એ મનોવિજય-શાસ્ત્ર છે. યૂરોપ-અમેરિકા પણ માનસશાસ્ત્રને વિકસિત કરી શક્યા નથી. તેઓ મનની જુદી જુદી આકાંક્ષાઓ, મનમાં રહેલા વિકારો વગેરેનું પરીક્ષણ અને નિરીક્ષણ કરે છે અને એને મનોવિજ્ઞાન કહે છે. એ લોકોએ મનને જીતવાનું શાસ્ત્ર બનાવ્યું નથી. પાતંજલ યોગસૂત્રમાં શિક્ષણના વિષયના સંદર્ભમાં માનસ અને અતિમાનસ, આ બંને દૃષ્ટિથી વિચારાયેલું છે. શિક્ષણ માટે પણ માનસશાસ્ત્રીય દૃષ્ટિએ વિચાર થાય એ ઘણું જરૂરી છે. ઊલટું એના વગર શિક્ષણશાસ્ત્રનો આરંભ ન થાય. જોકે શિક્ષણના પ્રારંભિક તબક્કે માનસશાસ્ત્રની જરૂર હોય છે, તો પણ એની અંતિમ અવસ્થા કેવી છે, તે માણસને ક્યાં સુધી લઈ જાય છે, તે સમજવા માટે અતિમાનસની ભૂમિકાનું પણ જ્ઞાન હોવું જરૂરી થઈ પડે. પતંજલિએ યોગશાસ્ત્રમાં વૃત્તિઓનું પરીક્ષણ કરીને એ વૃત્તિઓને અનુકૂળ કેવી રીતે વર્તન કરવું જોઈએ અને પછી એ વૃત્તિઓથી ઉપર કેવી રીતે ઊઠવું જોઈએ, એ બંને વાતો કહી છે.

જો આપણે આ વૃત્તિઓને અનુકૂળ વર્તી શકીએ નહીં, તો આ સંસારમાં કોઈ કાર્ય ન કરી શકીએ. એટલા માટે આપણે વૃત્તિઓને અનુકૂળ વિચારવું પડે છે. જો વૃત્તિઓથી પર થઈને આપણે એ વિચારીએ તો આપણને તટસ્થ દર્શન થતું નથી. અને આપણે એકદમ નજીકના જ સાવ થોડા અમથા નાનકડા ચિંતનમાં કેદ થઈને રહી જઈએ છીએ, એટલે કે આપણામાં દૂર જોવાની દૃષ્ટિનો જાણે અભાવ જ થઈ જાય છે. આવું ન થાય એટલા માટે આપણને અતિમાનસની દૃષ્ટિની જરૂર ઊભી થાય છે. અને માનસ દૃષ્ટિની પણ જરૂર હોય છે. આમ પતંજલિએ આ બંને દૃષ્ટિઓને ધ્યાનમાં રાખીને ટૂંકમાં યોગશાસ્ત્રની વાત કહી છે.

મનુષ્યના સ્વભાવમાં કોઈ પણ નિયમિત અને સ્થિર વસ્તુ રહેલી છે, એવું નથી. માનવસ્વભાવ સતત વિકસતો રહે છે. મનુષ્યનું માનસશાસ્ત્ર બદલાતું આવ્યું છે, એનો વિકાસ થયો છે. માણસ પોતાની વૃત્તિઓનું પણ ઉત્તરોત્તર નિયંત્રણ કરતો આવ્યો છે અને ભવિષ્યમાં પણ કરશે ખરો. આ માનસશાસ્ત્રમાં શિક્ષણથી પરિવર્તન આવે છે. માનસશાસ્ત્રને બદલવું એટલે કે આજે સમાજ જે સ્તર પર છે, તે સ્તરને ઊંચું ઉઠાવવું. સમાજનું મન પહેલાં જેવું હતું તેવું જ કાયમ રહ્યું છે, એવું નથી. જૂના જમાનામાં ચોરના હાથ પગ કાપી નખાતા. પરંતુ આજે આ રીતની સજાને કોઈ પસંદ નથી કરતું. એટલે, માનસશાસ્ત્ર બદલાઈ શકે છે અને નવું માનસશાસ્ત્ર સ્થાપિત થઈ શકે છે. આપણે તો નવો મનુષ્ય, નવો સમાજ બનાવવો છે. આના માટે આપણે સમાજના માળખાને બદલવો પડશે, મનુષ્યના માનસશાસ્ત્રને બદલવું પડશે.

આજકાલના માનસશાસ્ત્રીઓ કહે છે કે માણસે કામ-ક્રોધાદિ કોઈ પણ પ્રકારના આવેગોને રોકવા જોઈએ નહીં કે દબાવવા ન જોઈએ. પણ તો પછી આપણે ક્યારેય મનથી અલગ થઈ જ ન શકીએ. તો તેઓ કહે છે કે એના પર રેશનલ કન્ટ્રોલ હોવો જોઈએ. હવે આ જે પ્રકારે રેશનલ કન્ટ્રોલની વાત કરે છે, તે જો હશે તો માણસમાં કામ-ક્રોધ જ નહીં રહે.

પરકાયા-પ્રવેશ અર્થાત્ બીજાના માનસશાસ્ત્રને જાણવું. આજકાલ આપણને મનોવિજ્ઞાનનો અભ્યાસ કરનારા ઘણાં બધાં લોકો જોવા મળે છે. પરંતુ બિચારા એ લોકોને ખુદના પોતાના કામ-ક્રોધને જીતવા

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

માટેનો કોઈ ઉપાય જડતો નથી. કેવી રીતે કામ-ક્રોધને જીતવા એની પદ્ધતિ પણ નથી જાણતા.

આજના મનુષ્યની સમસ્યા પોતાના માનસશાસ્ત્રમાં થોડોક ફરક કરવાની નથી, બલ્કે જૂના માનસશાસ્ત્રને ખતમ કરવાની છે. એટલા માટે માનસશાસ્ત્ર વાંચવું વ્યર્થ છે. હવે તો બધાંએ અતિમાનસશાસ્ત્ર વાંચવું પડશે. આજે આપણે બધા જીવ છીએ. હવે આ જીવની ભૂમિકા ચાલશે નહીં. શિવની ભૂમિકાએ પહોંચવું રહ્યું. આ જ તો વિજ્ઞાનયુગનો તકાદો છે.

વેદ, ઉપનિષદ, ગીતા વગેરે આપણા બધા આધ્યાત્મિક ગ્રંથો, તદુપરાંત પ્રાદેશિક ભાષામાં રચાયેલ સંત સાહિત્ય – આ બધું જ્યારે વાંચીશું ત્યારે જાણવા મળશે કે અતિમાનસ-ઉપચાર એટલે શું ? માનસોપચારના વિશેષજ્ઞો અતિમાનસ મેળવીને ચિકિત્સા કરી શકે છે. કેમ કે માનસ નીચે છે, જ્યારે અતિમાનસ ઉપર છે. ગીતાનાં સ્થિતપ્રજ્ઞ-લક્ષણો એ અતિમાનસ છે. આ જે માનસોપચારછે, તે આપણે ત્યાં સાધુ-સંતોએ કરેલા છે. ઉત્તર-દક્ષિણ ભારતમાં ઘણા બધા સંતો થઈ ગયા. દુનિયામાં મુહમ્મદ, ઈશુ ખ્રિસ્ત, બુદ્ધ આ બધાં સાઈકીયાટ્રીસ્ટ માનસોપચાર તજ્જ્ઞો હતા. એવી જ રીતે આપણા નાનક, તુલસી, કબીર, ચૈતન્ય મહાપ્રભુ વગેરે – આ બધાં પણ માનસોપચાર તજ્જ્ઞો છે.

સાયકોલોજી અને પેરાસાયકોલોજી એ અધ્યાત્મ નથી. એ તો વિજ્ઞાનના જ ભાગ છે. એમાં માનસિક શક્તિની વાત આવે છે. જ્યારે આત્મજ્ઞાન આનાથી એકદમ અલગ છે.

ફ્રોયડ જેવા કેટલાક આધુનિક માનસશાસ્ત્રીઓ કહે છે કે મનુષ્યની મુખ્ય પ્રેરણા તો કામ-પ્રેરણા હોય છે. કમ્યુનિસ્ટોનું માનવું છે કે આ દુનિયામાં જે કંઈ પણ ચાલી રહ્યું છે, તેની પાછળ અર્થ પ્રેરણા જ પ્રેરિત છે. એટલા માટે આપણે આમાં થોડુંક વિવેકપૂર્ણ વર્ગીકરણ કર્યું છે અને અર્થ તથા કામ બંનેને એક માનીને એને 'આસુરી સંપત્તિ' નામ આપ્યું. એવી રીતે ધર્મ અને મોક્ષ પ્રેરણાઓને એક કરીને તેને 'દૈવી સંપત્તિ' નામ આપ્યું છે. આ વિષય રસપ્રદ છે અને આપણા પોતાના માનસિક સંશોધન માટેનું વિશાળ ક્ષેત્ર છે.

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૧૭) |
| પ્રવીણ જ. પટેલ | ૪ | શિક્ષણમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ |
| ભૂમિપુત્ર@75 | ૮ | ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય |
| ઇન્દુકુમાર જાની | ૧૦ | કોમવાદ અને જાતિવાદને નાથશે આશાવાદ |
| પંક્તિ જોગ | ૧૧ | બિહારમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા |
| રજની દવે | ૧૨ | પર્યાવરણ સંસ્થાઓનું સંમેલન-ગ્લોબલ વોર્મિંગ એક વૈશ્વિક સમસ્યા |
| પ્રકાશ ન. શાહ | ૧૬ | કટોકટી રાજના એકવીસ મહિના : શશી થરુરની સાફ વાત |
| સોનલ પરીખ | ૧૭ | પોતાનું શ્રેષ્ઠ બહાર કાઢવું એ જાત પ્રત્યેની ફરજ છે |
| રજની દવે | ૧૯ | 'મિસાવાસીની જેલ ડાયરી' – ડૉ. વિષ્ણુ પંડ્યા |
| ર. | ૨૩ | રેવાગ્રામ સેવા સંકુલની ગતિવિધિ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સિગારેટનું ઠૂંઠું |


## વાસના-વિકાર અને ચિત્ત

મનુષ્ય અથવા કોઈ પણ પ્રાણીઓના જન્મ એ વાસનાત્મક પ્રક્રિયાથી થતા હોય છે. એટલા માટે તે દેહવાસનાને તોડવા માગતી નથી. આવી સ્થિતિમાં ચિત્તશુદ્ધિ અર્થાત્ વાસનામુક્તિ એ જાણે ખૂબ મોટા મહાયુદ્ધ જેવો કાર્યક્રમ બની જાય છે.

મનુષ્યનું એક મન છે. આ મનમાં અનેક પ્રકારની વાસનાઓ અને વિકારો રહેતાં હોય છે. માણસે કેટલાક અંશે એ વાસનાઓની પૂર્તિ કરવાની હોય છે. પણ એ વાસનાઓ અને વિકારોની પૂર્તિ માટે એની મર્યાદાઓ પણ સમજવી પડે છે. કઈ વાસનાની કઈ હદ સુધી પૂર્તિ કરવી તે વિચારવું પડે છે. જેમ કે માણસને ભૂખ લાગે તો એને ખાવાની વાસના પેદા થાય છે. પણ જો તે વધુ ખાઈ બેસે તો માંદો પડે છે. એટલા માટે ખાવાની વાસનાને સંતોષવી પણ જોઈએ અને વધારે પડતું ખાવું પણ ન જોઈએ. અહીં ઇંદ્રિયો અને મનને મારવાની વાત નથી, પણ તેનો પરિમિત (સીમિત) અને યોગ્ય રીતે ઉપયોગ કરવાનો વિચાર છે. આપણે મનને વશમાં રાખવું, આપણી ઇન્દ્રિયો પર કાબૂ રાખવો – આ શિક્ષણનું ખૂબ મહત્ત્વનું અંગ છે. સંપૂર્ણ વાસના-નિરસન એ તો ખૂબ દૂરની અને ઘણી ઊંચી વાત છે. પરંતુ આપણે દરરોજ વાસનાવિવેક અને કામના-નિરસન કરતા રહેવું જોઈએ. શિક્ષણનું આ કાર્ય છે.

ભગવદ્‌ગીતા કહે છે, જે વિષયોનું ધ્યાન કરતા રહે છે, એને એ વિષયનો સંગ લાગી જાય છે. સંગ અર્થાત્ સંગતિ, પરિચય. વિષયનો સંગ લાગવો અર્થાત્ વિષયો માટે લગાવ ઊભો થવો. મન વિષયોમાં લિપ્ત થવા લાગે છે. ચિંતન કરવાથી વિષયથી પરિચિત થવા લાગે છે, આનો અર્થ એ થયો કે વિષય મનમાં સાકાર થવા લાગે છે. ત્યાર બાદ એ વિષયમાં રમણીયતા, સુંદરતા, આકર્ષણ, રસ, મીઠાશ, રંજનનો અનુભવ થવા લાગે છે. આ 'કામ' છે. સૌથી પહેલાં વિષયોનું ધ્યાન, પછી સંગ અને પછી કામ.

આ વિષયવાસનાથી માણસની બુદ્ધિ, મન, ઇંદ્રિયો વગેરે બધાંની શક્તિ હણાવા લાગે છે. ક્ષીણ થવા લાગે છે. જો માણસ ઇન્દ્રિયોનો ઉપયોગ આત્માના વિકાસ માટે ન કરે, અને વિષયોમાં જ ફસાયેલું રાખશે તો તે શક્તિ ખોઈ બેસશે. કઠોપનિષદ કહે છે, સર્વેન્દ્રિયાણાં જરયન્તિ તેજઃ– ઉપભોગો કરવાથી બધી ઇંદ્રિયો જીર્ણશીર્ણ થઈ જાય છે. સર્વેન્દ્રિય એટલે મન, બુદ્ધિ વગેરે બધું જ.

મનુષ્યના ચિત્તના બે ભાગ છે, મન અને બુદ્ધિ. પહેલાં પહેલાં વિષયોનો પ્રહાર માણસના મન પર થાય છે. સીધો પ્રહાર બુદ્ધિ પર થતો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

નથી. આમ થવાથી મન વિકારયુક્ત થઈ જવા છતાં પણ તેની બુદ્ધિ સલામત રહે છે, એવો ભાસ થઈ શકે છે, પણ આ વધારે લાંબા સમય સુધી ટકશે નહીં. આવું ન થાય તે માટે સમય મળતાંની સાથે સાવધાન થઈને જેવો મન પર હુમલો થયો કે તરત જ તેને ભગાડી દેવું જોઈએ.

સાધકની ઇચ્છા ન હોવા છતાં પણ મન જબરદસ્તીથી વિષયો ભણી જાય છે. આવા સમયે મનને સાથ સહકાર ન આપવામાં સાધકની સાર્થકતા હોય છે. વિષયાભિમુખ મનની સાથે અંદરઅંદરથી સહકાર કરવામાં આવે તો એને મિથ્યાચાર કહેવાય.

મન પર ઇંદ્રિયોનું આક્રમણ થતાંની સાથે જ સાધક પોતાના મનના દોષો કાઢવાના કામમાં લાગી જાય છે. મનનો વિકાર દૂર કરી દેવો જોઈએ, આવું સતત ચિંતન કરતા રહેવાથી, એ વિકાર નીકળવાને બદલે ઊલટો વધુ પાકો થઈ જાય છે, કેમ કે મન એનું જ ચિંતન કરતું રહે છે. જેમ કે દુર્જનતા - પછી ભલેને તે પ્રતિકાર માટે પણ કેમ ન હોય - સતત એનું ચિંતન કરતા રહેવાથી ચિત્તમાં દુર્જનતા ઉત્પન્ન થાય છે. વિરોધી ચિંતન કરવાથી વિકારો નાશ પામવાને બદલે ઊલટા એનાં મૂળિયાં ઊંડાણમાં જઈને પ્રસરે છે. અને અનુભવ પણ છે કે કેવળ નિષેધાત્મક (નકારાત્મક) સાધના કરવાથી માણસ વિકારગ્રસ્ત થઈ જાય છે. 'વિષય-રસને મનમાંથી કાઢી નાખવો જોઈએ' - આવું નિષેધક સાધ્ય સામે રાખવાથી નિષેધક સાધના પ્રાપ્ત થશે. માટે આપણી દૃષ્ટિ સામે કોઈ વિધાયક ધ્યેય હોવું જોઈએ અને તેને અનુરૂપ કોઈ વિધાયક સાધના હોવી જોઈએ.

આપણું મન એવું છે કે એક વાર એ કોઈની મીઠાશ ચાખી લે પછી એનો એને ચસ્કો લાગી જાય છે. જેવી રીતે ગોળ પર માખી અને મકોડા આવી જાય તેમ. એટલા માટે તો જ્ઞાનદેવ કહે છે કે તમે હમેશાં તમારા મનને આત્માના અનુભવનું સુખ દેખાડતા રહો. વિષય-સુખને બદલે આત્મસુખ દેખાડતા રહેવું.

ગીતાનું પણ દૃઢતાપૂર્વક કહેવું છે કે - 'તું મત્પરાયણ થા અને રુચિપૂર્વક વિષયાધીન ન રહે તો એટલું પર્યાપ્ત છે.' ભલે ચિત્તમાં વાસનાઓ ઊઠતી રહે, પરંતુ એને અનુકૂળ બાહ્ય કૃતિ થવા ન દેવી, એટલુ પૂરતું છે. કેમ કે વાસનાને અનુકૂળ કૃતિ કરવાથી તે વાસના દૃઢ થઈ જાય છે, માટે એવું ન થવા દેવું. પરંતુ બીજી બાજુ એવું પણ થતું હોય છે કે બાહ્ય-નિગ્રહ કરી લીધા પછી પણ સાધકના ચિત્તની વાસના છૂટતી નથી. એ સાધકની અંદર ને અંદર ધૂંધવાયા કરે છે અને સાધકને સતાવ્યા કરે છે. એના ચિત્તને ચેન પડવા દેતી નથી. ત્યારે તે સાધક શું કરે ? તો કહે છે કે સાધકે તે વાસનાને જ ઈશ્વર-પરાયણ કરી દેવી જોઈએ. સંત એકનાથે ભગવાનને પ્રાર્થના કરી કે - 'મારા ચિત્તમાં જે કોઈ વાસના જન્મે, તે બધી તું જ થઈ જાય.' આવી રીતે બધી વાસનાઓનું રૂપાંતર થઈ જાય છે. વાસના ઈશ્વરમય થઈ જાય છે. આમ વાસનાઓને ભગવાનને અર્પણ કરી દીધા પછી તે વાસનાઓને દિવ્યરૂપ મળે છે. તેથી તો ભગવાન કહે છે - મત્પરાયણ થાઓ ! તારા ચિત્તમાં વિષયવાસના પેદા થાય તો પણ ગભરાતો નહીં, કિંકર્તવ્યમૂઢ ન બન ! કેવળ વિષયભોગમાં પડીશ નહીં. પણ એ વાસનાને ઈશ્વર પર ચઢાવી દે. કામ-ક્રોધ પણ એની સાથે ચઢાવી દે. આમ થવાથી તે વિકારોનું અને તારી વાસનાનું રૂપાંતરણ જ થઈ જશે અને ત્યાર બાદ તારા ચિત્તમાં રહેલ વિકારોનું શમન થતાં તારી પ્રજ્ઞા સ્થિર થઈ જશે. ગીતા કહે છે, તું મારામાં ચિત્ત સ્થિર કર - मय्यावेशित - चेतसाम् । - બસ ભક્તની તો આટલી જ જવાબદારી છે. ભક્તની વિકાર-મુક્તિ ભગવાન પાસે તો નિશ્ચિત જ છે - तेषामहं समुद्धर्ता ।

જેને પણ પોતાના મનના અત્યંત સૂક્ષ્મ વિકારોને ખતમ કરી નાખવાની તીવ્રતમ ભાવના હોય, એવા લોકો માટે ભગવદ્-આશ્રયથી ચઢિયાતો બીજો કોઈ રસ્તો નથી. બીજો ઉપાય નથી.

વાસનાઓનો ચિત્ત પર બોજો પડતો હોય છે, અને એ ચિત્તને અશાંત કરી મૂકે છે; જ્યારે પરમાત્મ-પ્રેરણા શાંતિ આપે છે, એનાથી ચિત્ત બધા પ્રકારના બોજાઓથી મુક્ત થાય છે.

મનમાં વિષયસેવન માટે આળસ થાય, કંટાળો આવે, ત્યારે જ વાસ્તવમાં સંન્યાસ શરૂ થાય છે.

ઘણા બધા લોકો કહેતા હોય છે કે સેવા જેવા વિષયો માટે અમે ખૂબ તલપાપડ હોઈએ છીએ. આ વાત સાચી છે કે થોડા ઘણા અંશે આવી બેચેની રહેતી પણ હોય, પણ તે પૂર્ણરૂપથી હોતી નથી. જ્યારે તે પૂર્ણરૂપથી એવી છટપટાહટ (અકળામણ) અનુભવશે ત્યારે ચિત્તવૃત્તિના બધા વિકારોને, જ્યારે જ્યારે પણ પેદા થવા લાગશે કે તરત જ તેને બહાર કાઢી મૂક્યા વગર રહેશે જ નહીં. આત્મજ્ઞાનથી વિકારોનું એકદમ દર્શન ન થાય તે સંભવ છે. પણ આત્મજ્ઞાન હજુ થયું નથી, આત્મજ્ઞાન થતા સુધીમાં જો વિકારોનું દર્શન ટાળી શકાતું ન હોય તો પણ ચિત્તમાં એને સ્થાન આપવું ઉચિત નથી. આનો મતલબ એ થયો કે ક્ષણવાર માટે પણ વિકારોનું સ્વાગત ન કરવું જોઈએ.

મનુષ્યને તકલીફ આપનારી વસ્તુ છે વિષયાસક્ત ચિત્ત. વિષયા-સક્તિને હટાવવી જ પડે. અને કેવળ વિષયાસક્ત ચિત્ત જ નહીં, પણ જે વસ્તુઓ, ધર્મના રૂપમાં આપણી સમક્ષ આવીને ઊભી રહે છે, એને પણ હટાવ્યા બાદ જ એ મહાદ્વારમાં પ્રવેશ મળે છે, જ્યાંથી પરમેશ્વરની ઝલક દેખાય છે, દર્શન થાય છે.

જ્યારે યોગી પોતાના આત્મામાં સ્થિર હોય છે, ત્યારે એના મનનો નાશ થયો હોય છે. મનના નાશ થયા બાદ એનો વાસનાક્ષય થશે. ૧. આત્મસ્થિતિ, ૨. મનોનાશ, ૩. વાસનાક્ષય. - આવો ક્રમ છે. જ્યાં સુધી વાસનાનો નાશ ન થાય ત્યાં સુધી આરામ ન કરવો.

જે સમયે ચિત્તમાં કોઈ પણ વિકાર નથી, તે સમય સાર્થક સમજવો. ભલે બાહ્ય દૃષ્ટિથી એની કોઈ નિષ્પત્તિ થાય કે ન થાય. આનાથી વિપરીત, ભલે આપણા હાથે ઘણું બધું કામ થયું હોય પણ તે દરમ્યાન જો ચિત્તમાં વિકારોના તરંગો ઊઠતા રહ્યા હશે તો, ભલે તે સમય દુનિયાની દૃષ્ટિથી ખૂબ સરસ પસાર થયેલો જણાશે, પણ તે સમય વ્યર્થ જ ગયો સમજવો.

(જુઓ પાન નં. ૯)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શિક્ષણમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ કેવી રીતે કરવો?
# સોક્રેટિક સંવાદઃ અર્થપૂર્ણ સેમિનારની ચાવી-૧

*(વિશ્વની સૌથી મોટી ગણાતી ભારતની ઉચ્ચ શિક્ષણ પ્રણાલી સાંપ્રત જ્ઞાન-આધારિત સમાજ, લોકશાહી સંસ્કૃતિ અને વિશ્વીકરણની માંગને પહોંચી વળવા માટે મોટાં પરિવર્તનોમાંથી પસાર થઈ રહી છે. જોકે, હાલમાં નવી શિક્ષણ નીતિ (New Education Policy) હેઠળ માળખાકીય સુધારાઓ અને અભ્યાસક્રમોની પુનર્રચના થઈ રહી હોવા છતાં, વર્ગ ખંડમાં શિક્ષણની મુખ્ય પદ્ધતિ હજુ પણ વ્યાખ્યાન-કેન્દ્રિત અને પરીક્ષા-લક્ષી રહેલી છે, જે ઘણી વાર વિવેચનાત્મક પૂછપરછ, સર્જનાત્મકતા, અને અર્થપૂર્ણ સંવાદને ઉત્તેજન નથી આપતી.*

*આ સંદર્ભમાં, બે ભાગમાં વહેંચાયેલી આ લેખમાળાનો હેતુ ભારતનાં વિશ્વ વિદ્યાલયોમાં સ્વતંત્ર વિચારસરણી, વિશ્લેષણાત્મક ક્ષમતા, સહભાગી શિક્ષણ, અને વિષયવસ્તુની ઊંડી સમજને ઉત્તેજન આપતી સેમિનાર પદ્ધતિના વ્યાપક ઉપયોગની આવશ્યકતા અને અનિવાર્યતા પર ધ્યાન દોરવાનો છે. લેખમાળાના આ પહેલા લેખમાં સેમિનાર પદ્ધતિનો ઉદ્‌ભવ અને તેનું મૂળ જેમાં રહેલું છે તે સોક્રેટિસની ફિલસૂફીની ટૂંકમાં ચર્ચા કરવામાં આવી છે. અને આ પછી પ્રકાશિત થનારા બીજા લેખમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ કેવી રીતે કરવો તેની પ્લેટોએ લખેલા સોક્રેટિસના મૂળ સંવાદોમાંથી લીધેલાં ઉદાહરણો સાથે સમજ આપવામાં આવી છે.)*

આપણે ત્યાં 'કે.જી. (Kindergarten)થી પી.જી. (Postgraduation) સુધીનું શિક્ષણ' શબ્દપ્રયોગ ઘણો પ્રચલિત છે. તેનો સૂચિતાર્થ થાય છે : છેક આરંભના તબક્કાથી લઈને અંતિમ તબક્કા સુધીનું શિક્ષણ. બાળકોની ગ્રહણશક્તિનો વિકાસ અને માનસિક વિકાસ જેમ જેમ તેમની ઉંમર વધતી જાય તેમ તેમ થતો હોવાથી આધુનિક શિક્ષણની સમગ્ર પ્રક્રિયાને જુદા જુદા તબક્કાઓમાં વહેંચવામાં આવે છે. શિક્ષણના આરંભના તબક્કાઓમાં મુખ્યત્વે કક્કો, બારાખડી, આંક, જોડકણાં અને પ્રાથમિક કક્ષાની માહિતી વગેરે યાદ રાખવા પર વધુ ભાર મૂકવામાં આવે છે. પરંતુ, જેમ જેમ બાળકો એક પછી એક આગળના તબક્કાઓમાં પ્રવેશતાં જાય તેમ તેમ શિક્ષણની પ્રક્રિયા વધુ ને વધુ સંકુલ થતી જતી હોય છે અને તેમને વધુ ને વધુ આત્મનિર્ભર બનીને સ્વતંત્ર રીતે વિચારી શકે તેવી તાલીમ આપવામાં આવે છે. અને શિક્ષણના છેક છેલ્લા તબક્કામાં (એટલે કે અનુસ્નાતક કે પીએચ.ડી. કક્ષાએ) તો જ્ઞાનપ્રાપ્તિથી આગળ વધીને તેઓ સ્વતંત્ર રીતે સંશોધન કરીને જ્ઞાનનું ઉપાર્જન કરી શકે તેવી ક્ષમતા કેળવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

તેમ છતાં, ભારતની મોટા ભાગની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં હજુ પણ પરંપરાગત વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. વર્ગ ખંડોમાં શિક્ષક વ્યાખ્યાન આપીને માહિતી પૂરી પાડે છે અને વિદ્યાર્થીઓ ચૂપચાપ સાંભળી લે છે. પરંતુ, એકવીસમી સદીમાં ઝડપથી વિકસતા જ્ઞાન આધારિત સમાજ (knowledge society)માં શિક્ષક-કેન્દ્રી અભિગમ ધરાવતું આવું શિક્ષણ હવે અપ્રસ્તુત બની રહ્યું છે. આજના યુગમાં સમસ્યાઓના ઉકેલ માટે જરૂરી એવી સ્વતંત્ર અને વિવેચનાત્મક વિચારસરણીને મહત્ત્વ આપે તેવી કેળવણી અનિવાર્ય બની રહી છે, જ્યારે વ્યાખ્યાન પદ્ધતિ નિષ્ક્રિય શિક્ષણને પ્રોત્સાહન આપે છે. તે વિદ્યાર્થીઓની સંલગ્નતાને મર્યાદિત કરે છે તથા ઊંડી સમજણ અને વિવેચનાત્મક વિચારસરણીના વિકાસને અવરોધે છે.[૨]

આજના સમયમાં, ભારતીય શિક્ષણ પ્રણાલીએ, ખાસ કરીને ઉચ્ચ શિક્ષણના સંદર્ભમાં, સેમિનાર પદ્ધતિનો વિસ્તૃત ઉપયોગ કરીને વધુ ઇન્ટરેક્ટિવ અને વિદ્યાર્થી-કેન્દ્રિત શિક્ષણ-સંસ્કૃતિ વિકસાવવી અત્યંત આવશ્યક છે. તેથી વર્ગ ખંડને વધુ જીવંત કરવામાં મદદ મળી શકે છે. સેમિનાર પદ્ધતિથી વિદ્યાર્થીઓ માત્ર માહિતી યાદ રાખવાનું નહીં, પણ તેનું વિચારશીલ વિશ્લેષણ કરતાં પણ શીખી શકે છે. તેઓ પોતાનાં સ્વતંત્ર મંતવ્યો આત્મવિશ્વાસથી વ્યક્ત કરવાની અને તર્કપૂર્ણ ચર્ચા કરવાની ક્ષમતા પણ કેળવી શકે છે. વધુમાં, સેમિનાર પદ્ધતિ આધુનિક વિશ્વના જટિલ પડકારોનો સામનો કરવા માટે વિદ્યાર્થીઓમાં જરૂરી બૌદ્ધિક જિજ્ઞાસા વિકસાવવા માટે અને સમસ્યાઓનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવાની આવડત વધારવા માટે પણ ઉપયોગી થઈ શકે છે. વિદ્યાર્થીઓ સક્રિય સંવાદમાં સામેલ થઈને સ્વીકૃત ધારણાઓને પડકારવાનું કૌશલ્ય કેળવી શકે છે અને તેમના શીખવાના અનુભવને વધુ સમૃદ્ધ બનાવી શકે છે. વિશ્વીકરણવાળી દુનિયામાં શૈક્ષણિક અને વ્યાવસાયિક સફળતા માટે આવાં કૌશલ્યો હવે લગભગ અનિવાર્ય બની રહ્યાં છે. તદુપરાંત, આવી કેળવણી આપીને ભારતનાં વિશ્વવિદ્યાલયો મૌલિક સંશોધનોને ઉત્તેજન આપીને વૈશ્વિક સ્પર્ધામાં પોતાની ગુણવત્તા મોટા પ્રમાણમાં વધારી શકે છે, વિશ્વની શૈક્ષણિક સંસ્થાઓમાં મોખરાનું સ્થાન પણ મેળવી શકે છે.

વધુમાં, ભારત જેવા લોકશાહી દેશમાં સ્વતંત્ર અને આલોચનાવાદી વિચારસરણીનું મહત્ત્વ ઓછું આંકી શકાય નહીં. કારણ કે, એક તો લોકશાહી દેશમાં તાર્કિક સંવાદ અત્યંત જરૂરી હોય છે. બીજું, સદીઓ પુરાણી પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા, જ્ઞાતિ વ્યવસ્થા, ઊંચ-નીચના ખ્યાલ, તથા રાજાશાહી શાસન વ્યવસ્થા જેવાં અનેક પરિબળોને લીધે ભારતમાં ઑથોરીટીને પડકારવાની પરંપરા કમજોર છે. આ સંદર્ભે, મૌલિક રીતે વિચારીને પ્રસ્થાપિત માન્યતાઓ અંગે પ્રશ્નો પૂછવાની અને વિવેચનાત્મક તર્ક અને ખુલ્લા મનથી વિચારવાની તાલીમ આપતી સેમિનાર પદ્ધતિ અત્યંત ઉપયોગી છે. જિજ્ઞાસાપૂર્વકની પૂછપરછ તથા વિચારોની પ્રેમ-પૂર્વકની આપલે દ્વારા માનવજાતને સ્પર્શતી કોઈ પણ સમસ્યાનું આકલન કરી શકાય તેનો પણ આ સેમિનાર પદ્ધતિ નિર્દેશ કરે છે. કોઈ પણ સમાજમાં વિચારશીલ અને જાણકાર નાગરિકોના વિકાસ માટે આવા ગુણો જરૂરી છે. આથી સામાજિક એકતા મજબૂત બને છે અને ન્યાયી સમાજના સર્જન માટે અનુકૂળતા ઊભી થાય છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## સેમિનાર પદ્ધતિ : શિક્ષણના એક અભિગમ તરીકે તેનું મહત્ત્વ

૧૯મી સદીની શરૂઆતમાં જર્મનીમાં, ખાસ કરીને બર્લિન યુનિવર્સિટીમાં, આધુનિક સેમિનાર પદ્ધતિનો ઉદ્‌ભવ થયો હતો. ત્યાર બાદ, ઘણી જર્મન યુનિવર્સિટીઓએ પરંપરાગત વ્યાખ્યાન આધારિત શિક્ષણની મર્યાદાઓને દૂર કરવા સેમિનાર પદ્ધતિને અભ્યાસક્રમમાં શામેલ કરીને ઉચ્ચ શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધનમાં એક અભૂતપૂર્વ ક્રાંતિ આણી. પરંપરાગત વ્યાખ્યાન આધારિત શિક્ષણપદ્ધતિમાં જર્મન વિદ્યાર્થીઓ ફક્ત પ્રાધ્યાપકના વ્યાખ્યાન સાંભળતા અને ગોખણપટ્ટી કરતા. પરંતુ સેમિનાર પદ્ધતિએ તેમને સંશોધન અને વિવેચનાત્મક ચર્ચામાં જોડ્યા.[૩] અને ખૂબ જ ટૂંકા ગાળામાં જર્મન યુનિવર્સિટીઓએ સેમિનાર પદ્ધતિને કારણે વૈજ્ઞાનિક ક્ષેત્રમાં અભૂતપૂર્વ સફળતા મેળવી. જર્મનીની આવી સફળતાથી પ્રેરાઈને ૧૯મી સદીના અંતે યુનાઇટેડ સ્ટેટ્સ ઓવ અમેરિકાની યુનિવર્સિટીઓએ પણ સેમિનાર પદ્ધતિને અપનાવવાની શરૂઆત કરી.[૪] જેને કારણે યુ.એસ. પણ વૈજ્ઞાનિક શોધખોળમાં મોટી હરણ ફાળ ભરીને વિશ્વનો એક મહા સત્તા ગણાતો દેશ બની ગયો. આ હકીકતો શિક્ષણમાં સેમિનાર પદ્ધતિ અપનાવવાનું મહત્ત્વ બતાવે છે.

## સેમિનાર પદ્ધતિ

સેમિનાર પદ્ધતિ શિક્ષણનો એક એવો અભિગમ છે, જે ઊંડાણપૂર્વકની પૂછપરછ (detailed inquiry) અને તાર્કિક વિચાર-વિમર્શને ઉત્તેજન આપે છે અને બૌદ્ધિક સહભાગિતાના સિદ્ધાંતોને મૂર્તિમંત કરે છે. સમકાલીન શિક્ષણમાં, ખાસ કરીને યુ.એસ.એ. સહિત વિશ્વની અનેક પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં, સેમિનાર પદ્ધતિ વ્યાપક રીતે અપનાવવામાં આવે છે. આ પદ્ધતિ વિદ્યાર્થીઓને કોઈ પણ વિચારની નિષ્ક્રિય સ્વીકૃતિ કરવાને બદલે પૂછપરછ દ્વારા જ્ઞાન મેળવવા માટે પ્રોત્સાહિત કરે છે. સેમિનાર પદ્ધતિમાં પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીઓ પાસેથી સામાન્ય રીતે ચર્ચામાં સક્રિય-પણે ભાગ લેવાની, તેમના દૃષ્ટિકોણને સ્પષ્ટ કરવાની, તથા અભ્યાસ ગ્રંથોનું વિવેચનાત્મક વિશ્લેષણ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. આમ, વિદ્યાર્થીઓને આલોચનાત્મક રીતે વિચારવા અને સ્વીકૃત કે પ્રસ્થાપિત માન્યતાઓને પડકારવા માટે ઉત્તેજન આપતી સેમિનાર પદ્ધતિ વિચારોના સક્રિય વિનિમય પર આધારિત છે. તેમાં વિદ્યાર્થીઓ જ્ઞાનના માત્ર નિષ્ક્રિય ગ્રાહકો (ગ્રહણકર્તાઓ) નથી હોતા પણ જ્ઞાન ઉપાર્જનની અને નવિનીકરણની (innovation)ની પ્રક્રિયામાં સક્રિય સહભાગી પણ હોય છે.

તર્કશુદ્ધ વાદવિવાદ થકી સત્યની ખોજને ઉત્તેજન આપતી આ સેમિનાર પદ્ધતિ પર, ૧૨મી થી ૧૭મી સદી સુધી મધ્યયુગીન યુરોપિયન યુનિવર્સિટીઓમાં વપરાતી વિવાદ પદ્ધતિ (disputation method) તરીકે ઓળખાતી શિક્ષણ પ્રણાલીની સીધી અસર હતી.[૫] આ ''વિવાદ પદ્ધતિ'' પર પ્રાચીન ગ્રીક ફિલસૂફ સોક્રેટિસ (Socrates, ઈ. પૂ. ૪૬૯/૪૭૦-૩૯૯) દ્વારા વિકસાવવામાં આવેલ ''સંવાદ પદ્ધતિ'' અથવા વાદ-વિવાદ પદ્ધતિ (dialectical method)નો અને એરિસ્ટોટલે વિકસાવેલ તર્કશાસ્ત્રનો ઊંડો પ્રભાવ હતો.[૬] પરંતુ મધ્ય યુગ પછી, જેમ જેમ આધુનિક વિજ્ઞાનનો પ્રભાવ વધતો ગયો તેમ તેમ આ પ્રકારની મધ્ય યુગની વિવાદ પદ્ધતિ વિસંગત બનવા લાગી. અને તેને બદલે સેમિનાર પદ્ધતિ અપનાવવામાં આવી. વિવાદ પદ્ધતિની ખાસિયત એ હતી કે તેમાં થતી ચર્ચાઓમાં એરિસ્ટોટલ, બાઇબલ અથવા પાદરીઓના અધિકૃત (authoritative) ગ્રંથોના સંદર્ભોનો જ તાર્કિક ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ કે વિદ્વાનો વાદ-વિવાદ કરતા. તેથી વિપરીત, જર્મનીમાં વિકસેલી સેમિનાર પદ્ધતિમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વતંત્ર સંશોધન કરીને તારવેલા સિદ્ધાંતો પર વિદ્વાન પ્રાધ્યાપકના માર્ગદર્શન હેઠળ ખુલ્લી ચર્ચા થતી. જેમાં અધિકૃત વ્યક્તિ કે ગ્રંથને પ્રમાણભૂત (authority) માનવાને બદલે તર્કનો ઉપયોગ કરીને તથા પુરાવાઓ ઉપર આધારિત મૌલિક સંશોધનોની ચર્ચા પર વધુ ભાર મુકાતો. જર્મન યુનિવર્સિટીઓની આ નવી સેમિનાર પદ્ધતિએ મધ્ય યુગની યુરોપિયન યુનિવર્સિટીઓની વિવાદ પદ્ધતિના દ્વંદ્વાત્મક અને માત્ર વિવાદ પર ભાર મૂકતા ચર્ચાના ઔપચારિક માળખાને વધુ સહયોગી, સંશોધન-લક્ષી અભિગમમાં બદલી નાખ્યું. તેમાં પરંપરા દ્વારા સ્વીકૃત અધિકૃત ટિપ્પણીઓને બદલે પ્રાથમિક સ્રોતો (primary sources) પર આધારિત સંશોધન દ્વારા તારવેલ સિદ્ધાંતોની આલોચનાત્મક અને સહકારી ચર્ચા પર વધુ ભાર મુકાતો. જેથી વિચારોની મૌલિકતા અને નવીનતાને ઉત્તેજન મળતું.

સેમિનાર પદ્ધતિ પણ વિવાદ પદ્ધતિની માફક સોક્રેટિસની સંવાદ પદ્ધતિના સિદ્ધાંતો પર આધારિત છે. સોક્રેટિસ તેમના વાર્તાલાપકારો (interlocuters)ની સમજને તર્ક અને તથ્યો દ્વારા વધુ વિકસિત અને વાસ્તવલક્ષી કરવા પ્રશ્નો પૂછી પૂછીને સ્વીકૃત માન્યતાઓ અને ધારણાઓને પડકારતા. તેવી જ રીતે આધુનિક યુનિવર્સિટીઓમાં ઉપયોગમાં લેવાતી સેમિનાર પદ્ધતિ પણ વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપે છે, જેમાં વિદ્યાર્થીઓ પ્રશ્નોત્તરી દ્વારા ધારણાઓની આલોચનાત્મક તપાસની આસપાસ ફરતી ચર્ચાઓમાં જોડાય છે. સોક્રેટિસના સંવાદોની જેમ, સેમિનાર પદ્ધતિ પ્રશ્નો પૂછવા, ધારણાઓને પડકારવા અને જૂથ ચર્ચા દ્વારા વિચારોને સ્પષ્ટ કરવાના મહત્ત્વ પર ભાર મૂકે છે. તર્ક અને તથ્યો પર ધ્યાન કેન્દ્રિત કરીને, આ પદ્ધતિ વિદ્યાર્થીઓને વિચારશીલ પૂછપરછ દ્વારા નિષ્કર્ષ સુધી પહોંચવામાં મદદ કરે છે અને બૌદ્ધિક સ્વાયત્તતા તેમજ વિવેચનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપે છે. આ પદ્ધતિમાં શિક્ષકની ભૂમિકા વ્યાખ્યાતા કરતાં સહાયક અથવા માર્ગદર્શક તરીકેની વધુ હોય છે. શિક્ષક વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી અને રચનાત્મક સંવાદ દ્વારા જટિલ વિષયો અંગે ઊંડી સમજ વિકસાવવામાં સહાય કરે છે. વિદ્યાર્થીઓ ફક્ત શિક્ષક સાથે જ નહીં પરંતુ એકબીજા સાથે પણ વાર્તાલાપ દ્વારા જોડાય તેવા વાતાવરણને પ્રોત્સાહન આપીને સેમિનાર પદ્ધતિ શીખવા માટે સોક્રેટિસની સંવાદ પદ્ધતિનું અનુસરણ કરે છે.

જોકે, સેમિનાર પદ્ધતિ શિક્ષણની એક લવચીક પદ્ધતિ હોવા છતાં ભારત જેવા દેશમાં માત્ર ઔપચારિક અને દિશા વિહીન વાતચીત જેવું કર્મકાંડ ન બની જાય તે માટે સેમિનાર પદ્ધતિના મૂળભૂત સિદ્ધાંતોને સંપૂર્ણ રીતે સમજવા જરૂરી છે. અને તે માટે તેનું મૂળ જેમાં છે તે સોક્રેટિસની સંવાદ પદ્ધતિનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો અનિવાર્ય થઈ પડે છે. તેથી સોક્રેટિસની સંવાદ પદ્ધતિ પરની આ લેખમાળાનો હેતુ પ્રશ્નોત્તરી દ્વારા શિક્ષણ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આપવાની પદ્ધતિના આવા મૂળભૂત સિદ્ધાંતોનું નિરૂપણ કરવાનો છે.

સોક્રેટિસની સંવાદ પદ્ધતિ ફક્ત પ્રશ્નો પૂછવાની તકનિક કરતાં પૂછપરછનો એક વ્યાપક અભિગમ છે, જે સંવાદ દ્વારા વિચારોની સ્પષ્ટતા અને વિરોધાભાસોને દૂર કરવા પર ભાર મૂકે છે. સોક્રેટિસની સંવાદ પદ્ધતિનો પૂછપરછ, નમ્રતા અને સતત સંવાદ પરનો ભાર સેમિનારને નિષ્ક્રિય માહિતી-શેરિંગ સત્ર કે સામાન્ય અને નિરર્થક વાતચીતને બદલે વિચાર વિનિમય દ્વારા વિચારોના સતત પુનર્મૂલ્યાંકન કરવાનું કેન્દ્ર બનાવે છે. આમ, સોક્રેટિસની પદ્ધતિને સમજવાથી ફળદાયી સેમિનાર ચર્ચાઓનું માર્ગદર્શન કરવાની વ્યક્તિની ક્ષમતા પણ વધે છે. ખાસ કરીને આજના માહિતીના ફુગાવાવાળા અને ખોટી માહિતીને ઝડપથી ફેલાવતા જમાનામાં આ પદ્ધતિ અમૂલ્ય છે. કારણ કે, તે ખુલ્લા મનથી જુદા જુદા વિચારોની ઊંડી વિચારણા કરવા પ્રેરે છે. પરંતુ, આ સંવાદ પદ્ધતિની આધારશિલા સોક્રેટિસની ફિલસૂફી હોવાથી સૌ પ્રથમ આપણે તે ફિલસૂફીની ટૂંકમાં ચર્ચા કરીશું.

### સોક્રેટિસની ફિલસૂફી : જ્ઞાન અને સદ્‌ગુણીની શોધ

ફિલસૂફીના ઇતિહાસમાં સૌથી નોંધપાત્ર વિચારકોમાંના એક એવા સોક્રેટિસ પ્રાચીન ગ્રીસના એથેન્સ નગરના રહેવાસી હતા. તેમણે ક્યારેય એક પણ શબ્દ લખ્યો ન હતો, છતાં તેમના વિચારોની ગહન અસર આધુનિક ફિલસૂફી, શિક્ષણશાસ્ત્ર અને વિવેચનાત્મક વિચારસરણીની બૌદ્ધિક પરંપરાઓ પર આજે પણ જોવા મળે છે. તેમના વિદ્યાર્થીઓ અને સાથીદારો, ખાસ કરીને પ્લેટો (Plato, ઈ. પૂ. ૪૨૮/૪૨૭---૩૪૮/૩૪૭)[૭] અને ઝેનોફોન (Xenophon, ઈ. પૂ. ૪૩૦-૩૫૪)[૮]નાં લખાણો દ્વારા સચવાયેલી તેમની ફિલસૂફી, વિવેચનાત્મક પૂછપરછ, નૈતિક પ્રતિબદ્ધતા અને સત્યની અવિરત ખોજ માટે એક અટલ પ્રકાશસ્તંભ છે.

એથેન્સમાં જન્મેલા સોક્રેટિસ એક શિલ્પી, સોફ્રોનિસ્કસ (Sophroniscus) અને એક દાયણ, ફેનારેટ (Phaenarete)ના પુત્ર હતા. તેમના પ્રારંભિક શિક્ષણ વિશે બહુ ઓછું જાણવા મળે છે. છતાં, તેઓ તેમના સમયના બૌદ્ધિકોથી ખૂબ પ્રભાવિત હતા, જેમાં હેરાક્લિટસ (Heraclitus, ઈ. પૂ. ૫૪૦-૪૮૦)[૯] અને પરમેનાઇડ્સ (Parmenides, ઈ. પૂ. ૬-૫ સદી)[૧૦] જેવા પૂર્વ-સોક્રેટિક્સ (pre-Socratics) ઉપરાંત ઈ. પૂ. પાંચમી સદીની આસપાસ થઈ ગયેલ સોફિસ્ટ (Sophist)[૧૧] વિચારકોનો સમાવેશ થાય છે.

સોક્રેટિસની વાતચીત કરવાની પદ્ધતિ અનોખી હતી. તેઓ વારંવાર બજારમાં (અગોરા)[૧૨]જતા તથા એથેન્સના નાગરિકો સાથે વિવિધ વિષયો પર ચર્ચા કરતા. નીતિશાસ્ત્ર, ન્યાય, સદ્‌ગુણ, જ્ઞાન વગેરે અંગેની તેમની પૂછપરછ ઘણી વાર તેમના સમકાલીન લોકોને અસ્વસ્થ કરતી. સતત પ્રશ્નો પૂછવાની અને પરંપરાગત માન્યતાઓને પડકારવાની તેમની આદતે એક તરફ અનેક લોકોને તેમના પ્રશંસક બનાવ્યા, તો બીજી તરફ અનેક દુશ્મન પણ બનાવ્યા. અંતે એથેન્સના સત્તાવાળાઓએ તેમના પર યુવાનોને ભ્રષ્ટ કરવાનો અને અધર્મનો પ્રચાર કરવાનો આરોપ મૂકીને તેમને સમાજ માટે એક ભયજનક વ્યક્તિ જાહેર કર્યા અને મૃત્યુ દંડની સજા ફટકારી. પ્લેટો જેવા તેમના સમર્પિત મિત્રો અને શિષ્યોએ તેમને એથેન્સ શહેર છોડી અને બીજા કોઈ સ્થળે ભાગી જવાની સલાહ આપી. પણ તેઓ જે મૂલ્યો - સત્ય અને નીતિમત્તા- માટે જીવ્યા હતા તેમની દુહાઈ દઈને તેમણે હસતે મોંએ મૃત્યુનો સ્વીકાર કર્યો. તેથી જ આપણે કહી શકીએ, સોક્રેટિસ કદાચ વિશ્વના સૌથી પહેલા સત્યાગ્રહી હતા.[૧૩]

સોક્રેટિસની ફિલસૂફી તેમના સમયમાં જેમણે ખૂબ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી તેવા સોફિસ્ટ્સ (sophists)[૧૪] અથવા વાક્પટુ શિક્ષકોના અભિગમના વિરોધમાં વિકસી હતી. તેથી સોક્રેટિસની સંવાદ પ્રણાલીને સારી રીતે સમજવા માટે અહીં સોક્રેટિસના સમયના સોફીસ્ટ્સ તરીકે ઓળખાતા આવા શિક્ષકો વિષે થોડી જાણકારી મેળવવી ઉપયોગી થઈ પડશે.

### સોફિસ્ટ્સ:

''સોફિસ્ટ'' (Sophist) શબ્દ ગ્રીક શબ્દ ''સોફોસ'' (Sophos) પરથી આવ્યો છે, જેનો અર્થ ''જ્ઞાની'' અથવા ''કુશળ'' થાય છે. સોક્રેટિસના સમકાલીન એવા આ સોફિસ્ટ્સ ધંધાધારી શિક્ષકો હતા, જે પૈસા લઈને જુદા જુદા વિષયનું શિક્ષણ આપતા. જેમ જેમ એથેન્સમાં લોકશાહીનો વિકાસ થતો ગયો, તેમ તેમ જાહેર ભાષણ કરીને લોકોને પ્રભાવિત કરવાની કળાનું મહત્ત્વ વધતું ગયું હતું. તેની સાથે આવી કળાનું શિક્ષણ આપતા લોકોની માંગ પણ વધતી ગઈ હતી. પરિણામે સોફિસ્ટોને તેમનો વ્યવસાય વિકસાવવા માટે અનુકૂળ તક મળી ગઈ. તેઓ ઈ. પૂ. પાંચમી સદી દરમિયાન ઘણા પ્રભાવશાળી બની ગયા હતા. અને તેમણે ગ્રીસમાં નોંધપાત્ર રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક ફેરફારો કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. તેમના સમયના બૌદ્ધિક માહોલને ઘડવામાં પણ તેમણે અગત્યની ભૂમિકા ભજવી હતી. તેઓ તે સમયના ગ્રીસમાં એક શહેરથી બીજા શહેરમાં પ્રવાસ કરતા, પ્રભાવી ભાષણ કરવાની કળા (rhetoric) અને વ્યાકરણ સહિતના અનેક વિષયોનું શિક્ષણ આપતા. રાજકીય જીવનમાં ઉપયોગી એવી કુશળતાનું શિક્ષણ આપતા તેમના વ્યવહારુ અભિગમ માટે તેઓ જાણીતા હતા. તેમની શિક્ષણપદ્ધતિમાં બે મુખ્ય બાબતો પર ભાર મુકાતો : (i) વાક્ચાતુર્યયુક્ત પ્રભાવી ભાષણ કરવાની કળા (rhetoric), અને (ii) સાપેક્ષવાદ (relativism).

### (i) વાક્ચાતુર્યયુક્ત પ્રભાવી ભાષણ કરવાની કળા :

તેમના સમયના લોકશાહી ગ્રીસમાં, જાહેર પ્રવચનો દ્વારા નિર્ણય લેવાની પ્રક્રિયાઓને પ્રભાવિત કરવામાં આવતી. આથી છટાદાર ભાષણ કરવાની કળાને સમજાવટની એક કળા તરીકે ગણવામાં આવતી. અને તેમાં નિપુણતા કેળવીને નાગરિકોને પોતાની તરફેણમાં કરવા આ કળાનો અસરકારક ઉપયોગ થતો હતો. આવી કુશળતા કાયદાની અદાલતો, રાજકીય સભાઓ અને નાગરિક સમારંભોમાં પોતાના વિચારો, દલીલો અને મંતવ્યો વ્યક્ત કરવા માટે અનિવાર્ય માનવામાં આવતી. તેથી આવી કળામાં નિષ્ણાત ગણાતા સોફિસ્ટ શિક્ષકો તેમના વિદ્યાર્થીઓને આકર્ષક અને અસરકારક દલીલો કરવા અને જાહેર અભિપ્રાયને પ્રભાવિત કરવા માટે તાલીમ આપતા, અને તેમની સમજાવટની ક્ષમતા વિકસાવતા. આથી જાહેર જીવનમાં તેમના વિદ્યાર્થીઓની સફળતામાં વધારો થતો. પરંતુ, સાથે સાથે તેઓ તેમના વિદ્યાર્થીઓને નૈતિકતાને બદલે જાહેર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જીવનમાં યેન કેન પ્રકારેણ સફળ થવા માટે એવા તરીકા પણ શીખવતા કે સાચાને ખોટું અને ખોટાને સાચું સાબિત કરી શકે. તેથી તેઓ, માત્ર પૈસા બનાવવા માટે, સત્ય અને નૈતિકતાના ભોગે સફળતા પર વધુ ભાર મૂકે છે તેવી ટીકા સોક્રેટિસ જેવા તેમના સમકાલીન વિદ્વાનો દ્વારા થવા લાગી.

વધુમાં, તેમના શિક્ષણને વધુ અસરકારક બનાવવા માટે તેમણે સાપેક્ષવાદી ફિલસૂફી પણ વિકસાવી હતી.

**(ii) સાપેક્ષવાદ :**

ચતુરાઈપૂર્વકની વક્તૃત્વકળાને વધુ ધારદાર બનાવતી સોફિસ્ટોની સાપેક્ષવાદી (relativistic) ફિલસૂફી એક એવા દષ્ટિકોણને ઉત્તેજન આપતી હતી કે જે સાર્વત્રિક (universal) સત્યોની માન્યતાને પડકારતી હતી. તેઓની દલીલ હતી કે સત્ય અને નૈતિકતાના કોઈ સ્થાયી અને સાર્વત્રિક માપદંડો નથી હોતા; તે વ્યક્તિગત દષ્ટિકોણ અને પરિસ્થિતિના સંદર્ભ અનુસાર બદલાય છે. ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિ કહે કે અમુક વાસણમાં રહેલું પાણી ઠંડું છે અને બીજી વ્યક્તિ કહે કે તે જ વાસણનું પાણી ગરમ છે તો આ સાપેક્ષવાદી દષ્ટિકોણ પ્રમાણે બંનેની વાતને સાચી માનવામાં આવે. આમ સાપેક્ષવાદી દષ્ટિકોણ મુજબ સત્ય અને નૈતિકતા વસ્તુલક્ષી (objective) નહીં પણ વ્યક્તિલક્ષી (subjective) અને સાપેક્ષ છે, જે લોકોના ચોક્કસ સંજોગો અને વ્યક્તિગત દષ્ટિકોણ પર આધાર રાખે છે. સોફિસ્ટોની રીતે જોતાં દરેક વ્યક્તિ પોતાની રીતે સાચી જ હોય છે. આમ પોતાની વાતને સાચી ઠેરવવા માટે ભાષાનો આશ્રય લેવાનો, એટલે કે વાક્ચાતુર્યપૂર્ણ દલીલબાજી, વાક્છલ, વગેરે એમને માટે અગત્યનાં સાધનો બન્યાં.

## સોક્રેટિસનો અભિગમ : સત્ય અને સદ્‌ગુણની શોધ

સોક્રેટિસ માનતા હતા કે સોફિસ્ટોનો સાપેક્ષવાદ સત્ય અને નૈતિકતાની શોધ માટે અવરોધરૂપ ચાલાકી છે. તેથી તેનું ખંડન કરવા સોક્રેટિસે સત્ય અને નૈતિકતાને તર્ક અને તથ્યોના આધારે ચકાસી શકાય તેવા સાર્વત્રિક માપદંડો કે સિદ્ધાંતો વિકસાવવાનો આગ્રહ રાખ્યો. સોક્રેટિસ માટે, ફિલસૂફી એક એવો નૈતિક અને બૌદ્ધિક પ્રયાસ હતો જેનો હેતુ માત્ર યેન કેન પ્રકારેણ સફળ થવાને બદલે વ્યક્તિગત અને સામાજિક સદ્‌ગુણને પ્રોત્સાહન આપવાનો હતો. તેથી સોક્રેટિસ તેમની સંવાદ પદ્ધતિ દ્વારા મહદંશે અભિપ્રાય અથવા માન્યતા (doxa) અને સાચા જ્ઞાન (episteme) વચ્ચેનો તફાવત સમજાવવાનો પ્રયત્ન કરતા હોય છે. તેઓ દેખીતી રીતે સાચાં લાગતાં પણ વાસ્તવમાં ભૂલ ભરેલાં મંતવ્યોને પડકારીને સ્થાયી સત્યોને ઉજાગર કરવાનો પ્રયત્ન કરે છે. પ્લેટોએ લખેલ એક સંવાદ 'મેનો' (Meno)માં, સોક્રેટિસ આ ભેદને સ્પષ્ટ કરે છેઃ For true opinions, as long as they remain, are a fine thing and all they do is good, but they are not willing to remain long, and they escape from a man's mind, so that they are not worth much until one ties them down by (giving) an account of the reason why.[૧૫] અહીં સોક્રેટિસના કહેવાનો ભાવાર્થ એ છે કે કોઈ બાબત વિશે સાચો અભિપ્રાય રાખવો ઉપયોગી છે, પરંતુ અભિપ્રાય એ સાચું જ્ઞાન નથી. કારણ કે અભિપ્રાયો અસ્થિર હોય છે – તે બદલાઈ શકે છે અથવા અન્ય લોકો દ્વારા પ્રભાવિત થઈ શકે છે. પરંતુ, જ્યારે આવાં મંતવ્યોને સાચી સમજ, તર્ક, અને હકીકત દ્વારા સમર્થિત કરવામાં આવે છે, ત્યારે તે જ્ઞાન બની જાય છે અને તે વધુ વિશ્વસનીય અને ચિર સ્થાયી બની જાય છે. ઉદાહરણ તરીકે, તમે કોઈ અજાણ્યા શહેરમાં એક મંદિર તરફ જવાનો પ્રયાસ કરી રહ્યા છો. અને કોઈ તમને આકસ્મિક રીતે યોગ્ય રસ્તો બતાવે છે. જ્યાં સુધી તમે તે રસ્તો યાદ રાખો છો, ત્યાં સુધી તે ઉપયોગી છે. પણ તમે તે રસ્તો ભૂલી શકો છો અથવા બીજી કોઈ વ્યક્તિના જુદા દિશા-નિર્દેશથી મૂંઝવણમાં પડી શકો છો. પરંતુ જો તમારી પાસે તે શહેરનો નકશો હોય અને તે શહેરનો લે આઉટ તમે બરાબર સમજી લીધો હોય, તમે તે શહેરના રસ્તાઓ અને સીમા ચિહ્નોથી બરાબર વાકેફ હો, તો તે માર્ગ વિશેનું તમારું જ્ઞાન મજબૂત અને વિશ્વસનીય બને છે. તમે કોઈએ બતાવેલા રસ્તે ચાલો ત્યારે એમાં બુદ્ધિનું તત્ત્વ નથી હોતું, તમે કેવળ જે તે વ્યક્તિએ બતાવેલો રસ્તો સાચો હશે તેમ માનીને ચાલો છો. પણ જો તમે નકશાને આધારે ચાલો તો તમને એ રસ્તો શા માટે સાચો છે તેનું કારણ તમે બુદ્ધિપૂર્વક જાણો છો.

આમ, સોક્રેટિસ તેમના સંવાદોમાં વિવેચનાત્મક પૂછપરછ (inquiry) દ્વારા મંતવ્યોના કામચલાઉ સ્વભાવને અધોરેખિત કરે છે. અને તર્કસંગત સમજણ તથા સાચા જ્ઞાન (સત્ય)ની ખોજને સતત ચાલુ રાખવા માટે પ્રોત્સાહન આપે છે. માન્યતા અને જ્ઞાન વચ્ચેના તફાવત વિષેની સભાનતા સાથેની જ્ઞાનની આવી શોધને તેઓ એક સતત ચાલતી પ્રક્રિયા તરીકે જુએ છે. સાચી સમજણ કેળવવા માટેની આ અવિરત શોધ સોક્રેટિસની ફિલસૂફીનું અને તેમના સંવાદોનું કેન્દ્ર-બિંદુ છે, જે જટિલ પ્રશ્નોને ઉકેલવા વાસ્તે વિવેચનાત્મક વિચારસરણીના મહત્ત્વ પર ભાર મૂકે છે. અભિપ્રાય અને સાચા જ્ઞાન વચ્ચેનો સોક્રેટિસે કરેલો આવો ભેદ આધુનિક સમયમાં પણ વિવેચનાત્મક પૂછપરછ અને સત્યની શોધને પ્રેરણા આપતો રહે છે.

વણચકાસેલી માન્યતાઓની મર્યાદાઓને ઉજાગર કરીને તથા સત્ય કે જ્ઞાનની શોધને સમર્થન આપીને, સોક્રેટિસે બૌદ્ધિક વિકાસ ઉપરાંત નૈતિક સમજણ વિકસાવવા માટે પણ એક માળખું પૂરું પાડ્યું છે. તે માને છે કે ન્યાય, હિંમત, નીતિમત્તા, અને ધર્મનિષ્ઠા જેવા ગુણોનું સાચું જ્ઞાન યથાયોગ્ય નૈતિક નિર્ણયો લેવા માટે જરૂરી છે. સોક્રેટિસના મતે, નૈતિક ભૂલો ઘણી વાર આવા નૈતિક ખ્યાલો વિશેના વાસ્તવિક જ્ઞાનના અભાવને કારણે થાય છે. તેઓ માને છે કે જ્ઞાનની શોધને સતત ચાલુ રાખીને નૈતિક સિદ્ધાંતોની સ્પષ્ટ સમજ પ્રાપ્ત કરી શકાય છે, જે લોકોને વધુ ન્યાયી અને સમજદારીપૂર્વક વર્તવા સક્ષમ બનાવે છે. તેમનું એક અતિ પ્રચલિત કથન છે કે : જ્ઞાન એ જ સદ્‌ગુણ છે (knowledge is virtue). અર્થાત્, જે વ્યક્તિને સદ્‌ગુણની સાચી સમજ છે તે સામાન્ય રીતે અનૈતિક આચરણથી દૂર રહે છે. બીજા શબ્દોમાં, અનૈતિક આચરણ મહદંશે સદ્‌ગુણ અંગેના અજ્ઞાનનું પરિણામ હોય છે.

વધુમાં, અભિપ્રાય અને જ્ઞાન વચ્ચેના તફાવતને ઓળખવાથી

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગુજરાત સર્વોદય મંડળ : પરિચય

## એક બિરાદરી

ગુજરાત સર્વોદય મંડળ એક સંસ્થા કે સંગઠન કરતાં વિશેષ તો એક બિરાદરી છે. એક બિરાદરી તરીકે જ આ મંડળનો ઉદ્ભવ થયો, અને એક બિરાદરીના સ્વરૂપે જ આજ પર્યંત એ પાંગરતું રહ્યું છે.

આ બિરાદરી છે, સર્વોદયી સમાજરચના માટે મથનારા કાર્યકરોની. 'સર્વોદય' ગાંધી દીધો શબ્દ છે. ગાંધીએ રસ્કિનના 'અનટુ ધિસ લાસ્ટ' પુસ્તકનો ભાવાનુવાદ ગુજરાતીમાં પ્રગટ કર્યો, ત્યારે ૧૯૦૮માં 'સર્વોદય' શબ્દનો જન્મ થયો. 'વધારેમાં વધારે માણસોનું વધારેમાં વધારે ભલું'ની વાત તે વખતે વાતાવરણમાં હતી, તેનાથી ભિન્ન પુસ્તકના મર્મ સ્વરૂપ 'સર્વનો ઉદય'ની વાત 'સર્વોદય'માં શબ્દાંકિત થઈ ગઈ. માનવ-સમાજ સામે એક નવી વિચારધારા, એક નૂતન માનવીય અર્થશાસ્ત્ર ને સમાજશાસ્ત્ર પ્રસ્તુત થયાં.

ગાંધી જીવનભર, તથા ગાંધીની હત્યા બાદ વિનોબા સર્વોદયની આ ફિલસૂફીને ચરિતાર્થ કરવા મથ્યા. ૧૯૫૧માં ભૂદાન આંદોલનનો જન્મ થયો. સર્વોદયની દિશામાં આગળ વધવા માટે એક સગુણ-સાકાર પ્રત્યક્ષ કાર્યક્રમ હાથમાં આવ્યો. આ કાર્યક્રમને લઈને અહિંસક ક્રાંતિ માટેનું એક દેશવ્યાપી આંદોલન ઊભું થઈ ગયું. દેશભરમાં હજારો ભાઈ-બહેનો આમાં ભળ્યાં. આ બધા કાર્યક્રમોના કામનું સંયોજન રાષ્ટ્રીય કક્ષાએ સર્વ સેવા સંઘ મારફત થયું.

ગુજરાતમાં આ કામની પહેલ ૧૯૫૨થી થઈ. તેમાં અગાઉ સ્વરાજના આંદોલનમાં ભાગ લીધેલા તપસ્વી વડીલો પણ હતા, અને સ્વરાજ બાદના આ પહેલાં લોક-આંદોલનથી સ્પંદિત થઈ ઊઠેલા નવલોહિયા યુવાનો પણ હતા. શરૂમાં સાતેક વરસ ગુજરાતના આ બધા કાર્યકરો કોઈ પ્રસ્થાપિત મંડળ વિના જ કામ કરતા રહ્યા. જિલ્લે જિલ્લે એક એક સંયોજક જવાબદારી ઉપાડતો. ગુજરાતના સમગ્ર કામનું સંયોજન દર મહિને સાતમી તારીખે મળતી કાર્યકરોની 'સપ્તમી સભા' દ્વારા થતું. આમ, ગુજરાત સર્વોદય મંડળને સંસ્થાના જડબેસલાક ચોકઠા વિનાની એક બિરાદરીની ભાવના અને કાર્યપદ્ધતિ ગળથૂથીમાંથી મળી છે.

સાતેક વર્ષ બાદ ૧૯૫૯માં આ બધા કાર્યકરોની એક વિધિવત્ સંસ્થા 'ગુજરાત સર્વોદય મંડળ' અસ્તિત્વમાં આવી. તેમાંયે કોઈ પણ જાતના બંધારણીય ચોકઠામાં કે સંસ્થાકીય ખટાટોપમાં જકડાયા વિના કામના સંયોજન પૂરતું સંગઠન ચલાવવાની કોશિશ થાય છે. અહિંસાના સંગઠનનું સ્વરૂપ કેવું હશે, તે માટેનો આ એક પ્રયોગ ચાલે છે -અહિંસક ક્રાંતિ માટેની બિરાદરીનો પ્રયોગ.

## સમાજ-જીવનમાં યત્કિંચિત્ ફાળો

મંડળ ગુજરાતના જાહેર જીવનમાં સક્રિય રહ્યું છે. અનેકવિધ કામો તેણે કર્યાં છે.

ગુજરાતભરમાંથી ૧૮,૩૨૭ દાતાઓ પાસેથી કુલ ૧,૦૩,૫૩૦ એકર જમીન ભૂમિદાનમાં મળી. આમાંથી ૫૦,૯૮૪ એકર જમીન ૧૦,૨૭૦ ભૂમિહીનોને વહેંચી આપવામાં આવી. હળ, બળદ, ખેતીનાં ઓજારો, કૂવા વગેરે માટે એમને સાધનદાન પણ અપાયું. આમાં મોટા ભાગના ભૂમિહીન હરિજનો ને આદિવાસીઓ હતા. આમ, સમાજના સૌથી છેવાડાનાં શ્રમજીવી ૧૦ હજાર કુટુંબોને મહેનત કરીને રોટલો રળવાનું સાધન મળ્યું. કેટલાકે તો ખૂબ મહેનત કરીને પોતાને મળેલ જમીનનો ઘણો વિકાસ પણ કર્યો.

ગામનો એક પરિવાર બનાવવાનો અને ગામને સ્વ-નિર્ભર કરવાનો ગ્રામદાનનો કાર્યક્રમ ઉપાડાયો. ગુજરાત આખામાં તેનો વ્યાપક પ્રચાર થયો. કેટલાક પ્રયોગો પણ થયા તથા ગ્રામસ્વરાજનો વિચાર લોકમાનસમાં ઉતારવા સતત કોશિશ થઈ.

શાંતિસેનાનું કામ પણ થયું. મહાગુજરાત આંદોલન તેમજ નવનિર્માણ આંદોલનનાં તોફાનો, ભાષાકીય તોફાનો તથા કોમી રમખાણો વખતે મંડળના કાર્યકરો અશાંતિ-શમન માટે બને તેટલો પ્રયત્ન કરી છૂટ્યા. ૧૯૬૯નાં રમખાણો વખતે અમદાવાદમાં વરસ-દોઢ વરસ પુનર્વસવાટ અને રાહતનાં કામો પણ કર્યાં.

સમાજના નાના-મોટા પ્રશ્નો અને ઘટના-પ્રવાહોમાં મંડળે યથાશક્તિ રસ લઈને સર્વોદયની દષ્ટિએ ભાગ ભજવવાનો પ્રયત્ન કર્યો. કેટલાક પ્રસંગોએ સત્યાગ્રહ પણ કર્યા.

૧૯૭૪માં જયપ્રકાશજીના આંદોલનમાં મંડળે આગળ પડતો ભાગ ભજવ્યો. અને જ્યારે દેશમાં કટોકટી જાહેર થઈ, ત્યારે આનો ગમે તે ભોગે વિરોધ કરીશું એવા દઢ નિરધાર સાથે મંડળ સરકાર સામે ઝઝૂમ્યું. મંડળના કેટલાક કાર્યકરોને જેલમાં ગોંધી દેવાયા, જપ્તી આવી, બબ્બે પ્રેસને સીલ વાગ્યાં, છતાં સેન્સરશિપનો હરગિજ સ્વીકાર કર્યા વિના 'ભૂમિપુત્ર' તેમજ પુસ્તકોનું પ્રકાશન મંડળ કરતું રહ્યું.

અનેક પ્રસંગે સેવાનાં ને રાહતનાં કામોની જવાબદારી પણ મંડળે ઉપાડી. દુકાળ, રેલ, ભૂકંપ જેવી કુદરતી આફતો વખતે, ગુજરાતમાં તેમજ ગુજરાત બહાર પણ મંડળના કાર્યકરોએ દોડી જઈને પોતાનાથી બનતું કરી છૂટવાની કોશિશ કરી.

રાષ્ટ્રીય ક્ષેત્રે સર્વ સેવા સંઘની ઘણી જવાબદારી પણ મંડળના સાથીઓએ ઉપાડી.

## લોકમાનસમાં વિચાર-બીજની વાવણી

સર્વોદય આંદોલન વિચાર ક્રાંતિનું આંદોલન છે. આ એક વ્યાપક લોકશિક્ષણનું કામ છે. લોક-કેળવણી કરતાં-કરતાં લોકોના વિચારોમાં, માનસમાં, મૂલ્યોમાં પરિવર્તન લાવીને સમાજને સર્વોદયી સમાજરચનાની દિશામાં આગળ વધારવાનું આપણું મિશન છે. તેથી મંડળની મુખ્ય પ્રવૃત્તિ વિચાર-પ્રચારની રહી છે.

આખા ગુજરાતમાં જિલ્લે-જિલ્લે નાની-મોટી પદયાત્રાઓ તેમજ ગુજરાતવ્યાપી સળંગ યાત્રાઓ પણ ચાલતી. તેને લીધે દૂરદૂરનાં ઊંડાણનાં ગામડાંઓ સુધી પહોંચીને વ્યાપક લોક-સંપર્ક થઈ શક્યો છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આવી જ રીતે શિબિરો, સંમેલનો, ગોષ્ઠીઓ ને વાર્તાલાપો દ્વારા પણ સતત વિચારપ્રચાર થતો રહે છે. નવા વિચારોની વિશદ્ છણાવટ તેમજ વ્યાપક પ્રચારમાં શિબિર-સંમેલનો ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે.

વિચાર-પ્રચાર અને લોકસંપર્કનું કામ મંડળના મુખપત્ર 'ભૂમિપુત્ર', સર્વોદય પ્રેસ સર્વિસ તેમજ સર્વોદય સાહિત્યનાં વિવિધ પુસ્તકોના પ્રકાશન દ્વારા પણ સાતત્યપૂર્વક થતું રહ્યું છે. ૧૯૫૩માં શરૂ થયું ત્યારથી માંડીને આજ સુધી 'ભૂમિપુત્ર'ની પદ (શબ્દ)યાત્રા અખંડ ચાલતી રહી છે. ગુજરાતનાં ગણ્યાંગાંઠ્યાં વિચારપત્રોમાં ભૂનુંયે એક સ્થાન છે. વચ્ચે ત્રણેક વરસ 'ક્ષિતિજ' માસિક પણ ચલાવેલું, જે ગુજરાતનાં સાહિત્યિક ને બુદ્ધિજીવી વર્તુળોમાં અમીટ છાપ મૂકતું ગયું છે.

મંડળના યજ્ઞ પ્રકાશન દ્વારા ઘણું સાહિત્ય નિર્માણ થયું છે. અત્યાર સુધીમાં લગભગ ચારસો જેટલાં પ્રકાશનો થયાં છે અને તેમાંથી લગભગ ૨૦ પુસ્તકો એવાં છે જેની ૧૦-૧૫ કે તેથી વધુ આવૃત્તિ-પુનર્મુદ્રણ થયાં હોય અને ૨૪ પુસ્તકો એવાં છે જેની ૨૫૦૦૦ ઉપરાંત નકલ છપાઈ હોય. આ બધા સાહિત્યની હજારો નકલો ખાસ કોઈ વિક્રેતા એજન્સી વિના નાની-મોટી યાત્રાઓમાં તેમજ વ્યાપક લોકસંપર્ક કરીને ઉત્સાહી ને કર્મઠ કાર્યકરોએ વેચી છે. સર્વોદય વિચાર સાથે તાલમેલ ધરાવતા બર્ટ્રાન્ડ રસેલ, એરિક ફ્રોમ, વિલિયમ બ્રાયન, એલવિન ટોફલર, ફ્રિટજોફ કાપ્રા, શુમાખર, વુલ્ફગાંગ, માઈકિન સોરેનસન વગેરે દુનિયાના માનવતાવાદી વિચારકોની કેટલીક કૃતિઓ યજ્ઞ પ્રકાશને ગુજરાતીમાં રૂપાંતરિત કરીને સમાજ સમક્ષ મૂકી છે.

વિચાર-પ્રસાર અને લોકશિક્ષણનાં માધ્યમો દ્વારા સાંપ્રત ઘટના-પ્રવાહોની તેમજ દેશ-દુનિયાની પરિસ્થિતિની સમીક્ષા તથા તે અંગે સર્વોદયના દષ્ટિકોણની રજૂઆત કાયમ થતી રહી છે. જાહેર પ્રશ્નોમાં ને ઘટનાઓમાં મંડળ પ્રત્યક્ષ ભાગ લેતું રહ્યું છે.

સરવાળે, સર્વોદયના વિચાર-બીજની વાવણી ને સિંચન-સંગોપન મંડળ કરતું રહ્યું છે.

## સર્વોદયનો બૃહદ્ પરિવાર

મંડળ હવે પોતાના નામ સુધી જ સીમિત નથી રહ્યું. નામને વટાવી જઈને મંડળનું કામ વિસ્તરતું રહ્યું છે. મંડળના જ કેટલાક સભ્યોએ અન્ય નામે પણ સર્વોદયના જ વિસ્તાર સમી વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી છે અને ઘણી વિકસાવી છે. મંડળના કેટલાક અન્ય મિત્રો પણ સર્વોદયને પૂરક એવી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. સર્વોદયની વિચારસરણીમાંથી પ્રેરણા લઈને કેટલાંક યુવક-યુવતીઓ ચીલાચાલુ વ્યવસાય, કેરિયર વગેરેનો મોહ છોડી નાની-મોટી સર્વોદયલક્ષી જાતજાતની પ્રવૃત્તિઓ લઈને ગામડાંમાં જઈ બેઠાં છે. આ બધો સર્વોદયનો જ બૃહદ્ પરિવાર છે. આમાંની કેટલીક પ્રવૃત્તિ ઉલ્લેખનીય છે.

ગુજરાત લોકસમિતિ અનેક લોકપ્રશ્નોને વાચા આપવાનું, લોકજાગૃતિ ને લોકસંગઠનનું, અન્યાય-નિવારણ માટે લોક-સંઘર્ષ ચલાવવાનું કામ કરી રહી છે. વેડછીમાં સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય કાર્યકરોના પ્રશિક્ષણનું તેમજ અણુઊર્જાનાં જોખમો વિશે લોક-જાગૃતિનું કામ કરી રહ્યું છે. માનવીય ટેકનોલોજી ફોરમ માનવીય ટેકનોલોજીના સંશોધન તેમજ ખાસ કરીને એન્જિનિયર મિત્રોને સર્વોદય વિચારસરણીનો રંગ લગાડવા માટે કાર્યરત છે. જતન ટ્રસ્ટના મિત્રો સજીવ ખેતીની વાતને બુલંદપણે સમાજ સમક્ષ મૂકી રહ્યા છે તથા પ્રત્યક્ષ પ્રયોગો કરી રહ્યા છે. આ બધા મિત્રો દ્વારા પોતાની પ્રવૃત્તિઓના સંદર્ભમાં 'લોકસ્વરાજ', 'અણુમુક્તિ', 'માનવીય ટેકનોલોજી ફોરમ', 'જતન', સ્ત્રી શક્તિ જાગૃતિ અંગે 'ચિનગારી' સામયિકો પણ પ્રગટ કર્યાં છે.

સર્વોદય પરિવાર ટ્રસ્ટ ધરમપુરના ડુંગરાળ વિસ્તારમાં આદિવાસી પ્રજાના સર્વાંગી ઉત્કર્ષ માટે સાડા પાંચ દાયકાથી એકધારું મથી રહ્યું છે. ભરૂચ જિલ્લામાં 'પ્રયાસ'ના મિત્રો સર્વાંગીણ ગ્રામવિકાસ તેમજ ગ્રામ-આયોજનમાં લોકોની ભાગીદારી માટે પ્રયાસ કરી રહ્યા છે. રાજકોટ જિલ્લામાં ગોકુલ ગોસદન-અરણી ગોરક્ષાનું ને ગોપાલનનું કામ કરી રહ્યું છે. વડોદરામાં ગોત્રીમાં નિસર્ગોપચાર કેન્દ્ર ચાલે છે. સાબરકાંઠામાં સેવા મંડળ-મેઘરજ, કચ્છમાં ગ્રામસ્વરાજ સંઘ-નીલપર વગેરે ભગિની સંસ્થાઓ પણ ગ્રામોત્થાનને લગતી પ્રવૃત્તિઓ કરી રહી છે. આ ઉપરાંત, રાજકોટ જિલ્લામાં ઢેઢુકી ગામે અને મુખરડા ગામે, ભરૂચ જિલ્લામાં કાટિંદ્રા, જૂના મોઝદા અને સાકવા ગામે તથા મહેસાણા જિલ્લામાં નવલોહિયા યુવા મિત્રો બેસીને પોતાનાં રસ-રુચિ, શક્તિ-મતિ મુજબ પ્રવૃત્તિ કરી રહ્યા છે.

આ બધી સર્વોદયની બૃહદ્ બિરાદરી છે.

સંપર્ક : કૃષ્ણકાંત ચૌહાણ, પ્રમુખ : ગુજરાત સર્વોદય મંડળ,
મો.: ૯૪૨૬૬૦૮૦૭૫ કાર્યાલય - ભૂમિપુત્ર કાર્યાલય, હિંગળાજમાતાની વાડી, હુજરાતપાગા, વડોદરા-૩૯૦૦૧.

---

**મનને જાણીએ...** (પાન ૩નું ચાલુ)

મનુષ્યના ચિત્તમાં એવા કેટકેટલાય વિકારો ને કેટલાય રોગો પડ્યા છે, જે નિઃશંકપણે શ્રદ્ધાથી દુરસ્ત થઈ જતા હોય છે. જે કોઈ ઔષધોથી સાજા થતા નથી. એટલા માટે મનુષ્યના ચિત્ત પર કેવી રીતે કાબૂ મેળવવો - આ પ્રશ્નનો ઉત્તર કોઈ નીતિશાસ્ત્ર કે સમાજશાસ્ત્ર પાસેથી મળશે નહીં. આ એક આધ્યાત્મિક ક્ષેત્ર છે.

માણસના ચિત્તમાં ઘણા પ્રકારની ગંદકી પડી છે. ગંદકી વગરનું મન હોવું એ મુશ્કેલ બાબત છે. ચિત્તમાં કામ-ક્રોધાદિ એકેય વિકાર જ ન આવે - તેવી સ્થિતિએ પહોંચવું ખૂબ કપરું કામ છે. પણ તેમ છતાંય એ જ કરવા જેવી યોગ્ય વાત છે. માણસના જન્મની સાર્થકતા પણ આમાં જ રહી છે કે જે ભલે અત્યંત કપરું - કઠણ હોય, પણ એને પાર કરવું. કોઈ પણ પુણ્યકાર્યનો, સત્કાર્યનો, ધર્મકાર્યનો કોઈ પણ પ્રભાવ આપણા ચિત્ત પર ન હોય અને ન તો કોઈ પણ વસ્તુના અભાવથી આપણું ચિત્ત દુઃખી થાય - આ રંગહીનતાની સ્થિતિ છે. પરંતુ આપણું ચિત્ત પુણ્યકાર્યોથી પણ મુક્ત હોય, આ અત્યંત મુશ્કેલ વાત છે.

(ક્રમશઃ)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# કોમવાદ અને જાતિવાદને નાથશે આશાવાદ....

**આ**પણા સંવિધાનના આમુખમાં ન્યાય, સ્વતંત્રતા, સમતા અને બંધુતાના આદર્શો આલેખ્યા છે. મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે તેમ જ દરેક નાગરિક કોઈ પણ જાતના ભેદભાવ વગર આ અધિકારો ભોગવી શકે તે માટે સમયાંતરે કાયદાઓ અને નિયમો ઘડવામાં આવ્યા છે. 'Rule of Law' સ્થાપવા માટે સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવ્યા ! બાકી હતું તે માનવઅધિકાર પંચની રચના કરવામાં આવી. જોકે તેને ચૂંટણી પંચ કે ઓડિટર એન્ડ કોમ્પ્ટ્રોલર જનરલ જેવી સત્તા ન અપાઈ. પરિણામે તે 'કાગળનો વાઘ' પુરવાર થયું. તેને માત્ર ભલામણ કરવાની જ સત્તા છે.... એક વધુ નિવૃત્ત અધિકારી અને તેના હાથ નીચેનું તંત્ર લોકોના કરવેરામાંથી નિભાવાશે.

માનવ-અધિકારોમાં 'જીવવાનો અધિકાર (રાઈટ ટુ લાઈફ) સૌથી મહત્ત્વનો છે. બંધારણનો અનુચ્છેદ ૨૧ ખૂબ સ્પષ્ટ છે : 'કોઈ પણ વ્યક્તિને, કાયદાથી નિયત થયેલી પ્રક્રિયા સિવાય તેના જીવન અને વ્યક્તિ સ્વાતંત્ર્યથી વંચિત કરી શકાશે નહીં.' આપણા દેશની વાત કરીએ તો બંધારણીય દૃષ્ટિએ 'જીવવાનો અધિકાર' મહત્ત્વનો હોવા છતાં ગરીબો અને વંચિતો તે આસાનીથી ભોગવી શકે એવી સ્થિતિ નથી. રોજગારી, જીવનયોગ્ય વેતન, શિક્ષણ, ચોખ્ખું પાણી, આરોગ્યની સવલતો, આવાસ, વસ્ત્ર જેવી પાયાની જરૂરિયાતો સંતોષાય તે વિશેષ અગત્યનું છે.

○ કબીર કહે છે :

કહ હિંદુ મોહીં રામ પિયારા, તુરુક કહૈ રહિમાના;
આપસ મેં દોઉ લરી લરી મુએ, મરમ ન કાહુ જાના.

○ 'વૈષ્ણવજન' ભજનમાં નરસિંહ મહેતા માનવગુણો વર્ણવે છે.

○ કવિ કહે છે : હું માનવી, માનવ થાઉં તો ઘણું !

○ મનુભાઈ પંચોળી 'દર્શક' ચિંતા વ્યક્ત કરે છે : ભારતમાં હિંદુ-મુસ્લિમ, ગુજરાતી-મરાઠી-મદ્રાસી વગેરે છે પણ નાગરિક ક્યાં છે?

○ માનવવાદ અને માનવ અધિકારો પુસ્તિકામાં લૉ કૉલેજના નિવૃત્ત આચાર્ય અશ્વિનકુમાર ન. કારીઆ લખે છે :

- ઐતિહાસિક રીતે માનવવાદ યુરોપના રેનેસાં કાળ દરમિયાન ઉત્પન્ન થયેલ હોવાનું માનવામાં આવે છે. તેની શરૂઆત ૧૪મી સદીમાં ઈટલીમાં થઈ હતી.

- આધુનિક અર્થમાં માનવવાદ એટલે નિસર્ગાતીત ધાર્મિક માન્યતાઓ ઉપર આધાર રાખ્યા સિવાય માણસની પ્રગતિ માટેની ચળવળ. માનવવાદમાં એ ગર્ભિત છે કે વૈજ્ઞાનિક જ્ઞાનથી ધર્મ હવે અપ્રસ્તુત બની ગયેલ છે.

- એમ.એન.રૉયના નવમાનવવાદની વિચારસરણીને નીચે મુજબ વિભાજિત કરી શકાય :

(૧) સામાજિક ક્રાંતિ માટે સાંસ્કારિક ક્રાંતિ એ મૂળભૂત પૂર્વશરત.

(૨) સંસદીય લોકશાહી કે સામ્યવાદનો વિકલ્પ, સંયોજિત લોકશાહીનો વિચાર.

(૩) જે આધ્યાત્મિક રીતે મુક્ત માનવીને પોતાને માટે સત્તા હસ્તગત કરવાને બદલે પ્રજા પાસે જ એ સત્તા રહે એવું પક્ષવિહીન રાજકારણ.

(૪) પાયાની ક્રાંતિ; નહિ કે પક્ષો દ્વારા સત્તાપ્રાપ્તિ માટેની ઉપરથી આણેલ ચીલાચાલુ ક્રાંતિ. અને,

(૫) મૂડીવાદ અને રાજ્યની માલિકીવાળા આર્થિક માળખાવાળી ઉત્પાદનની વૈકલ્પિક સહકારી ધોરણની માલિકીવાળી અર્થવ્યવસ્થા.

સૈકાઓથી પ્રવર્તતી વર્ણવ્યવસ્થાના કારણે સામાજિક ન્યાયની દૃષ્ટિએ પણ માનવઅધિકારનું પ્રવર્તન અનિવાર્ય છે. એ માટે કોઈ પણ કલ્યાણકારી કાર્યનો લાભ સમાજના બિલકુલ છેવાડે રહેલાને મળવો જોઈએ એવું ગાંધી કથિત તાવીજ પણ ઉમેરવું રહ્યું.

*

ઘડિયાળના લોલક જેવી ગતિ છે. સમયમાપન માટે તે ઠીક છે. પરંતુ માનવસભ્યતાની ગતિ આગળ અને ઊર્ધ્વગામી હોવી ઘટે.

ભારતની પરિસ્થિતિ વિષમ અને વિશિષ્ટ છે. ભલે બંધારણ અમલમાં આવ્યાને ૭૧ વર્ષ થયાં પણ બંધારણની ચર્ચા વેળા 'આપણી પાસે મનુસ્મૃતિ જેવો ગ્રંથ છે પછી અલગ બંધારણની શી જરૂર' એવો પ્રશ્ન ઉઠાવનારા આજે સત્તાસ્થાને છે. થોડા દિવસ અગાઉ આપણે સહુએ ગણતંત્ર દિવસ મનાવ્યો. તે જ દિવસે વડાપ્રધાન, ગૃહપ્રધાન સાથે તેની તસ્વીરો જોવા મળી, તેણે લાલ કિલ્લા પર ભગવો લહેરાવ્યો. આ મુદ્દે જોકે વડાપ્રધાને વ્યથા પ્રગટ કરી પરંતુ તેઓ જે સંઘપરિવાર સાથે સંકળાયેલા છે તેના નાગપુર હેડક્વાર્ટર પર રાષ્ટ્રધ્વજ ક્યારથી લહેરાતો થયો ? આ લેખના બીજા ફકરામાં જે સમસ્યાઓનો ઉલ્લેખ કર્યો છે એ તો છે જ પણ મનુસ્મૃતિ કથિત જાતિભેદ તેમજ સંઘપરિવાર પ્રચારિત કોમવાદને કારણે સમગ્ર દેશ અને સમાજ ઊભો-આડો વહેંચાયેલો છે. તેમાં વળી, ચૂંટણીઓ જીતવા માટે રાજકીય પક્ષો માટે આ બંને મુદ્દા સદાય હાથવગા હોય છે.

ભારતને આઝાદી મળી પણ કોમવાદની વેદી પર ગાંધીજીની આહુતિ લેવાઈ ! આજે વિશેષ પીડા એ વાતે અનુભવાય છે કે ગાંધીજીના હત્યારાનું ત્રીસમી જાન્યુઆરીએ મહિમાગાન થાય છે. ગોડસેને બિરદાવનાર સાધ્વી પ્રજ્ઞાને ભાજપા સાંસદ તરીકે પસંદ કરે છે અને તે ચૂંટાઈ આવે છે! એ દિવસે ગાંધીહત્યાનું નાટક ભજવાય છે; જ્યાં ભાજપાની જ રાજ્ય સરકાર છે !!

ભાજપાના આગેવાનોનો પ્રિય શબ્દ 'ટુકડે ટુકડે ગેંગ' છે ! કોમવાદી વિચારધારાથી ઠેર ઠેર 'ઘેટ્ટો' ઊભા થયા છે. એની પાછળ મતોનું ધ્રુવીકરણ પણ કારણ છે અને પરિણામે.... માણસને માણસ તરીકે જોવાતો જ

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# બિહારમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા

**૨૫** જૂન, ૨૦૨૫ના રોજ ભારતમાં ચૂંટણી પંચે બિહાર રાજ્યમાં સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (મતદાર યાદીની ખાસ ચકાસણી) શરૂ કરી. આમ તો મતદાર યાદીની ચકાસણી એ આખું વર્ષ ચાલતી સતતની પ્રક્રિયા હોય છે. તે સિવાય વખતો વખત ચૂંટણી પંચ દ્વારા તે અંગે ખાસ ઝુંબેશ પણ ચલાવવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં મતદાર યાદી ચકાસણીમાં જે લોકો અન્ય સ્થળોએ રહેવા ગયા હોય તેમનાં નામ ટ્રાન્સફર કરવાં, જે ગુજરી ગયા હોય તેમનાં નામ કમી કરવાં અને જે નવા મતદાર બન્યા હોય તેમનાં નામ ઉમેરવાનું કામ થાય છે.

ચૂંટણી પંચના કહેવા મુજબ આ સ્પેશ્યલ ઇન્ટેસિવ રિવિઝન (SIR) બિહારથી બહાર વસતા લોકો, મૃત લોકો અને ડુપ્લીકેટ નોંધણી થઈ હોય તેવા મતદારોનું નામ કાઢવા માટે છે, પણ SIR ની પ્રક્રિયા અને ડોક્યુમેંટની માંગણી પરથી સાબિત થાય છે કે મતદાર યાદીમાં નોંધાયેલ વ્યક્તિ નાગરિક છે કે નહીં ? તે ચકાસવા માટેનું આ અભિયાન છે.

### SIRની પ્રક્રિયા

○ બિહારની મતદાર યાદીમાં જે લોકો છે તેમાં ૧૯૮૭ પછી જન્મેલા બધાએ પોતાનું નાગરિકત્વ સાબિત કરતા માન્યતાપ્રાપ્ત પુરાવા દર્શાવવા પડશે.

○ ૨૦૦૩ પછી નોંધાયેલા તમામ મતદારોનાં નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યાં છે, એટલે તે તમામે નવેસરથી નોંધણી કરાવવી પડશે.

○ નાગરિકતાના પુરાવા એટલે જન્મ સ્થળ, જન્મ તારીખ અથવા બંને દર્શાવતા પુરાવા જોઈશે. અહીં 'અથવા બંને' શબ્દ વપરાયેલો છે, એટલે મોટેભાગે દર્શાવેલ બંને પુરાવા માટે તંત્ર આગ્રહ રાખશે, રાખી શકશે. જન્મની તારીખ/દર્શાવતો પુરાવો એટલે કે 'જન્મનો દાખલો'. અથવા ૧૦મા ધોરણનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર.

○ રહેઠાણના પુરાવામાં આધાર કાર્ડ, પાન કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઇસન્સ, રેશન કાર્ડ, બેંક/પોસ્ટ ઑફિસ પાસબુક, પેન્શન દસ્તાવેજ, વીજળી-પાણીનું બિલ (૬ મહિનાની અંદર), રજિસ્ટર્ડ ભાડાપટ્ટો, મિલકતના કાગળ વગેરે પણ માન્ય છે. વિચરતી અને વિમુક્ત જાતિના સમુદાયો માટે જાતિ પ્રમાણપત્રો કે સરકારી અધિકારીથી મંજૂર પ્રમાણપત્ર.

### ચકાસણીની પદ્ધતિ

○ મતદાર યાદીની ચકાસણી માટે BLO (Booth Level Officer) ઘેર-ઘેર જઈને એક ફોર્મ આપે છે. ફોર્મ સાથે ઉપર મુજબના પુરાવા આપવા પડે છે.

○ ઉપરોક્ત દસ્તાવેજો સાથે આ ફોર્મ ઓનલાઈન પણ અપલોડ કરી શકાય છે.

○ તેના ઉપરથી એક સૂચિત યાદી બહાર પાડવામાં આવશે, જેમાં પોતાનું નામ ચકાસી સુધારા વધારા માટે નાગરિકોએ ફોર્મ ભરવાનું રહેશે. ત્યારબાદ ફાઇનલ યાદી બહાર પાડવામાં આવશે.

### SIRની સામે કેટલાક મહત્ત્વના પ્રશ્નો

○ ૨૦૦૩ પછી નોંધાયેલા મતદારોને સાંભળવાની તક આપ્યા વગર તેમનું નામ ડિલીટ કરવું તે ગેરકાયદેસર છે. આજે મતદાર તરીકે નોંધણી કરવા માટે નાગરિકતાનો પુરાવો આપવો જરૂરી નથી. 'સેલ્ફ ડેક્લેરેશન' પૂરતું છે.

○ નામ કમી કરવાની પ્રક્રિયામાં ફોર્મ ૭ ભરીને સબમિટ થયા બાદ નોટિસ કાઢવામાં આવે છે, વેરિફિકેશન થાય છે. અરજદાર/અરજદારના સગાને રજૂઆત કરવાની તક હોય છે. ત્યારબાદ મતદાર યાદીમાંથી નામ કમી થાય છે.

○ SIR પ્રક્રિયામાં ૨૦૦૩ પછીથી નોંધાયેલા હજારો મતદારોને જાણ કર્યા વગર, રજૂઆતની તક આપ્યા વગર તેમનાં નામ કમી કરવામાં આવ્યાં અને હવે તેઓએ નવેસરથી નોંધણી કરવાની થશે. તેમાં પણ ઘણા મતદારો જે બહારગામ ગયા હોય, તેઓ BLOની વિઝિટ વખતે ઘરે ન હોવાથી તેમની નોંધણી નહીં થાય.

○ ઓનલાઈન નોંધણી કરવા માટે અવકાશ છે. પણ વંચિત સમુદાયના લોકો, મજૂરો, અન્ય રાજ્યોમાં, ફેક્ટરીમાં, ઉદ્યોગોમાં રોજમદાર તરીકે કામ કરતાં લોકો પાસે ઓનલાઈન પ્રક્રિયાની પૂરતી જાણકારી નહીં હોય અને તેઓ મતદાર હોવા છતાં તેમનું નામ કમી થઈ જશે.

○ વિચરતા અને વિમુક્ત સમુદાયના ઘણા લોકો પાસે જન્મના દાખલા, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર વગેરે હોતું નથી. હકીકત એ છે કે મતદાર કાર્ડ એ તેમની પાસે આવેલો પ્રથમ પુરાવો/દસ્તાવેજ છે. આવા સંજોગોમાં નાગરિકત્વ પુરવાર કરવા માટેના દસ્તાવેજી પુરાવા કદાચ તેઓ રજૂ ન કરી શકે તેમ બને.

○ ચકાસણીની પ્રક્રિયા એટલી જલ્દબાજીમાં થઈ રહી છે, કે તેમાં સુધારાને બદલે વધુ ખામીઓ વાળી મતદાર યાદી બને.

### ADR દ્વારા સર્વોચ્ચ અદાલતમાં પિટિશન

છેલ્લાં ૨૫ વર્ષોથી લોકશાહી અને ચૂંટણી સુધાર લાવવા માટે મથતી સંસ્થા, એસોસીએશન ફોર ડેમોક્રેટિક રીફોર્મ (ADR) દ્વારા ચૂંટણી પંચના આ નિર્ણય (SIR) ને સર્વોચ્ચ અદાલતમાં પિટિશન દાખલ કરીને પડકાર્યો છે. તેમાં મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.

**અનુચિત સમય** : જુલાઈ મહિનામાં માત્ર ૨૦ દિવસમાં થનારી આ સ્પેશ્યલ ઇન્ટેસિવ રિવિઝન પ્રક્રિયાથી, ખેતીની સીઝન હોવાથી જમીન-વિહોણા ખેડૂતો અન્ય જગ્યાએ સ્થળાંતર કરી ખેતી કરતા હોઈ તેવા મતદારો BLO ની ચકાસણીની પ્રક્રિયામાંથી બાકાત રહી શકે અને વગર વાંકે મતદાન કરવાનો હક્ક ગુમાવી બેસશે.

**સુધારણા પ્રક્રિયામાં ઉતાવળ** : માત્ર ૨૧ દિવસમાં સમગ્ર રાજ્યમાં યોગ્ય ચકાસણી કરવી શક્ય નથી. તેમાં મતદાર યાદીમાં સુધારા કરતાં

(જુઓ પાન નં. ૧૮)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પર્યાવરણ ક્ષેત્રે સક્રિય સંસ્થાઓનું સંમેલન : ગ્લોબલ વોર્મિંગ - એક વૈશ્વિક સમસ્યા

■ **Wake-up Call - જાગી જાઓ**

૧૬ જુલાઈ ૨૦૨૫ના Business Standardમાં Sanjeeb Mukherjee નો લેખ છે, જેમાં લખે છે - The Taxas flash flood is a wake up call for India, which is no stanger to such calamity.

વાત ૪ જુલાઈના રોજ અમેરિકાના ટેક્સાસમાં આવેલા Flash Flood ની છે, જેમાં ૧૩૦ ઉપરાંત લોકોના મોત થયાં છે. અને ૧૦૦ જેટલા લોકોના કોઈ સમાચાર નથી, મીસીંગ છે.

Ray Mond Zhong ૭-૭-૨૦૨૫ના Bus.Std.માં નોંધે છે - "As the world warms, extreme rain is becoming even more extreme. ટેક્સાસની ઘટના ગ્લોબલ વોર્મિંગના કારણે છે. ત્યાંની Guadalupe નદીની જળ સપાટી ૯૦ મિનિટમાં ૩ ફૂટમાંથી ૩૪ ફૂટ પર પહોંચી હતી. પાણીનો વહેતો જથ્થો ૯૫ ક્યુબિક ફિટ પ્રતિ સેંકડમાંથી ૧૬૬૦૦૦ ક્યુબિક ફિટ પ્રતિ સેકંડ થઈ ગયો હતો

○ ૮ જુલાઈ ૨૦૨૫નું ગુજરાત સમાચાર કહે છે, હિમાચલમાં ૧૫ દિવસમાં વાદળ ફાટવાની ૧૯ ઘટના અને પૂરની ૨૩ ઘટના બની છે અને મૃત્યુઆંક ૮૦ સુધી પહોંચ્યો છે.

○ વર્ષ ૧૯૯૪થી ૨૦૨૩ના ગાળામાં પૂરને કારણે ૨ અબજ, ૫૦ કરોડ લોકો અસરગ્રસ્ત થયા છે.

○ પ્રતિ વર્ષ આવતા પૂરને કારણે વિશ્વમાં ૪૦ અબજ ડૉલરનું નુકસાન થાય છે.

○ પ્રતિ વર્ષ પૂરને કારણે ૫૦૦૦ લોકો મૃત્યુ પામે છે.

સવાલ છે હવે ગ્લોબલ વોર્મિંગ પ્રશ્ને જાગી જવાનો.

■ **લોકશિક્ષણ ગુજરાતમાં**

સમાજસેવાના ક્ષેત્રે ગુજરાતમાં ઘણી બધી સંસ્થાઓ કામ કરે છે. કેટલીક સંસ્થાઓ પર્યાવરણ જાગૃતિનું કામ કરે છે. પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર (CEE), પર્યાવરણ મિત્ર, પર્યાવરણ સુરક્ષા સમિતિ, પર્યાવરણ સંત્રી, એકશન એઇડ જતન, વ્યાવસાયિક સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ, માર્ગ, તેમજ અન્ય નાની મોટી સંસ્થાઓનાં નામ પણ જોડી શકાય તેમ છે.

ગ્લોબલ વોર્મિંગ લોકોને સ્પર્શતો પ્રશ્ન છે, પણ તે અંગેના લોકશિક્ષણનું કામ કરવા માટે પાયાના વિજ્ઞાનનો થોડો અભ્યાસ જરૂરી છે. કેટલાક અભ્યાસુ મિત્રો ગ્લોબલ વોર્મિંગ અંગે પાયાના લોકશિક્ષણનું કામ કરી રહ્યા છે.

■ **સંમેલન - ગ્લોબલ વોર્મિંગ : એક વૈશ્વિક સમસ્યા**

આ સંમેલનનું આયોજન ૦ પર્યાવરણ મિત્ર ૦ એકશન એઇડ અને ૦ ગુજરાતનાં કલાઈમેટ ચેન્જ મુદ્દે કાર્યરત નાગરિક સંગઠનો દ્વારા કરવામાં આવ્યું હતું. ૧૨ જુલાઈ ૨૦૨૫ના રોજ સાંજના ૪ થી ૬ વાગ્યાના ગાળામાં આશરે ૯૦ જેટલા રસ ધરાવતા શ્રોતાઓ ભારતીય સમુદાય શિક્ષણ સંઘ, નવજીવન પ્રેસ રોડ (આશ્રમ રોડ) અમદાવાદ ખાતે ભેગા થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ફાલ્ગુનીબેન જોષીએ કર્યું હતું.

૦ શ્રી રમેશભાઈ બારોટ અને ૦ વિનયભાઈ પંડ્યાના મધુર કંઠે ગીતો માણ્યા બાદ સંમેલન શરૂ થતાં પ્રવચનોનો ક્રમ નીચે પ્રમાણે રહ્યો.

■ **સ્વાગત અને પ્રાસંગિક પ્રવચન : શ્રી મહેશભાઈ પંડ્યા**

શ્રી મહેશભાઈ પર્યાવરણ મિત્ર સંસ્થાના નિયામક છે. તેઓ આંતર-રાષ્ટ્રીય સ્તરે દર વર્ષે યોજાતી ક્લાઇમેટ ચેઇન્જ કોન્ફરન્સમાં સહભાગી બને છે. 'પર્યાવરણ મિત્ર' મેગેઝિનના સંપાદક છે. તેઓ



પર્યાવરણ ઇજનેર છે. ગુજરાતમાં ૨૦૦થી વધારે પર્યાવરણીય લોકસુનાવણીમાં ભાગ લઈને લોકોની પર્યાવરણ પ્રબંધનમાં ભાગીદારી વધે તેવા પ્રયાસો કર્યા છે. પર્યાવરણ પ્રબંધન અંગેની સમિતિમાં સ્થાન મળ્યું છે. છેલ્લાં ચાર વર્ષથી The Institute of Engineers (India)ની ગુજરાત રાજ્યની Executive Committee ના મેમ્બર છે.




સંમેલનમાં તેમણે કહ્યું - ગ્લોબલ વોર્મિંગ અને તેને લીધે ક્લાઇમેટ ચેન્જની વૈશ્વિક અસરો અંગે છેલ્લાં ૨૦ વર્ષના બનાવોની ચર્ચા રજનીભાઈએ એમના પુસ્તકમાં કરી છે. આજે



ગ્લોબલ વોર્મિંગ એક હકીકત બની ચૂકી છે. પરંતુ આપણે સાથે સાથે ધ્યાન આપવાની જરૂર છે કે બધી જ ઘટનાઓને ગ્લોબલ વોર્મિંગનું કવચ ચડાવીને સરકારો પોતાની નિષ્ફળતાઓને ઢાંકી તો નથી રહીને ! રોડ-રસ્તા ખરાબ થવા તેમાં વરસાદને દોષ દેવાને બદલે મેઇન્ટેનન્સનો અભાવ છે તે વાત સમજવી પડશે.

આજે વરસાદના બદલાયેલા પેટર્નના કારણે ખેતીના પ્રશ્નો વધી ગયા છે, ગામડામાં ટકવું મુશ્કેલ બનતાં ખેડૂતો, ખેત મજૂરો ક્લાઇમેટ રેફ્યુજી બની શહેર ભણી દોડે છે. શહેરી કચરો વીણીને ગુજરાન ચલાવે છે. સરકારની યોજનાઓ તેમને ગામમાં કામ આપી શકતી નથી. હવે ગોચર અને પડતર જમીન પર પશુપાલન દ્વારા ટકવું મુશ્કેલ બન્યું છે. ગોચરની જમીનો ગ્રામજનોના હાથમાં રહી નથી. ક્લાઇમેટ ચેન્જની અસરો જોઈ સમજી સરકારે નવેસરથી નીતિ બનાવવી પડશે.

■ **જલવાયુ પરિવર્તનની વૈશ્વિક અને સ્થાનિક અસરોને સમજીએ**

**- શ્વેતલ શાહ**

ભાઈ શ્વેતલ શાહ ધરાતળને સમજવાવાળા યુવાન છે. હવામાન નીતિ, ક્લાઇમેટ ચેન્જ અંગેની પોલિસી અને શાશ્વત વિકાસ ક્ષેત્રે છેલ્લાં ૧૫ વર્ષથી કામ કરે છે. આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ કામ કર્યું છે. આ ક્ષેત્રે રાજ્ય સરકારના સલાહકાર છે.

તેમણે એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ - એનર્જી મેનેજમેન્ટમાં માસ્ટર્સ ડિગ્રી પ્રાપ્ત કરી છે. હાલ તેઓ ઇન્ટરનેશનલ રિલેશન્સમાં પીએચ.ડી કરી રહ્યા છે.

શ્વેતલભાઈનું પ્રવચન યુવાનોમાં ઉત્સાહ લાવનારું રહ્યું. આપણે પ્રજાના ગુણ અને દોષ બંનેને જોવા જોઈએ. જે ગુણો છે તેને કલાઇમેટ ક્ષેત્રે કામ કરવામાં કેવી રીતે વપરાય તે જોવું જોઈએ. સ્થાનિક પ્રજાના જ્ઞાનનો ઉપયોગ પણ કરવો જોઈએ.

વાઢેર પરિવારની છોકરી રસીલા વાઢેર આજે 'Lion Queen of Gir' તરીકે ઓળખાય છે. તે Female Forest Guard તરીકે વર્ષ ૨૦૦૭થી કામ કરે છે. તેણે ૧૧૦૦ જંગલી પશુઓને બચાવ્યાં છે. જરૂરી સારવાર આપી છે. તે પહેલી મહિલા છે જે આ પદે કામ કરી રહી છે. પર્યાવરણ જાળવણી ક્ષેત્રે આવા યુવાનો અને યુવતીઓને આપણે શોધીને તેમની સેવાનો લાભ લેવો જોઈએ.

તેમણે વધુ ભાર આપ્યો કરકસરનો ગુણ વિકસાવવા પર. પાણીનો બગાડ, વીજળીનો બગાડ, અન્નનો બગાડ, વસ્તુઓનો બગાડ આપણે અટકાવવો જોઈએ. Reduce, Reuse, Recycleના આદર્શને અપનાવવાનો ધ્વનિ તેમના પ્રવચનમાં સાંભળવા મળતો હતો. તેમણે જીવનશૈલી બદલવાની વાત કરી, જેનાથી આપણે આપણી કાર્બન ફૂટ પ્રિન્ટ નાની કરી શકીએ.

■ **સ્થાનિક સંદર્ભમાં હવામાન પરિવર્તનમાં સ્થાનિક માહિતીનું મહત્ત્વ - રીની દત્ત**

રીનીબહેન દત્તે સેન્ટ જેવિઅર્સ કૉલેજ અમદાવાદમાં કેમિસ્ટ્રી વિષયમાં ગ્રેજ્યુએટ કર્યું છે. તેમજ ગુજરાત યુનિવર્સિટીમાંથી Climate Change Impacts Managementમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેમણે કેટલાંક મહત્ત્વનાં પદે કામ કર્યું છે.

○ નેશનલ કોમ્યુનિકેશન (NATCOM) ટૂ યુનાઇટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન કલાઇમેટ ચેન્જ (UNFCCC)

○ Indian Institute of Management Ahmedabad (IIMA) for Co-Chair of IPCC Working Group. III

○ Vasudha Foundation - Climate Policy Work

વસુધા ફાઉન્ડેશન નીચે દર્શાવેલાં ક્ષેત્રોમાં કામ કરે છે.

○ Climate Action Planning 0 Energy Transition 0 (Climate) Data and Research.

○ સરકારી વિભાગો સાથે સહયોગમાં કામ કરવું.

રીનીબહેન કહે છે, પુનઃપ્રાપ્ત ઊર્જાનાં સાધનો આપણે જ્યાં ઊભાં કરીએ ત્યાં સારા એવા પ્રમાણમાં જમીન કવર થાય છે. આ જમીન પર ખેતી કે પશુપાલન કરતાં હોય તેઓ બેકાર ન બની જાય તેની કાળજી લેવી જોઈએ અને તેમને માટે રોજગારની વ્યવસ્થા કરવી જોઈએ.

આજે આપણે આપણા ઊર્જાના સ્રોતો બદલી રહ્યા છીએ. કોલસા-દ્વારા વીજ પેદા કરવાના સ્થાને વાતાવરણમાં ઓછો કાર્બન મુક્ત થાય તેવાં સાધનો તરફ વળવું જોઈએ. હાલમાં આ બદલવાના સમયગાળાને - Transition નો ટાઈમ કહેવામાં આવે છે. પ્રશ્ન આપણી સામે વૈશ્વિક છે પણ ઉકેલો આપણે સ્થાનિક પરિસ્થિતિ અને સંદર્ભો સમજીને તથા વિકાસને અવરોધીને નહીં પણ વ્યાપક સમજ કેળવીને


ફાલ્ગુની જોષી


મહેશ પંડ્યા


શ્વેતલ શાહ


રીની દત્ત


રોહિત શુક્લ


સુરેશ મહેતા


રજની દવે


સુશિલાબહેન



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અજમાવવા પડશે. ગુજરાતમાં દરેક જિલ્લામાં કેટલા પ્રમાણમાં ગ્રીનહાઉસ ગેસીસ પેદા થાય છે તેનો અભ્યાસ સરકારી સંસ્થાઓ સાથે રહીને વસુધા ફાઉન્ડેશન કરી રહ્યું છે. સમાજના છેવાડાના માણસને પણ સાથે રાખીને આપણે વૈશ્વિક સમસ્યાનો ઉકેલ લાવવાનો છે.

### ■ જલવાયુ પરિવર્તનનું શિક્ષણ સ્થાનિક ભાષામાં આપવું જરૂરી છે – પ્રો. રોહિતભાઈ શુક્લ

રોહિતભાઈનું અભ્યાસનું ક્ષેત્ર અર્થશાસ્ત્ર છે. તેમાં તેમણે એમ.એ., પીએચ.ડી કર્યું છે. તેમણે વિયેના યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે. પાણી, દુકાળ, આદિવાસી, વન, પર્યાવરણ, મજૂર સમસ્યા, શિક્ષણ વગેરે જેવાં અનેક ક્ષેત્રોમાં તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. રાજ્યની નીતિઓ ઘડવામાં તેમના જ્ઞાનનો ઉપયોગ લેવામાં આવ્યો છે. આયોજન પંચના સભ્યપદે રહ્યા છે. ગુજરાતની વહીવટી તાલીમની સંસ્થા સ્પીપા ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ પણ તેમણે આપી છે. તેમણે ઘણાં બધાં પુસ્તકો લખ્યાં છે.

શ્રી રોહિતભાઈ તેમનાં પ્રવચનોમાં ઘણા બધા પ્રવાહોને સાંકળીને એક વૈચારિક ભૂમિકા તૈયાર કરે છે. ગ્લોબલ વોર્મિંગના પ્રશ્ને તેમણે કેટલાક સવાલો ઊભા કર્યા :

○ આ મહત્ત્વના પ્રશ્ને સમાજ અને વિદ્યાર્થીઓને કઈ ભાષામાં વાત કરીશું ? આ અંગેનાં પુસ્તકો કઈ ભાષામાં લખાયેલાં હોવાં જોઈએ ?

○ ગ્લોબલ વોર્મિંગને મૂડીવાદ સામે કોઈ સંબંધ છે ?

○ આમાં ગાંધીનું દર્શન ઉપયોગી થઈ શકે ?

○ સામાન્ય પ્રજા – આમ આદમીના જ્ઞાનનો ઉપયોગ.

○ તેમણે આગળ ઉપર જણાવ્યું કે આપણે બે અતિરેક વચ્ચે સંતુલન સાધવું પડશે. અતિશય કરકસર અને ઉડાવખોર ભોગવાદ વાળા મૂડીવાદને છોડવો પડશે. ગાંધીજીએ કહ્યું હતું, ભારત આઝાદ થયા પછી બ્રિટનના પગલે નહીં ચાલે. બ્રિટનનું સામ્રાજ્ય અડધા ઉપરાંતના વિશ્વની સંપત્તિ ભોગવતું હતું. ભારતના પ્રમાણમાં બ્રિટન તો નાનો દેશ ગણાય. ભારત જો તેના પગલે ચાલે તો તેને કેટલી પૃથ્વીઓ જોઈએ ! ત્યારે ભારત આશરે ૩૨-૩૩ કરોડની વસ્તી ધરાવતો દેશ હતો, આજે તો એક અબજ ૪૦ કરોડ ઉપરાંતનો દેશ બની ગયો છે.

ગ્લોબલ વોર્મિંગના પ્રશ્ને આપણા વનીકરણના પ્રશ્ને જાગૃત થવાની જરૂર છે. આમાં પંખીઓ પણ પોતાની હગારમાં ફળોનાં બીજ છોડીને માનવજાતના કામમાં સહયોગ આપે છે. વર્તમાન સમયમાં આપણે Informationના પ્રવાહને જોતા અને સમજતા રહેવું પડશે.

'ગ્લોબલ વોર્મિંગ : એક વૈશ્વિક સમસ્યા' – સંકટગ્રસ્ત પૃથ્વીને ઉગારવા માટે ઉપયોગી પુસ્તક છે. કારણ કે તેમાં ઘણી બધી માહિતી તેમજ વિગતો સારી એવી મહેનત કરીને રજૂ કરવામાં આવી છે.

### ■ Deeper psychological and Societal Shifts required to address the Climate emergency - Former C.M. Suresh Mehta

સુરેશભાઈનો જન્મ ૫ ઓગસ્ટ, ૧૯૩૬ના રોજ થયો હતો. કચ્છના માંડવી વિસ્તારના ધારાસભ્ય તરીકે ઘણાં વર્ષો સેવા આપી. વર્ષ ૧૯૯૫થી ૧૯૯૬ના ગાળામાં ગુજરાતના મુખ્યમંત્રી પદે રહ્યા. છેલ્લાં કેટલાંક વર્ષોથી પક્ષમુક્ત રહી લોકશાહીને મજબૂત બનાવવા માટે 'જન અભિયાન-બદલે ગુજરાત' ગ્રુપના નેજા તળે મતદાતા જાગૃતિનું કામ મિત્રોના સાથ સહકારથી કરી રહ્યા છે. પ્રગટ થતા 'કેગ રિપોર્ટ' અંગેના મહત્ત્વના મુદ્દાઓ લોકો સમક્ષ ક્યારેક ચોપાનિયાં દ્વારા કે પત્રકાર પરિષદ યોજી, રજૂ કરતા હોય છે.

ખાનગીકરણ, બેરોજગારી, Malnourishment, આદિવાસી વિસ્તારના પ્રશ્નોને તેઓ ૯૦ વર્ષની ઉંમરે પણ ઉજાગર કરતા રહે છે. થોડાક સમય પહેલાં વૈકલ્પિક બજેટ તેમણે રજૂ કર્યું હતું તેમાં સરકાર ક્લાઈમેટ ચેન્જના પ્રશ્ને પ્રજા માટે રકમ ફાળવે છે કે કોર્પોરેટ જગતને ફાયદો થાય તેમ કરી રહી છે, તેવો પ્રશ્ન ઉઠાવ્યો હતો.

સંમેલનમાં તેમણે ગ્લોબલ વોર્મિંગની સમસ્યાઓ માટે લોકોનું માનસ ઘડવા પર ભાર મૂક્યો હતો. આજે સામાન્ય માણસને લાગે છે કે હું એકલો શું કરી શકું ? મોટા મોટા સોલર ફાર્મ માટે જમીનો પ્રજાના હાથમાંથી નીકળી જતાં આવકનાં સાધનો છીનવાઈ જાય છે. આવી સ્થિતિમાં લોકો એસ્કેપીઝમનો માર્ગ અપનાવે છે (ક્યાં તો વ્યસન તરફ, ક્યાં તો ધરમ ધ્યાન તરફ વળે છે).

જલવાયુ પરિવર્તનના કારણે હવે લોકવિજ્ઞાન પાંગળું બની ગયું છે. સીઝનનો વરતારો, કે ભડલી વાક્યો – લોક કહેવતો હવે સાચો જવાબ આપી શકતાં નથી. સરકારે આ બધું ખ્યાલમાં રાખીને ખેડૂતોને વરસાદના કારણે થતા નુકસાનમાંથી ઉગારી લેવા જોઈએ.

### ■ 'ગ્લોબલ વોર્મિંગ' વિષય લોકજીવન સાથે સંકળાયેલો છે માટે તો આ પુસ્તક ''ગ્લોબલ વાર્મિંગ – એક વૈશ્વિક સમસ્યા'' તૈયાર કર્યું છે – રજની દવે

વર્ષ ૧૯૬૯માં ટેકનિકલ શિક્ષણ પતાવીને ૧૯૮૮ સુધી ઉદ્યોગ ક્ષેત્રે કાર્યરત રહ્યા પછી છેલ્લાં ૩૬ વર્ષથી સામાજિક ક્ષેત્રે કાર્યરત રહીને વિવિધ વિષયોનો અભ્યાસ કર્યો છે અને લેખન કાર્ય પણ કર્યું છે. છેલ્લાં ૨૩ વર્ષથી ભૂમિપુત્રના સંપાદનનું કામ કરી રહ્યા છે. ૧૦ જેટલાં પુસ્તકોનું લેખન-સંપાદનનું કામ કર્યું છે.

વર્ષ ૨૦૨૧થી વર્ષ ૨૦૨૫ સુધીમાં ગ્લોબલ વોર્મિંગ અંગે લખાયેલા લેખો પ્રસ્તુત પુસ્તકમાં સમાવવામાં આવ્યા છે. આ વિષયને ખ્યાલમાં રાખીને વર્ષ ૨૦૦૮માં ગુજરાતની ઘણી બધી સ્વૈચ્છિક સંસ્થાઓએ ગ્લોબલ વોર્મિંગ અંગે જે સહચિંતન માટે મળ્યા તેને ખ્યાલમાં રાખીને પુસ્તક 'ક્લાઇમેટ ચેન્જ – ક્લાઇમેટ ક્રાઇસીસ...' પુસ્તક પણ તૈયાર કર્યું હતું. વચ્ચે વચ્ચે આ વિષયને ખ્યાલમાં રાખી ગુજરાતમાં આ ક્ષેત્રે કાર્યરત સંસ્થા જેવી કે, 'પર્યાવરણ મિત્ર' સાથે મળીને સંમેલનો થતાં રહ્યાં છે આ બધા મિત્રોના સાથ સહકાર થકી પુસ્તક 'ગ્લોબલ વોર્મિંગ : એક વૈશ્વિક સમસ્યા' તૈયાર થયું છે, જેને 'યજ્ઞ પ્રકાશને' પ્રગટ કર્યું છે. પુસ્તકમાંના લેખો બે સમયખંડમાં વહેંચાયેલા છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

■ **સમયખંડ - ૧ (વર્ષ ૨૦૦૧ થી ૨૦૨૧)**

■ **સમયખંડ - ૨ (વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૫)**

ખંડ - ૧ના લેખો ૫ વિભાગમાં વહેંચાયેલા છે - ㅇ વિષય પ્રવેશ ㅇ કેટલાંક સંમેલનોની વાત ㅇ કેટલીક ઘટનાઓ ㅇ જો કાલ કરે વહ આજ કર લે ㅇ ક્લાઇમેટ ચેન્જ અંગેની વાંચનસામગ્રી.

ખંડ - ૨માં કુલ ૨૫ લેખો ૨ વર્ષ આસપાસના ગાળામાં લખ્યા છે.

○ પુસ્તકના અંતિમ ભાગમાં ૮ જેટલા લેખો મિત્રો દ્વારા લખાયા છે. તેમજ અન્ય મહત્ત્વની સામગ્રી આપવામાં આવી છે. પુસ્તકના ૩૩૪ + XXVI પાનાંમાં વિષયની ગંભીરતાને ઉજાગર કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે.

પુસ્તકમાંની સામગ્રીની આછેરી ઝલક આપવા કેટલીક નોંધ અહીં પ્રસ્તુત કરીએ છીએ.

○ સંકટગ્રસ્ત પૃથ્વીને ઉગારવા ઉપયોગી પુસ્તક છે.

○ Global Warming : Modernity Gift to Mother Earch

○ ગ્લોબલ વોર્મિંગથી સમગ્ર વિશ્વ ચિંતિત છે.

○ પૈસા અને ટેકનોલોજીના સહારે વિકસિત દેશોને વિકાસશીલ અને અલ્પવિકસિત દેશોની આબોહવા પરિવર્તનને સંદર્ભે ઝાઝી નિસબત નથી.

○ ક્લાઇમેટ ચેન્જનો સામનો કરવા માત્ર કાયદાઓ અને નીતિઓ બનાવી દેવાથી કોઈ ફેર નહિ પડે - તેનો અમલ કરવા માટે લોકોની સહભાગિતા, સામાજિક જાગૃતિ અને નૈતિક જવાબદારી ફરજિયાત છે.

○ પૃથ્વીને જીવવાલાયક રહેવા દેવા માટે વ્યક્તિગત ધોરણે-સામૂહિક ધોરણે રાજ્ય અને રાષ્ટ્ર સ્તરે - વિશ્વ સ્તરે જે કંઈ કરવા જેવું તેમજ કરાવવા જેવું હોય તે કરીએ.

○ We need co-operation, not war for humanity to servive. Only then can the planet heal.

○ માનવ બિનજવાબદાર બની રહ્યો છે. માત્ર મોજ મસ્તી અને ભૌતિક સુખ-સુવિધાઓ પાછળ દોડી રહ્યો છે. તેને ધરપત નથી, ધરાતો જ નથી. તેની આજુબાજુની પ્રાણી સૃષ્ટિ પર તેમજ આસપાસના વાતાવરણ પર જુલમ વરસાવી રહ્યો છે. આખરમાં તેને શું જોઈએ છે તેનું ભાન પણ તેને નથી.

■ **અંતે**

૧૨ જુલાઈ ૨૦૨૫ના રોજ ભરાયેલા સંમેલનને સફળ બનાવવા માટે પર્યાવરણની ટીમ ખડે પગે કામમાં લાગી હતી. વક્તાઓએ પોતાના વિષયને ન્યાય આપવા સારી રજૂઆત કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન ફાલ્ગુનીબહેને કર્યું હતું. આભાર દર્શન સુશિલાબહેને કર્યું.

પુસ્તક લોકોના હાથમાં પહોંચે તેવો ભાવ રાખીને આર્થિક મદદ કરનારા મિત્રો ㅇ અશોક દેસાઈ ㅇ સંતોષ વશી ㅇ કિશોર દેસાઈ ㅇ ભૂપતભાઈ પારેખ ㅇ કુલિનકાંત લુઠિયાનો યજ્ઞ પ્રકાશને આભાર વ્યક્ત કર્યો હતો.

આયોજક મિત્રોએ રાજ્યનાં અન્ય શહેરોમાં જ્યાંથી આમંત્રણ આવે ત્યાં ગ્લોબલ વોર્મિંગના વિષય અંગે વાતો કરવા રસ ધરાવતા મિત્રો વચ્ચે જવાની સામૂહિક તૈયારી દર્શાવી હતી. વધુ વિગતો માટે ફાલ્ગુનીબહેન જોષીનો સંપર્ક. મો.: ૯૭૨૫૦૧૦૧૩૦ પર કરવો.

(ફોટો સૌજન્યઃ કીરીટકુમાર તંત્રી 'એક્સકલ્યુઝીવ'. મો.: ૯૯૧૩૭૩૮૫૦૫)

**- રજની દવે/ફાલ્ગુની જોષી**

# વાંચન થાળ

■ **ગૂર્જર સાહિત્ય ભવન,** રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧. મો: ૯૨૨૭૦૫૫૭૭૭




○ અશ્વત્થામા - દીર્ઘકાવ્ય, પૃષ્ઠ-૩૨, રૂ.૭૦/-. - યશવન્ત મહેતા.

યશવન્તભાઈને નાનપણથી જ વાચનનો ગાંડો ગણાય એવો શોખ હતો. તેમાંથી સાહિત્યસર્જનની લગની લાગી. તે ઉપરાંત સમાજ માટે કંઈ કરવાની તમન્ના જાગી. રામધારીસિંહ દિનકર, મૈથિલીશરણ ગુપ્ત, અજ્ઞેય વગેરેને વાંચતાં વાંચતાં અશ્વત્થામાની વ્યથાકથા રચવાનું મન થયું. ૧૯૬૦થી શરૂ થયેલ 'અશ્વત્થામા'નું લખાણ છેક ૭ મે-૨૦૨૦ને બુદ્ધિપૂર્ણિમાને રોજ પૂર્ણ થયું.

પુસ્તક વિષે વિનોદભાઈ જોષી લખે છે - ખ્યાત કથાનક એ છે કે અશ્વત્થામાએ કુરુક્ષેત્રમાં ખેલાયેલા યુદ્ધમાં કૌરવપક્ષે રહી શિબિરમાં સૂતેલા દ્રૌપદીના પાંચ પુત્રોની નિર્મમ હત્યા કરી હતી. દ્રૌપદી પ્રેરિત કૃષ્ણે અશ્વત્થામાને મૃત્યુથી વેગળો રાખી ભટકતો કરી દીધાની કરેલી સજા અશ્વત્થામા માટે અત્યંત પીડાદાયક બની રહી. કહેવાય છે કે હજી અશ્વત્થામા જીવે છે. જનશ્રુતિનો આટલો આધાર લઈ યશવન્તભાઈ મહેતા કાવ્યરચના કરે છે.

કાવ્યમાં અશ્વત્થામા અહીં નિષ્ફળ પ્રેમી તરીકે આલેખાયેલો છે. તે દ્રૌપદીને એકપક્ષીય રીતે ચાહતો હોય છે. પરંતુ દ્રૌપદીને પામવાનું સ્વપ્ન રોળાઈ જાય છે. પ્રત્યાઘાત રૂપે દ્રૌપદીનાં પાંચ સંતાનોની નિર્ઘૃણ હત્યા કરે છે. પરંતુ મૃત્યુની પ્રતીક્ષામાં સોરાતો રહે છે.

રચનાની છેલ્લી લાઈનો છે -

હા મૃત્યુ, મૃત્યુ, બસ મૃત્યુ હો
મારાથી અમરતા દૂર રહો;
છે શાંતિ-સુખ જે મરવામાં
એ આખર મુજને મળી રહો.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# કટોકટી રાજના એકવીસ મહિના : શશી થરુરની સાફ વાત

**સાં**સદ શશી થરુર જેમ એમની બૌદ્ધિક પ્રતિભા સારુ સુપ્રતિષ્ઠ છે તેમ વખતોવખત વિવાદમુદ્દો બની રહેવા સારુયે સુપ્રતિષ્ઠ છે. કટોકટીનાં પચાસ વરસના બોધપાઠ વિશેનો એમનો તાજેતરનો 'પ્રોજેક્ટ સિન્ડિકેટ' માટેનો લેખ એનો તાજો નમૂનો છે. આ લેખ, એક તો કૉંગ્રેસને કંઈક મૂંઝવણમાં મૂકે અને પક્ષશ્રેષ્ઠીઓમાં તેના હેતુ અંગે શંકા પ્રેરે એવો હોવા ઉપરાંત તે એવા સમયે આવ્યો છે જ્યારે 'ઓપરેશન સિંદૂર'ને પગલે ભારત સરકારની ભૂમિકા સ્પષ્ટ કરવા માટે વિવિધ દેશોની સત્તાવાર મુલાકાતે ગયેલા પ્રતિનિધિ મંડળમાં થરુરનું હોવું એમના પક્ષ પૂરતું કંઈક સવાલિયા દાયરામાં છે. મોદી ભાજપે પ્રતિનિધિ મંડળમાં એમને સમાવીને એક કાંકરે એકાધિક પંખી નિશાન પર લેવા ધાર્યું હોય તો સ્વાભાવિક જ નવાઈ પામવા જેવું નથી. વળી સત્તાવર્તુળો થકી પ્રાયોજિત 'સંવિધાન હત્યા દિવસ' હજુ હવામાં હોય અને કૉંગ્રેસ સાંસદ કટોકટીરાજ વિશે અસંદિગ્ધ શબ્દોમાં બોલે એ સંજોગોમાં સત્તાપક્ષ (ભાજપ)નો રાજીપો અને વિપક્ષ (કૉંગ્રેસ)ની નારાજગી પણ સમજી શકાય એમ છે.

જોકે આ ચર્ચા કૉંગ્રેસ-ભાજપની ખેંચતાણમાં જ ખોવાઈ જાય એ સરવાળે સલાહભર્યું નથી; કેમ કે કટોકટીરાજ એવી ઘટના છે કે એના કરવૈયાઓ ટીકાતીત રહી શકે નહીં. એ ખોટું હતું, એ ભૂલ હતી, આ તરજ ને તરાહ પર કોઈ કોઈ કૉંગ્રેસ-શ્રેષ્ઠીઓ કવચિત્ નથી બોલતા એમ નથી. વળી, ચૂંટણીમાં આ પક્ષને ૧૯૭૭માં આકરી હાર આપીને પ્રજાએ લોકશાહી રાહે નસિયત પણ આપી છે. ઉપરાંત, વાજપેયીનાં છ વરસ અને મોદીનાં અગિયાર વરસ એ કંઈ ઓછો સમય નથી. બધો ઇતિહાસબોજ નહેરુ-ઇંદિરા પર નાખવા સિવાય પોતે આત્મખોજ કરવી રહે છે. તે રીતે, જેને 'અઘોષિત કટોકટી' કહેવામાં આવે છે એને અતિશયોક્તિ અલંકાર તરીકે ઓળખાવ્યા પછી પણ સત્તાના અતિરેકના જુલમપર્યવસાયી પ્રશ્નો તો ઊભા જ રહે છે.



ખરેખર તો, શશી થરુરે એમના લેખના અંતમાં કટોકટીના જે ત્રણ બોધપાઠનો નિર્દેશ કર્યો છે તે સંદર્ભે ભાજપે આંતરમંથન કરી જાહેર મતને હિસાબ આપવો રહે છે; કેમ કે કૉંગ્રેસનું જવું અગર બંધારણીય સુધારાથી કટોકટીકાળની દોષદુરસ્તી કરી લેવી એટલાથી વાત પૂરી થતી નથી.

હવે થરુરના કહેવા પ્રમાણે કટોકટીના ત્રણ બોધપાઠ વિશે.

❍ એક, માહિતી સ્વાતંત્ર્ય ને સ્વતંત્ર ચોથી જાગીર, પાયાની જરૂર છે. (મનમોહનસિંહના સમયમાં આવેલ માહિતી અધિકારનું વર્તમાન શાસન હસ્તકનું સંકોચન તેમજ સાગરીત મૂડીવાદ હસ્તકનું મીડિયા, આ બે અંગે શો છે મોદી ભાજપનો હિસાબ ?)

❍ બીજું, કારોબારી સત્તાના અતિરેક સામે લોકશાહીમાં અપેક્ષિત મજબૂત દીવાલ સ્વતંત્ર ન્યાયતંત્ર છે. (શીર્ષ ધારાશાસ્ત્રી દુષ્યંત દવેનું દર્દભર્યું નિરીક્ષણ છે કે છેલ્લા પાંચ છ મુખ્ય ન્યાયમૂર્તિઓમાંથી એકમાત્ર જસ્ટિસ ખન્ના બાદ કરતાં બધા જ ઊણા ઊતર્યા છે.)

❍ ત્રીજું, આ લખનારની દૃષ્ટિએ થરુરનું સર્વાધિક મહત્ત્વનું પ્રતિપાદન તો આ છે : આપણી અત્યારની રાજકીય આબોહવામાં એ દિવસોનો એક મોટો બોધપાઠ એ છે કે સંસદીય બહુમતી ધરાવતી મગરુબ કારોબારી સત્તા લોકશાહી વાસ્તે ખાસી જોખમી પુરવાર થઈ શકે છે. એમાં પણ પોતે કદાપિ ભૂલ કરી શકે જ નહીં એવા તોરમાં ને તોરમાં લોકશાહી પ્રથા માંહેલા અંકુશ ને સમતુલાની કશી તમા વગર ચાલવાનું એનું વલણ હોય તો તો પૂછવું જ શું.

વાચકના ધ્યાનમાં આવ્યું જ હોય કે આ ત્રીજો બોધપાઠ નિરૂપતી વખતે થરુરે 'આપણી અત્યારની રાજકીય આબોહવામાં' એવો સ્પષ્ટ ભાર મૂક્યો છે અને તેમાં કોઈ પણ સંદિગ્ધ મુદ્દલ નથી. અલબત્ત, તેમણે લોકસભાની છેલ્લી ચૂંટણી વખતે ખાસો ઊછળેલો 'નૉન બાયોલૉજિકલ' એ પ્રયોગ ટાળ્યો છે, પણ પોતે પોતાને ભૂલોથી પર માનતી કારોબારી સત્તાની જિકર તો કરી જ કરી છે.

કૉંગ્રેસ - ભાજપે સામસામાં તેમ આંતરિક રાજકારણથી હટીને અને સવિશેષ તો વ્યાપક નાગરિક સમાજે આ ત્રણે મુદ્દા, એમાં પણ ખાસ તો ત્રીજો મુદ્દો ગંભીરતાથી વિચારવો રહે છે. તત્કાલીન સરકારની થરુરની ટીકા અંસિદગ્ધ છે, પણ એટલો જ અસંદિગ્ધ મુદ્દો એમાં અત્યારની રાજકીય પરિસ્થિતિનાં ભયસ્થાનો વિશે છે, એ આપણા ધ્યાન બહાર ન જવું જોઈએ.

**– પ્રકાશ ન. શાહ**

# વાંચન થાળ

■ **બાળ સાહિત્ય અકાદમી,** ૪૭/એ, નારાયણ નગર, પાલડી, અમદાવાદ- ૩૮૦૦૦૭. મો.: ૯૪૨૮૦૪૬૦૪૩

❍ બાળ સાહિત્ય પુસ્તિકા શ્રેણી ૮૯ - ૨૪મું અધિવેશન - સંપાદક - નટવર પટેલ,
પૃષ્ઠ-૬૪, સહયોગ રાશિ રૂ. ૩૦.

■ **દર્શનયોગ મહાવિદ્યાલય,** આર્યવન, રોજડ, જિ.સાબરકાંઠા

❍ વેદ આચમન - કપિલભાઈ ઓઝા, પૃષ્ઠ-૧૪૦, કિંમત રૂ. ૫૦.
કુમાર માસિકમાં વર્ષ ૨૦૦૭થી 'વેદ આચમન' લેખમાળા શરૂ કરવામાં આવી હતી. પ્રસ્તુત પુસ્તકમાં ૫૩ લેખો સમાવેલા છે. જેમાં વેદમંત્ર, શબ્દાર્થ અને વિચાર-વિસ્તાર આપેલ છે.

સંપર્ક: કપિલભાઈ ઓઝા, મો.: ૮૯૮૦૭૩૮૭૧૧.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પોતાનું શ્રેષ્ઠ બહાર કાઢવું એ જાત પ્રત્યેની ફરજ છે

**યુ**રોપનો નકશો જોઈએ તો દક્ષિણ-પૂર્વ યુરોપમાં છ દેશોથી ઘેરાયેલો એડ્રિયાટિક સમુદ્ર દેખાશે. આ છ દેશોમાંનો એક એટલે ક્રોએશિયા. ત્યાંના એક પરિવારમાં ૧૯૬૦માં એક બાળકનો જન્મ થયો. એની માએ ઘણી વાર લગ્ન કર્યાં હતાં. એમાંના એક લગ્નથી આ બાળક જન્મેલો. નામ એન્ટોની. બાળપણ જરાય સુખી કે સરળ નહીં. સાત વર્ષનો થયો ત્યાં માતાપિતા છૂટાં થઈ ગયાં. સોળની ઉંમરે ઘર છોડી ટોની અમેરિકા આવ્યો અને નાની-મોટી નોકરીઓ કરતો એક મોટા મકાનમાં ચોકીદાર તરીકે રહ્યો. પોતાના ઠેકાણા વગરના જીવનને સુધારવાની એને ઘણી હોંશ હતી, પણ રસ્તો મળતો નહોતો. એક દિવસ હિંમત કરી મકાનમાલિકને એની સફળતા અને સુખનું રહસ્ય પૂછી જ લીધું.

મકાનમાલિક ખેલદિલ માણસ. કહે, 'એમાં રહસ્ય કે ચોક્કસ રસ્તા જેવું બહુ હોતું નથી. ઘણાં બધાં પરિબળો કામ કરતાં હોય છે પણ મને જિમ રોનના એક લેક્ચરમાંથી પ્રેરણા મળી હતી.'

'જિમ રોન? એ કોણ?'

'એક ગરીબ મા-બાપનો દીકરો. ૩૦ની ઉંમરે લખપતિ બન્યો, ૩૩ની ઉંમરે દેવાળું ફૂક્યું, ૩૫ની ઉંમરે ફરી લખપતિ બન્યો. પછડાટો ખાઈને જે શીખ્યો એ હવે શીખવે છે.'

'એમ? ઇન્ટરેસ્ટિંગ.' અને ટોની એટલે કે એન્ટોની રોબિન્સે પણ એના લેક્ચર સાંભળવા જવા માંડ્યું. પછડાટો ખાવાની તો એને પણ ક્યાં નવાઈ હતી? થોડાં વર્ષ પછી એ પણ 'લાઇફ લેસન્સ' આપવા લાગ્યો. આજે ૬૫ વર્ષની ઉંમરે મોટીવેશનલ સ્પીકર તરીકે ૩૦-૩૦ મિનિટના ૧૮ સેશન્સના કોચિંગ પ્રોગ્રામ માટે એ અઢીથી પાંચ લાખ ડોલર લે છે, બેસ્ટ સેલર પુસ્તકો લખે છે.

શું કહે છે ટોની રોબિન્સ ? એ કહે છે કે સફળ, સમૃદ્ધ, કંઈક પામી ગયેલા માણસને જોઈ અસલામત કે ઈર્ષાળુ બનવા કરતાં વિચારવું કે એનામાં શું અલગ છે, એનું મગજ કઈ રીતે વિચારે છે, એની કામ કરવાની પદ્ધતિ કેવી છે. ઘણા બધા સફળ માણસોનો અભ્યાસ કરીને તેણે જે કહ્યું છે તે દુન્યવી સફળતા માટે જ નહીં, પોતાનું શ્રેષ્ઠ બહાર કાઢવા અને સર્જનાત્મક-અર્થપૂર્ણ જીવવા માટે પણ જરૂરી છે.

શિકાગોમાં ૨૫ વર્ષ ચાલેલા પ્રખ્યાત 'ઓપ્રોહ વિનફ્રે શો'માં ટોની રોબિન્સની મુલાકાત લેવાઈ ત્યારે તેણે કહ્યું, મોટી મોટી વાતો ને મહાન પ્રતિભા એવું બધું નહીં, માણસને જે કામ આવે છે તે રોજની નાની નાની આદતો છે. એ આદતો કાઢી નાખો તો ગમે તેવો મહાન માણસ સડી જાય. અને એ આદતો પાડો તો ગમે તેવો સામાન્ય માણસ અસામાન્ય બને.

કઈ આદતો ? રોજ સવાર પડે, દિવસભરનાં કામો તમારો કબજો લઈ લે એ પહેલાં તમારા મગજને જરા સહેલગાહ પર લઈ જાઓ. દસ મિનિટ પૂરતી છે. ઊંડા શ્વાસ લો, નવો દિવસ મળ્યો તે માટે કૃતજ્ઞતા અનુભવો અને મગજને વિદ્યુતપ્રવાહ જેવી ઊર્જાથી ભરાવા દો. ૩૦ ઊંડા શ્વાસ, ત્રણ મિનિટ કૃતજ્ઞતા અને ત્રણ મિનિટ વિઝ્યુઅલાઈઝેશન (દિવસમાં કરવાનાં કામ થઈ ગયાં હોય એવું કલ્પનાચિત્ર ઊભું કરવું) - આટલું કરવાથી ઊઠતાંની સાથે જે તાણ અનુભવાતી હોય છે તે હળવી બનશે. દિવસ ચિંતા અને તાણના બદલે શક્યતાઓથી શરૂ થશે. પ્રતિક્રિયાશીલતા ઘટશે અને એકાગ્રતા વધશે.

બીજું, માનસિક સ્થિતિ સુધારવા માટે શારીરિક સ્થિતિ સુધારો, ઇમોશન્સ ઇઝ ક્રિએટેડ બાય મોશન્સ. થોડાં ઝડપી પુશઅપ્સ, ઝડપથી ભરાયેલાં થોડાં પગલાં, સંગીત સાથે કરી લીધેલું થોડું નૃત્ય શરીરને પ્રાણવાયુથી ભરી દે છે, ડોપામાઈન અને સેરેટોનિન જેવાં હોર્મોનનો સ્રાવ વધારે છે અને મગજને સંકેત આપે છે, 'બધું સરસ છે, સ્ફૂર્તિભર્યું છે, કામ કરવાની મજા પડશે.' આજની દુનિયામાં કંટાળો કે ધીમી ગતિ પરવડવાનાં નથી. શરીરને ગતિમાન બનાવવાથી મગજ સક્રિય થઈ જાય છે. સુસ્તીનો અનુભવ થાય ત્યારે ત્રણ મિનિટ માટે હળવા કૂદકા, ઊઠબેસ કે હવામાં મુક્કાબાજી કરવાથી મગજનું ધુમ્મસ અદશ્ય થઈ જશે.

જાપાનની મોટી બિઝનેસ કંપનીઓ પોતાના કર્મચારીઓને ક્રાઈઝેન શીખવે છે, ક્રાઈઝેન વિકાસની એક પદ્ધતિ છે, જેમાં મોટાં પરિવર્તનો પર નહીં પણ નાના અને સતત સુધારા પર ભાર મૂકવામાં આવે છે. રોજ નક્કી કરવાનું કે આજે હું મારામાં એક ટકા જેટલું પરિવર્તન લાવીશ - કૌશલ્યમાં, જ્ઞાનમાં, કાર્યક્ષમતામાં, માનસિકતામાં, વિચારવાની રીતમાં. એને માટે રોજ વીસેક મિનિટનો સમય ફાળવી થોડું નવું વાંચવું, સાંભળવું, શીખવું, પોતાના ક્ષેત્રમાં થતા નવા આવિષ્કારોથી પરિચિત થવું. પ્રગતિનો ગ્રાફ ધ્યાનમાં રાખવો, કેમ કે જે પ્રાપ્ત થાય તેને ટકાવવાનું પણ હોય છે. સતત બદલાતી દુનિયામાં આપણે પણ પરિવર્તન માટે તૈયાર રહેવું જોઈએ.

ચોથી વાત છે મગજ પર પહેરો બેસાડવાની. મગજની સુઘડતા અને વ્યવસ્થા માટે એમાં શું જવા દેવું અને શું ટાળવું એનો સતત ખ્યાલ રાખવો જોઈએ. ધોધમાર માહિતી, નકારાત્મક વિચારો, પીડાદાયક સંબંધો, સોશિયલ મીડિયાનો અતિરેક આ બધું મગજને ત્રાસ આપે છે અને તેની એકાગ્રતા, કાર્યક્ષમતાને અવરોધે છે. આથી ઊલટું, પ્રેરણાદાયક પૉડકાસ્ટ, પુસ્તકો, અર્થપૂર્ણ વાતચીત, સારા મિત્રો, ઉષ્માભર્યા સંબંધો મગજની સર્જનાત્મકતા, એકાગ્રતા અને ક્ષમતા વધારે છે. ધ્યાન ન આપીએ તો મગજમાં જાળાં બાઝી જાય છે, તેને લીધે ઊર્જાનું મુક્ત વહન થઈ શકતું નથી. મગજમાં જતાં વિચાર કે માહિતીને, સંવેદનને ચકાસી લો - આનાથી મારો દષ્ટિકોણ વિસ્તાર પામશે કે પછી સંકુચિત બનશે? પછી બિનજરૂરીને કાઢી નવું ઉમેરો. તાજગીની જરૂર છે ? તો ગમે તેમ સ્ક્રોલિંગ કરવાને બદલે કંઈક વાંચી લો, ઓડિયોબુકનું નવું પ્રકરણ સાંભળી લો અથવા પ્રેરણા આપનાર મિત્ર કે સાથી સાથે વાત કરી લો.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જાત પ્રત્યે આપણી એક ફરજ છે કે દિવસની શરૂઆત પોતાને હેતુપૂર્ણ સૂચનો આપવાથી કરવી, જે નકારાત્મકતા ટાળી શકાય એમ ન હોય એનાથી આખો દિવસ ત્રાસ પામવાને બદલે દિવસમાં એક વાર એના પર કામ કરી લેવું અને પોતાનાથી વધારે પ્રતિભા જેનામાં હોય એવી કોઈ વ્યક્તિને સામે રાખવી. પોતાનું શ્રેષ્ઠ બહાર કાઢવાથી પોતાને તો અનોખો આનંદ મળે જ છે. સાથે સંબંધો અને કામોનો સંભાળવાની ક્ષમતા પણ વધે છે.

કહે છે કે 'ધ સિક્રેટ ઓફ લિવિંગ ઇઝ ગિવિંગ' આપવાથી મન પ્રસન્ન થાય છે અને આત્મવિશ્વાસ વધે છે. આપણી પાસે વધારે હશે ત્યારે આપીશું એવી રાહ જોવાની જરૂર નથી. સમય, સ્નેહ, આશ્વાસન, સધિયારો, હિંમત, સાથ, પ્રેરણા, હમદર્દી, કૌશલ્ય, આનંદ આપવામાં શ્રીમંત હોવાની જરૂર ક્યાં છે ? સારું કામ કરીએ ત્યારે ઑક્સિટોસીનનો સ્રાવ વધે છે અને કોર્ટિઝોલનો સ્રાવ ઘટે છે. વિશાળતા અને સભરતાનો અનુભવ થાય છે. વ્યક્તિત્વને પોઝિટિવ આયામ મળે છે.

નકારાત્મક લોકો એક પ્રકારના વિષ જેવા હોય છે. તમને કણ કણ કરીને હણી નાખવાની એમનામાં ક્ષમતા હોય છે. ઝેન દર્શન કહે છે કે એમની સાથે લડવા ન જાઓ. એમને સુધારવા કે બતાવી દેવામાં શક્તિ ન ખર્ચો. પોતાને એમની અસરમાંથી મુક્ત કરો. પ્રતિક્રિયા ન આપો. યોગ્ય અંતર જાળવો, એમને એમની રીતે વર્તવા દો, શાંત રહો, સ્પષ્ટ રહો. પોતાની ગરિમા અને સારપને નુકસાન ન થવા દો.

આ બધી વાતો નથી જાણતા એમ નથી. પણ જિંદગીની દોડધામમાં એ ક્યારેક વિસરાઈ જતી હોય છે. નિદા ફાજલીએ જુદા સંદર્ભમાં લખેલી છતાં મમળાવવા જેવી આ પંક્તિથી વાત પૂરી કરીએ :

*ધૂપ મેં નિકલો ઘટાઓં મેં નહાકર દેખો,*
*ઝિંદગી ક્યા હૈ કિતાબોં કો હટાકર દેખો...*

(સાભાર - 'જન્મભૂમિ) **- સોનલ પરીખ**

---

બિહારમાં મતદાર યાદી... (પાન ૧૧નું ચાલુ)

નવી ખામીઓ આવે તેવું બનવાની શક્યતા વધુ છે.

**કાયદાનું ઉલ્લંઘન :** કોઈ પણ મતદારનું નામ મતદાર યાદીમાં આવે અને કમી થાય, એ બંને વખત ચકાસણીની પ્રક્રિયા જરૂરી બને છે. તેમાં નોટિસ આપવી અને નામ કમી અંગે મતદાર અથવા તેના સગા (મૃતકના કિસ્સામાં)ને રજૂઆતની તક આપવી એ લોક પ્રતિનિધિત્વ કાયદો ૧૯૫૦માં આપેલ પ્રક્રિયા છે. કાયદો બદલ્યા સિવાય આ પ્રક્રિયાને બાજુ પર મૂકીને સીધા કોઈ મતદારનું નામ કમી કરી ન શકાય.

**વિચરતી અને વિમુક્ત જાતિ તેમજ આદિવાસી અને અન્ય વંચિત સમુદાય સાથે અન્યાય**

વિચરતી અને વિમુક્ત સમુદાય, સરનામાં વગરના માનવી છે. તેમની પાસે દસ્તાવેજી પુરાવા હોતા નથી. ઘર હોતું નથી. કાયમી સરનામું હોતું નથી. તેઓ વસાહતમાં રહે છે, અને એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરી તેમની આજીવિકા રળે છે. ગુજરાતની વાત કરીએ તો ચૂંટણી કાર્ડ એ આ સમુદાયો પાસે આવેલો પ્રથમ પુરાવો હતો. વિચરતા સમુદાય સમર્થન મંચ દ્વારા અનેક પ્રયાસો કર્યા બાદ અને રાજ્યના ચૂંટણી અધિકારીની કચેરીના સહયોગથી તેમની મતદાર તરીકેની નોંધણી કરવાની શરૂઆત થઈ હતી. આ સમુદાય પાસે ધોરણ ૧૦નું લિવિંગ સર્ટિફિકેટ અથવા જન્મનો દાખલો મળવો લગભગ અશક્ય છે.

મતદાર યાદીમાં સુધારો કરવો જરૂરી છે. તેનાથી ચૂંટણી પ્રક્રિયામાં થતી ગેરરીતિ અટકશે. ભારતના નાગરિકો ભારતની ચૂંટણી પ્રક્રિયાના મતદાર બને તે ઉદ્દેશ્ય છે. પણ શું ભારતમાં જન્મેલા વંચિત સમુદાયના લોકો પોતે ભારતીય હોવાના પુરાવા રજૂ કરી શકશે ? શું આવા નાગરિકત્વ પુરાવા સરકારે બધાને આપ્યા છે ખરા ?

સર્વોચ્ચ અદાલતે બિહારમાં ચાલતી પ્રક્રિયા સામે 'સ્ટેનો હુકમ આપ્યો નથી' પણ સુનાવણી દરમ્યાન પ્રક્રિયાની અસર અને સમયગાળા અંગે ચિંતા દર્શાવી છે.

ECI (ઇલેક્શન કમિશન ઑફ ઇન્ડિયા)એ તમામ રાજ્યોને પત્ર મોકલી આ પ્રકારની ચકાસણી માટે તૈયારી કરવાનું કહ્યું છે. ભારતમાં વસતા લોકોનું દસ્તાવેજી પુરાવાના આધારે નાગરિકત્વ નક્કી કરવાની જવાબદારી સામેથી ચાલીને ચૂંટણી પંચે પોતાના શિરે લીધી છે. જે રીતે, ઉતાવળમાં આ પ્રક્રિયા કરવામાં આવી રહી છે તેનાથી ચૂંટણી પંચની રાજકીય તટસ્થતા, સ્વાયત્તતા અને વિશ્વસનીયતા પર સવાલ ઊઠી રહ્યો છે.

(ગુજરાત સ્ટેટ કો-ઓર્ડિનેટર ADR) **- પંક્તિ જોગ**

---

## વાંચન થાળ

- **વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ,** બગસરા, જિ.અમરેલી-૩૬૫૪૪૦. મો.: ૯૪૨૬૯૬૫૨૩૪

  ○ આનંદનો ઓચ્છવ - હરેશ ધોળકિયા, રૂ. ૫૦.

  ○ યાત્રા : સુખ અને આનંદની - શ્રી પ્રવીણચંદ્ર ઠક્કર અને શ્વેતાબહેન જોષી - રૂ. ૬૦.

  ○ બાળ વિશ્વ - હંસાબહેન મહેતા અને વિશ્વ વાત્સલ્ય ટ્રસ્ટની સાથી બહેનો - રૂ. ૧૦૦.

  ○ શુરવીરોની સૂરી દેશભક્તિ ગીતો - રૂ. ૪૦

  ઉપરોક્ત ચારે પુસ્તકો ૫૦ ટકા ડિસ્કાઉન્ટથી મેળવવા વિશ્વ વાત્સલ્ય સંસ્થાનો સંપર્ક કરવો.

- **નચિકેતા ટ્રસ્ટ,** આર્ચ કેમ્પસ, નગારિયા, ધરમપુર-૩૯૬૦૫૦. મો.: ૯૮૨૫૬૫૧

  ○ 'સંદર્ભ' ત્રિમાસિક - સંપાદન : સ્વાતિ દેસાઈ, રશ્મિ કાપડિયા - એક વર્ષનું લવાજમ રૂ. ૪૦૦/- છે. - લવાજમનો ચેક Shri Nachiketa Trust નામનો લખવો.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# મિસાવાસીની જેલ ડાયરી - ડૉ. વિષ્ણુ પંડ્યા

**શ્રી** વિષ્ણુભાઈએ વર્ષો પહેલાં 'મિસા વાસ્યમ્' પુસ્તક લખ્યું હતું. જૂન ૨૦૨૫માં પુસ્તક 'મિસાવાસીની જેલ ડાયરી' પુસ્તક પ્રગટ કર્યું. આ પુસ્તકના કવરપેજ પર લખ્યું છે -

ભારતના ઇતિહાસના કાળા પ્રકરણ - કટોકટીની વેદના-સંવેદનાની ઐતિહાસિક કહાણી. ૩૪૫ પૃષ્ઠોના આ પુસ્તકમાં ૧૭ પ્રકરણોમાં 'કટોકટી' દરમ્યાનના ગાળામાં ગુજરાતની ગતિવિધિની ઘણી બધી વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આર.એસ.એસ. અને જનસંઘના કાર્યકરો પર વિશેષ ભાર આપવામાં આવ્યો છે.

પુસ્તકમાં લેખકે પોતાના લેખો પહેલાં નરેન્દ્ર મોદીના પુસ્તક 'સંઘર્ષમાં ગુજરાત'માંના કેટલાક અંશો મૂક્યા છે.

■ **લેખક પરિચય**

તેમનો જન્મ ૧૪-૦૯-૧૯૪૫ના રોજ જૂનાગઢ જિલ્લાના માણાવદર ગામે થયો હતો. તેમણે નવલકથાઓ, નિબંધો, ઇતિહાસ, પત્રકારત્વ અંગેનાં ૪૦ ઉપરાંત પુસ્તકો લખ્યાં છે. તેઓ 'સાધના'ના તંત્રી પદે રહ્યા છે. વર્ષ ૧૯૬૭માં 'સાધના'ના તંત્રી બન્યા. સરકારે વર્ષ ૨૦૧૭માં તેમને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કર્યા છે. હાલમાં ઇતિહાસ સંશોધન કેન્દ્રના અધ્યક્ષ-પદે કાર્યરત છે.

■ **જેલભણીની જાત્રા**

૧૩ માર્ચ ૧૯૭૬ના રોજ 'સાધના' સાપ્તાહિકના કાર્યાલયમાંથી તેમની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ ભાવનગર જેલમાં તેમને રાખવામાં આવ્યા. તેમણે પુસ્તકનાં શરૂઆતનાં પ્રકરણોમાં દિલ્હીથી બેંગલોર સુધીના વિસ્તારમાં કોની કોની ધરપકડ કરવામાં આવી તેની વિગતો આપી છે. પ્રકરણ પાંચ - 'ગુજરાતના મિસા-પંખી'માં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં જનસંઘના, સંસ્થા કૉંગ્રેસના, સમાજવાદી પક્ષના, જે.પી.ના અનુયાયીઓ, ક્રાંતિ દળ, વિદ્યાર્થી પરિષદ, વિશ્વ હિંદુ પરિષદ, રાષ્ટ્રિય સ્વયં સેવક તેમજ અન્ય નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી તેની લાંબી યાદી આપી છે.

○ સુરત જિલ્લાના ૩૬ લોકો ○ અમદાવાદ શહેરના ૧૦૭ ○ અમદાવાદ જિલ્લાના ૧૬ ○ જામનગર જિલ્લાના ૧૮ ○ ભાવનગર જિલ્લાના ૨૯ ○ જૂનાગઢ જિલ્લાના ૩૬ ○ મહેસાણા જિલ્લાના ૪૪ ○ અમરેલી જિલ્લાના ૬ ○ પંચમહાલ જિલ્લાના ૧૨ ○ બનાસકાંઠાના ૯ ○ કચ્છ જિલ્લાના ૧૦ ○ વલસાડ જિલ્લાના ૧૭ ○ ખેડા જિલ્લાના ૧૩ ○ આણંદ જિલ્લાના ૧૩ ○ ભરૂચ જિલ્લાના ૪ ○ ડાંગ જિલ્લાના ૩ ○ સુરેન્દ્રનગર જિલ્લાના ૧૩ ○ રાજકોટ જિલ્લાના ૭૦ ○ વડોદરા જિલ્લાના ૫૬ ○ સાબરકાંઠાના જિલ્લાના ૧૭ લોકોની ધરપકડ કરાઈ હતી.

લેખકે આ યાદી તૈયાર કરવા સારી એવી મહેનત કરી હશે.

■ **વર્ષ ૧૯૬૭માં 'સાધના'માં મારો પ્રવેશ થયો હતો : લેખક**

'સાધના'ની ઑફિસ પહેલાં અમદાવાદના સલાપોસ રોડની ગલીમાં મનસુરી બિલ્ડિંગમાં હતી. કટોકટીકાળ સુધીમાં સાધનાની પ્રતો ૧૨૦૦ થી ૭૦,૦૦૦ સુધી પહોંચી હતી.

પ્રકરણ નં ૬ 'સાધના કા એક સ્વર હું...'માં કટોકટી કાળમાં 'સાધના'એ જે સંઘર્ષ ખેલ્યો તેની વિસ્તારે વાત નોંધી છે. તે વખતના માહિતી ખાતાના પ્રધાન વિદ્યાચરણ શુકલે અમદાવાદના પ્રવાસે આવીને 'સંદેશ' દૈનિકના તંત્રી ચીમનભાઈ પટેલને ત્યાં ભોજન કરતાં ચેતવણી આપતા કહેલું, ''પ્રદેશની સરકાર તો આજે છે ને કાલે નહીં હોય. ''તમે લખવામાં (કાળજી) જાળવજો. નહીંતર 'મિસા'નો ઉપયોગ થશે.''

૨૫ જૂનથી જ દેશભરમાં ૨૦૦થી વધુ અખબારોને તાળાં દેવાઈ ગયાં હતાં, એટલી જ સંખ્યામાં તંત્રીઓ, પત્રકારો જેલભેગા થયા હતા અને પ્રેસજપ્તી ચાલુ હતી. આ માહોલમાં 'સાધના'ના ૫ જુલાઈ ૧૯૭૫ના અંકમાં તંત્રીલેખમાં '૨૬ જૂન ૧૯૭૫' એટલું લખીને જગ્યા કોરી રાખી હતી. નીચે સોલ્ઝેનિત્સિનનું નોબલ પુરસ્કાર પ્રાપ્તિ વેળાનું ભાષણ, આ શીર્ષક સાથે :

'સત્યના એક શબ્દનું વજન આખી દુનિયાના વજન કરતાં વધુ છે.' - છાપ્યું હતું.

કટોકટીની જાહેરાતના દિવસે ધારાશાસ્ત્રી દરૂ સાહેબ અને બાર એસોસિએશને તેનો વિરોધ કરતો ઠરાવ પસાર કર્યો. દરૂ સાહેબે સેન્સરશિપ ઓર્ડરની મર્યાદામાં રહીને પણ શું છાપી શકાય તેનું માર્ગદર્શન આપતો લેખ તૈયાર કર્યો. લેખ 'સાધના' સહિત કેટલાંક નાનાં અખબારોમાં છપાયો. ભૂમિપુત્રે વિસ્તૃત અંક કટોકટીની ટીકા કરતી સામગ્રી સાથે છાપ્યો હતો. 'સાધના'એ 'લોકશાહી વિશેષાંક' તૈયાર કર્યો. સરકાર નોટિસ પાઠવીને પગલાં ભરે તે પહેલાં પોસ્ટમાં અંક રવાના થઈ ગયો. લોકોએ લવાજમ માટે પૈસા મોકલવા માંડ્યા. શુભેચ્છકો દાનની રકમ મોકલવા લાગ્યા. જેલમાં પણ અંક મંગાવવા લાગ્યા.

ગુજરાતમાં જન્મભૂમિ, ફૂલછાબ અને જનસત્તા, શાહીન, મિલાન, વિશ્વમાનવ, ખેડૂત સાથી, વિચાર વલોણું, નિરીક્ષક, લોકવીણા, સંદેશ, નવજીવન મુદ્રણાલય, ધરતી મુદ્રણાલય, જનશક્તિ વગેરેએ યથાશક્તિ સેન્સરશિપનો, કટોકટીનો વિરોધ કરતા લેખો છાપ્યા હતા.

■ **રાજ્ય સરકાર બદલો**

કેન્દ્ર સરકારને લાગવા માંડ્યું કે ગુજરાતમાં બાબુભાઈની મોરચા સરકાર તૂટે તો જ રાજ્યમાં સ્વતંત્રતાનો દ્વીપ સમાપ્ત થાય. પુસ્તકમાં ચીમનભાઈએ મોરચા સરકારને તોડવા માટે કરેલા પ્રયત્નની વાત નોંધવામાં આવી છે. મોરચા સરકાર અંતે તૂટી. ૧૩ માર્ચ ૧૯૭૬ના રોજ ગુજરાતમાં સ્વાતંત્ર્યદ્વીપ નષ્ટ થઈ ગયો. ૨૬ જૂન ૧૯૭૬ના દિવસે કટોકટીનું એક વર્ષ પૂરું થતાં 'સાધના'એ વિશેષાંક બહાર પાડ્યો.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બીજી બાજુ 'સાધના'ના કર્મચારીઓને ડી.આઈ.આર. હેઠળ ઝડપી લેવાયા. પ્રેસને સીલ મારવામાં આવ્યું અને પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો. સાધનાને બળજબરીથી બંધ કરી દેવાયું. ૧૪ જેટલા તેના મુખ્ય કાર્યકતાઓ જેલમાં હતા !

## ■ સાધનશુદ્ધિનો પ્રશ્ન

પ્રકરણ ૮માં જ્યાં અભિવ્યક્તિની સ્વતંત્રતા ન હોય ત્યાં લોકજાગૃતિનું કામ કેવી રીતે કરવું તેની મથામણ અને અપનાવેલા જુદા જુદા રસ્તાઓની વાત કરવામાં આવી છે. સાધનશુદ્ધિનો આગ્રહ હોય ત્યાં ગુપ્તતા જાળવવી, છૂપા છૂપા કામ કરવું, ભૂગર્ભ પ્રવૃત્તિ કેટલી યોગ્ય તેવો પ્રશ્ન સહજ થાય. લેખક નોંધે છે -

એક વર્ગ જેમાં મુખ્યત્વે સર્વોદયી મિત્રો હતા, તેમની પાસે તાત્ત્વિક દલીલ હતી કે ગાંધીજીએ સાધન-શુદ્ધિનો આગ્રહ રાખ્યો હતો. આપણે ખુલ્લંખુલ્લા કાનૂનનો ભંગ કરતા જઈએ અને પકડાતા જઈએ - એવું ન બને ? એવું તેમણે કર્યું પણ ખરું. 'ભૂમિપુત્ર'ના તંત્રીઓ તો બદલાતા રહ્યા, પકડાયા, કાંતિભાઈ શાહ બચી ગયા. પણ ખુલ્લી રીતે લડતા રહ્યા. જગદીશ શાહનું તો 'સર્વોદય પ્રેસ સર્વિસ'માં તંત્રી તરીકે નામ હોવાથી જ પકડયા. ભાવનગરમાં કીર્તિ પંડ્યા અને મિત્રોએ પણ એવો અખતરો એક બે અંક પૂરતો કર્યો.

## ■ ભૂગર્ભ પત્રિકાઓ

જનતંત્ર સમાજની બેઠક મુંબઈમાં યોજાઈ, તેમાં નક્કી થયું કે દેશ-વ્યાપી દબાઈ ગયેલા સમાચારો આપવા (પહોંચાડવા) બુલેટિન શરૂ કરવું. તેનું કામ શ્રી દરૂને સોંપવામાં આવે તેવો ઠરાવ પણ કરવામાં આવે.

૨૩ જૂન ૧૯૭૬ની સાંજે બુલેટીન માટે સામગ્રી તૈયાર થઈ રહી હતી અને શ્રી દરૂ સાહેબના નિવાસસ્થાને પોલીસધાડાં ખાબક્યાં. ફાઈલો જપ્ત થઈ અને દરૂ સાહેબની ધરપકડ થઈ. પરંતુ ગૌતમ ઠાકર, દશરથભાઈ, હરિભાઈ શાહ અને કેટલાક અધ્યાપક - વિદ્યાર્થી કાર્યકર્તા મિત્રોએ બુલેટીન અનેક જગ્યાએ રૂબરૂમાં અને પોસ્ટમાં પહોંચાડી જ દીધું.

ભૂગર્ભ સાહિત્ય કટોકટીના વીસ મહિના સુધી મોટી સંખ્યામાં ચાલ્યું. તે ચલાવનારાઓ પાસે પણ સ્પષ્ટ તર્ક હતો કે -

જ્યાં કાનૂન જ ગેરકાનૂની બની ગયો હોય ત્યાં, ભૂગર્ભપત્ર નથી ગેરકાયદેસર કે નથી તેમાં ભીરુતા. ભૂગર્ભવાસી કાર્યકરો દરેક સપ્તાહે મુદ્રણાલય બદલતા હતા. બંધ બારણે પ્રેસમાં તે છપાતું. પોલીસજડતી આવે તો તેને લાગે કે સત્યનારાયણની કથાની ચોપડી કે સામાન્ય નવલકથા છપાઈ રહી છે. બીજા ખંડમાં સ્ફોટક સાહિત્ય કંપોઝ થતું હોય. એ છપાય ત્યાં સુધીમાં બધી ગેલી પ્રૂફ્સની સામગ્રીને બાળી નાંખવામાં આવતી હતી.

ગુજરાતમાં 'મુક્તવાણી', 'સત્યાગ્રહ સમાચાર', 'જનતા સમાચાર', દાંડિયો (સુરતમાં), 'જનજાગૃતિ' અને 'નિર્ભય' નામે પત્રિકાઓ લોકો સુધી પહોંચતી હતી.

## ■ જેલમાંનાં વિવિધ ઘટકોનું એકીકરણ

પુસ્તકના ૧૧મા પ્રકરણમાં નોંધ્યા મુજબ જેલમાં જનતા મોરચાનાં ઘણાં ઘટકો સાથે રહેતાં હતાં. આમાં મુખ્યત્વે -

૦ સંસ્થા કોંગ્રેસના કાર્યકરો ૦ જનસંઘ - આર.એસ.એસ.ના યુવાનો અને કાર્યકર્તાઓ ૦ ભારતીય ડાબેરી વલણના મિત્રો ૦ જમાતે ઇસ્લામીના સભ્યો ૦ સર્વોદયમાંના જે.પી. આંદોલનમાં ભાગ લેનારા સર્વોદયી સાથીઓ ૦ ગાંધીવાદીઓ ૦ તેમજ માર્કસવાદીઓ પણ નાની સંખ્યામાં હતા.

લેખક લખે છે - સ્વાભાવિક રીતે જ આ બધાનું સંમેલન એક માનસશાસ્ત્રીય સમસ્યા હતી. એક તો વ્યક્તિગત ટેવોની અલગતા અને બીજી પોતપાતાના જૂથ સમૂહોની વિશિષ્ટતા. એકબીજાના કાર્યક્રમો, વિચારો અને આચારો પ્રત્યે અનેક પ્રકારના પૂર્વગ્રહો કામ કરતા હોય છે.

આ વૈવિધ્યની સમક્ષ સંઘર્ષના એકમેવ ધ્યેયનું જતન કોઈ પણ ભોગે જરૂરી હતું. આપખુદ શાસનની સામે લડવાના સમાન ગુનાસર જ અહીં બધા એકત્ર થયા હતા.

## ■ જેલમાં પ્રસંગોની ઉજવણી અને વાર્તાલાપો

જેલમાં મહાપુરુષોના જન્મદિવસો - મૃત્યુતિથિઓ તેમજ મહત્ત્વના દિવસોની ઉજવણી કરવામાં આવતી હતી. ૦ સરદાર પટેલ ૦ ગાંધીજી ૦ નેતાજી ૦ સુભાષચંદ્ર બોઝ ૦ નહેરુજી ૦ પં.દીનદયાળ ઉપાધ્યાય ૦ ડૉ. લોહિયા ૦ શ્યામાપ્રસાદ મુખરજી વગેરેનો જન્મદિવસ ઊજવ્યો હતો. શ્રી દરૂ સાહેબે એમ.એન.રોયના નવમાનવતાવાદની વાત તેમનાં સાત-આઠ વ્યાખ્યાનોમાં મૂકી હતી. સાબરમતી જેલમાં ૦ ગાંધીવાદ ૦ સમાજવાદ ૦ એકાત્મ માનવવાદ ૦ સર્વોદય પરનાં પ્રવચનોની શ્રેણી યોજાઈ હતી. વડોદરા જેલમાં આર્થિક પ્રશ્નો, આધ્યાત્મિકતા અને શિક્ષણ પર પ્રવચનો થયાં જેમાં, ૦ બબાભાઈ પટેલ ૦ દિનેશ શાહ ૦ રામલાલ પરીખ ૦ વિ.સ. વણીકર ૦ મનુભાઈ પટેલ વગેરે ભળ્યા હતા.

૧૮ જાન્યુ. ૧૯૭૭ના રોજ સરકારે લોકસભાની ચૂંટણીઓની જાહેરાત કરી અને જેલમાંના અટકાયતીઓના છુટકારાની પ્રક્રિયા ચાલુ થઈ.

## ■ પુસ્તકનાં છેલ્લાં પ્રકરણો

પ્રકરણ ૧૩ મથાળું છે - ઇતિ મિસાવાસ્યમ્.

પ્રકરણ ૧૪નું મથાળું છે - એક કલાકારની મૃત્યુ કથા.

છેલ્લું પ્રકરણ ૧૫નું મથાળું છે - પ્રણામ હતાત્માઓ.

ઇશ ઉપનિષદનું પ્રથમ વાક્ય છે.

ईशावास्यम् इदम सर्वम्
यत किं च जगत्यां जगत् ।

આ શ્લોકમાં થોડો ફેરફાર કરીને લેખકે લખ્યું, मिसा वास्यम् इदं सर्वम्.... તે કટોકટી કાળમાં મિસા જ સર્વસાર હતો. તે વખતે કેન્દ્રના કાનૂન મિસામાં આખું ભારત જાણે સમાઈ ગયું હતું.

લેખકે પ્રકરણ ૧૩માં જેલમાં કેદીઓની મનોદશા કેવી રહેતી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

હતી, સમય કેવી રીતે પસાર કરતા હતા તેની નોંધ આપી છે.

પ્રકરણ ૧૪માં કન્નડ રંગભૂમિ અને ફિલ્મોમાં યાદગાર અભિનય કરનાર સ્નેહલતા રેડ્ડીની જેલમાં અર્ધમૃત્યુ જેવી સ્થિતિ થઈ હતી તેની નોંધ લેવામાં આવી છે. સરકાર તેને મોટાભાગે વડોદરા ડાયનેમાઇટ કેસમાં સંડોવવા માંગતી હતી. લેખક જણાવે છે તે પ્રમાણે ડૉ. રામ મનોહર લોહિયાના જલદ અને વિશ્લેષણાત્મક વિચારોની સ્નેહલતા પર ભારે અસર હતી. તે દમની જૂની રોગી હતી. તેની તબિયત લથડતાં સરકારે પેરોલ પર છોડી પરંતુ તે પછી પાંચમા દિવસે ૨૫ જાન્યુઆરી, ૧૯૭૭ના રોજ બેંગલોરમાં તેનું અવસાન થયું હતું.

પ્રકરણ ૧૮માં કટોકટીકાળમાં જેલમાં તેમજ આંદોલનમાં મૃત્યુ પામેલ વ્યક્તિઓ અંગેની વિગતો છે. પુસ્તકમાં આપેલી યાદી પ્રમાણે ૧૦૦થી વધુ લાકો મૃત્યુ પામ્યા હતા.

પ્રકરણ ૧૯માં માત્ર એક કાવ્ય છાપ્યું છે. કાવ્ય બર્નાર્ડ કોપ્સનું છે. આ કાવ્યનું પઠન કવિએ ૧૯૭૭ની વિજયાદશમી – જે.પી.ની જન્મતિથિએ – લંડનના હાઈડ પાર્કમાં મળેલી નાનકડી સભામાં કર્યું હતું. લેખકે અંગ્રેજી કાવ્યનો અનુવાદ કર્યો છે.

''ના આપણે ક્યાંયના નથી,
યત્ર તત્ર સર્વત્રના જ.....''

પરિશિષ્ટમાં કટોકટીની તવારીખો આપી છે. જેમાં જૂન ૧૯૭૫થી ૨૨ માર્ચ ૧૯૭૭ની મહત્ત્વની ઘટનાઓની તારીખો પુસ્તકનાં ૧૫ પાનાઓમાં આપી છે. પુસ્તકનાં છેલ્લાં પાનાઓમાં ૦ ભૂગર્ભ પત્રિકાઓ, પુસ્તિકાઓનાં કવરપેજ છાપ્યાં છે. ૦ કેટલાંક કાર્ટૂનો છાપ્યાં છે. ૦ કેટલાંક કાવ્યો ૦ પત્રો છાપ્યા છે. પૃષ્ઠ ૨૭૦ પર આપેલી વિગતો પ્રમાણે સમગ્ર દેશમાં પકડાયેલા કુલ પત્રકારોની સંખ્યા ૨૫૩ દર્શાવી છે. જેમાં મિસા તળે ૧૧૦ ડી.આઈ.આર. તળે ૫૦ અને અન્ય કાનૂન તળે ૮૩ ધરપકડ કરવામાં આવી હતી. સૌથી વધુ ધરપકડો મધ્ય પ્રદેશમાંથી કરવામાં આવી હતી જેની સંખ્યા ૫૯ દર્શાવવામાં આવી છે.

લેખકે પાન નં.: ૩૩૧-૩૩૨ પર કટોકટીનો વિરોધ કરવા માટે પ્રચારકાર્યમાં ધાર્મિક ભાવનાનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે દર્શાવ્યું છે.


ઉત્તર ગુજરાતમાં ઊંઝા ગામમાં ગુજરાતના કડવા પાટીદારોનાં કુળદેવી ઉમિયા માતાજીનો મોટો મેળો ભરાયો હતો જેમાં લાખો લોકો ભેગા થવાના હતા. ત્યાં ખૂબ મોટા પાયે પત્રિકા વહેંચવામાં આવી હતી.

પત્રિકાના કેટલાક અંશો પર નજર નાંખીએ.

''ઘેટાંના ટોળામાં રહી આત્મજ્ઞાન ખોઈ બેઠેલા હે સિંહ પુત્રો! તમે તમારી સિંહગર્જના ભૂલી ગયા. મારા કુળ દીપક, સાવજ સરદારનો અમર સંદેશ પણ વીસરી ગયા. અંગ્રેજ સલ્તનતને નાકે દમ લાવી દેનાર એ લોખંડી પુરુષનો માર્ગ તમે ચુપચાપ સ્વીકારી લીધો. (માત્ર) ગુજરાત જ નહીં, સમગ્ર દેશમાંથી એકલાખ (ઉપરાંત) જેટલા મા ભારતીના સપૂતો, વિના વાંકે દોઢ વરસથી મિસા નીચે (જેલના) સળિયા પાછળ બંધ છે. મારી પવિત્ર ભૂમિ આ ઊંઝામાંથી જ મારા પાંચ પુત્રો મિસામાં છે અને તમે સહુ તમારી મસ્તીમાં મગ્ન થઈ રાચો છો!

''ગરીબોને નામે પોતાની સત્તા ટકાવી રાખવાની શાસકોની ફરેબી ચાલમાં તમે ફસાઈ ગયા છો.... ઉદ્યોગપતિ, વેપારી, કર્મચારી, ખેડૂત, મજૂર, શિક્ષિતો, પોલીસ, લશ્કર, અને ખુદ શાસક પક્ષના ટેકેદારો અને કાર્યકરોને પણ આજની પરિસ્થિતિથી અસંતોષ છે.

''હે પુત્રો ! ધર્મ મારો પ્રાણ છે. પ્રાચીન પરંપરા અને સંસ્કૃતિ મારી બે ભુજાઓ છે. સાંસ્કૃતિક અને ધાર્મિક સંગઠનો રાષ્ટ્રનાં પરિબળો છે. એ પરિબળો સાથે રહો. શક્ય હોય તો બધી દિશાઓમાં કામે લાગી જાઓ... જરૂર પડે રાતોરાત જેલો ભરી દો. સત્યનો હંમેશાં જય થાય છે....'' – *ઉમિયા માતાજી*




**મિસાવાસીની જેલ-ડાયરી**

ડૉ. વિષ્ણુ પંડ્યા

પૃષ્ઠ ૩૪૫, રૂ. ૩૯૯.
સંપર્ક : આર.આર. શેઠ, દ્વારકેશ,
રોયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન.: ૦૭૯-૨૫૫૦૬૫૭૩

**– રજની દવે**

## વાચકોના પત્રોમાંથી

● **અશ્વિન શાહ,** (ખારેલ)

ભૂ. ૫ જુલાઈના અંકમાં રશ્મિભાઈ વિષે ખૂબ સરસ માહિતી મિતા ઝવેરીએ આપી છે. રશ્મિભાઈ લેખમાં લખ્યા મુજબ કેળવણી માટે સંપૂર્ણ સમર્પિત, અતિશય નમ્ર, લૉ પ્રોફાઈલ, સાદા, મિતભાષી, મળવા જેવા માણસ છે. મિતા ઝવેરીને ધન્યવાદ આવા માણસનો પરિચય આપવા બદલ


## 'સંપૂર્ણ જીવન' વડોદરા તથા ગીતાજ્ઞાનના વર્ગો

**શ્રી**મદ ભગવદ્ ગીતા એ જ્ઞાન, કર્મ, યોગ અને ભક્તિનો સમન્વય કરતો વૈશ્વિક ગ્રંથ છે. અર્થસભર પ્રસન્ન જીવન જીવી શકાય તે માટે માર્ગદર્શન આપતી અનન્ય કૃતિ છે.

વડોદરામાં છેલ્લાં ૧૦ વર્ષથી આધ્યાત્મિક શિક્ષણ આપતી સંસ્થા 'સંપૂર્ણ જીવન' તથા 'યોગનિકેતન' દ્વારા ગીતાજીનું શિક્ષણ સરળ, સહજ ભાષામાં આપી શકાય તે ઉદ્દેશથી તેના નિઃશુલ્ક વર્ગો યોજવામાં આવ્યા છે. યોગનિકેતન ફતેહગંજ, વડોદરા મુકામે દર રવિવારે સવારે ૭.૦૦ થી ૮.૩૦ ઓફલાઈન વર્ગો અને દર રવિવારે બપોરે ૪.૩૦ થી ૬.૦૦ ઝૂમ ઉપર ઓનલાઈન વર્ગો યોજાશે. જિજ્ઞાસુઓને આ વર્ગમાં જોડાવા માટે મો.નં.: ૯૬૦૧૨૫૩૭૫૯/૯૯૯૮૨૧૭૮૯૪ પર સંપર્ક કરવા વિનંતી.

૩૬, અજિતનાથ સોસાયટી, સંપૂર્ણ જીવન વડોદરા
પાણીની ટાંકી પાસે, હાથીખાના માર્ગ, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૦૧૮.





YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શિક્ષણમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ... (પાન ૭નું ચાલુ)

બૌદ્ધિક નમ્રતા વધે છે. પોતાની માન્યતાઓને સાચી અને કોઈ શંકાથી પર માનીને એની પર જ ભાર મૂકવાથી ઊભા થતા વિતંડાવાદને બદલે, સોક્રેટિસ ચર્ચાને ઊંડા આત્મનિરીક્ષણ તરફ દોરી જાય છે. સોક્રેટિસ ઘણી વાર એવા મતલબનું કહેતા કે : હું જાણું છું કે હું અજ્ઞાની છું (I know that I do not know). અર્થાત્ ડાહ્યો માણસ પોતાની મર્યાદાઓ અને અજ્ઞાનથી વાકેફ હોય છે; એ કોઈ પણ બાબતમાં જાણકાર હોવાનો દાવો કરતો નથી. વ્યક્તિના અજ્ઞાનની આ સ્વીકૃતિ સાચા જ્ઞાનની પ્રાપ્તિ તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. કારણ કે, તે શીખવા માટે જરૂરી ખુલ્લાપણા અને વ્યક્તિની માન્યતાઓની વિવેચનાત્મક તલાશને પ્રોત્સાહન આપે છે.

આમ, સોક્રેટિસનાં પદ્ધતિ અને અભિગમ સોફિસ્ટ કરતાં મૂળભૂત રીતે અલગ હતાં. સોફિસ્ટ માનતા હતા કે સત્ય સ્થાયી નથી હોતું. તે વ્યક્તિગત અથવા સામાજિક દૃષ્ટિકોણ પર આધારિત છે. તેથી સંજોગો અને વ્યક્તિગત દૃષ્ટિકોણને આધારે સત્ય પણ બદલાય છે. માટે 'જો જીતા વો સિકંદર'ના ન્યાયે તેઓ ચર્ચામાં જીતી શકાય તેવી ખરી-ખોટી દલીલો કરવા પર ભાર મૂકતા. જ્યારે સોક્રેટિસ ચર્ચાને હાર-જીતની સ્પર્ધાને બદલે એક સહકારી ઉદ્યમ ગણતા અને તર્કના આધારે સાર્વત્રિક સત્યને ઉજાગર કરવા પ્રયત્ન કરતા. વધુમાં, સોફિસ્ટ શિક્ષકો જાહેર સમારંભો, ન્યાયાલયો કે રાજકારણમાં સફળતા માટે જરૂરી વ્યવહારુ કુશળતા શીખવતા અને તે માટે ફી વસૂલતા. જ્યારે સોક્રેટિસ પૈસા લીધા વિના પોતાની સાથે ચર્ચામાં સંકળાયેલ લોકોમાં આત્મપરીક્ષણ દ્વારા શાણપણ કેળવવાનો પ્રયાસ કરતા હતા.

## Notes and References

૧. લેખક વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના સમાજશાસ્ત્ર વિભાગમાં પ્રાધ્યાપક અને વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ હતા.


૨. Rahman, S. (૨૦૨૦). Improving the Power of Lecture Method in Higher Education. In Varghese N. V. and Ayantan Mandal (ed.s) Teaching Learning and New Technologies in Higher Education, Verlag, Singapore: Springer, pp. ૧૩૫-૧૪૮.


૩. (i) ઇતિહાસકાર લિયોપોલ્ડ વોન રેન્કને (Leopold von Ranke) ઈ. સ. ૧૮૩૦ ના દાયકા દરમિયાન જર્મનીની બર્લિન યુનિવર્સિટીમાં સેમિનાર પદ્ધતિનો પાયો નાખવાનો શ્રેય આપવામાં આવે છે. તેમની પદ્ધતિમાં પ્રાથમિક સ્રોતોનું વિશ્લેષણ અને વિવેચન કરતી ચર્ચા પર ભાર મૂકવામાં આવતો હતો. Leopold von Ranke: German historian, retrieved from https://www.britannica.com/biography/Leopold-von-Ranke?utmsource=chatgpt.com


(ii) Adams, H. B. (1884). The Seminary Method. In New Methods of Study in History. Retrieved from https://www.irwincollier.com/germany-the-seminary-method-reported-by-herbert-b-adams-1884/

૪. Russell, D. R. (2002). Writing in the Academic Disciplines: A Curricular History. Carbondale: Southern Illinois University Press.


૫. મધ્ય યુગના યુરોપની યુનિવર્સિટીઓમાં શિક્ષણ માટે ઉપયોગમાં લેવાતી આ વિવાદ પદ્ધતિ દ્વારા મુખ્યત્વે ધાર્મિક, દાર્શનિક, અને કાનૂની પ્રશ્નોનું અન્વેષણ કરવામાં આવતું. આવા વિવાદોમાં સામાન્ય રીતે માસ્ટર (પ્રોફેસર) પ્રશ્ન પૂછતા હતા અને વિદ્યાર્થીઓ અથવા અન્ય વિદ્વાનો કોઈ એક ચોક્કસ સિદ્ધાંતના સમર્થનમાં અથવા તેની વિરુદ્ધ દલીલ કરતા હતા. આ પદ્ધતિ મધ્ય યુગના યુરોપના યુનિવર્સિટી શિક્ષણનો અભિન્ન ભાગ હતી અને તે કડક વિશ્લેષણાત્મક દલીલોની કુશળતાને પ્રોત્સાહન આપતી હતી.


૬. Novikoff, Alex J. (2013). The Medieval Culture of Disputation: Pedagogy, Practice, and Performance. Philadelphia: University of Pennsylvania Press.


૭. પ્લેટો સોક્રેટિસના વિદ્યાર્થી હતા, જે પછીથી એરિસ્ટોટલના શિક્ષક બન્યા હતા. તેમણે એથેન્સમાં એકેડેમીની સ્થાપના કરી હતી, જે ઉચ્ચ શિક્ષણની શરૂઆતની સંસ્થાઓમાંની એક છે. મુખ્યત્વે સંવાદોના રૂપમાં લખાયેલી તેમની ઘણી કૃતિઓમાં સોક્રેટિસ એક મુખ્ય પાત્ર તરીકે ચર્ચા કરતા જોવા મળે છે. સોક્રેટિસના જીવન અને ફિલસૂફી અંગે મહદંશે આપણને પ્લેટોએ લખેલ સંવાદોમાંથી જ માહિતી મળે છે.

૮. ઝેનોફોન એક પ્રાચીન ગ્રીક ઇતિહાસકાર, સૈનિક અને ફિલોસોફર હતા, જે સોક્રેટિક ફિલસૂફી પરનાં તેમનાં લખાણો માટે જાણીતા છે. સોક્રેટિસના વિદ્યાર્થી તરીકે, તેમણે સોક્રેટિસ પર પ્લેટોથી અલગ એવો એક વૈકલ્પિક દૃષ્ટિકોણ રજૂ કર્યો છે. તેઓ સોક્રેટિસને વ્યવહારુ અને નૈતિક શિક્ષક તરીકે રજૂ કરે છે. પ્લેટો કરતાં ઓછા દાર્શનિક હોવા છતાં, ઝેનોફોનની કૃતિઓ સોક્રેટિસના જીવન અને ઉપદેશો અંગે મૂલ્યવાન ઐતિહાસિક માહિતી પૂરી પાડે છે.

૯. હેરાક્લિટસ એક પૂર્વ-સોક્રેટિક ગ્રીક ફિલસૂફ હતા. તેમનો પરિવર્તનનો સિદ્ધાંત ઘણો પ્રખ્યાત છે. તેમની એક બહુ ચર્ચિત ઉક્તિ ''કોઈ માણસ ક્યારેય એક જ નદીમાં બે વાર પગ મૂકી શકતો નથી'' માટે તેઓ જાણીતા છે. પ્લેટોના સંવાદો સૂચવે છે કે સોક્રેટિસ હેરાક્લિટસના વિચારોથી પ્રભાવિત થયા હતા.

૧૦. પાર્મેનાઇડ્સ પણ એક પૂર્વ-સોક્રેટિસ ગ્રીક ફિલસૂફ હતા. હેરાક્લિટસથી વિરુદ્ધ તેઓ માનતા હતા કે વાસ્તવિકતા અપરિવર્તનશીલ, અવિભાજ્ય અને શાશ્વત છે; પરિવર્તન માત્ર ભ્રમ છે. પ્લેટોના એક સંવાદ પાર્મેનાઇડ્સમાં સોક્રેટિસ પાર્મેનાઇડ્સ વચ્ચે ચર્ચા થતી જોવા મળે છે.

૧૧. પ્લેટોના કેટલાક સંવાદોમાં જોવા મળે છે તેમ, સોક્રેટિસે વારંવાર સોફિસ્ટો સાથે સંવાદ કર્યા હતા.

૧૨. ગ્રીક શબ્દ ''અગોરા'' (agora)નો મૂળ અર્થ ''ભેગા થવાનું સ્થળ'' અથવા ''સભા'' થતો હતો અને પાછળથી પ્રાચીન ગ્રીક નગર-રાજ્યોમાં તેનો મુખ્ય જાહેર સ્થળ તરીકે ઉલ્લેખ થવા લાગ્યો. તે એક



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બજાર તરીકે અને જાહેર ચર્ચાઓ માટે ગ્રીક નાગરિક જીવનનો એક મહત્ત્વપૂર્ણ ભાગ હતો.

૧૩. મહાત્મા ગાંધીએ પોતે સોક્રેટિસને સત્યાગ્રહના પુરોગામી તરીકે સ્વીકાર્યા હતા.

૧૪. (i) O'Grady, Patricia F. (Ed.) 2008. The Sophists: An Introduction. London etc.: Bloomsbury Academic, (ii) Chrysopoulos, Philip. 2024. Sophist Teachers and the Art of Rhetoric in Ancient Greece, Greek Reporter, Retrieved from Sophist Teachers and the Art of Rhetoric in Ancient Greece - GreekReporter.com

૧૫. Plato. Meno, (Stephanus number98a). In Plato: Complete Works, edited by John M. Cooper, translated by G.M.A. Grube, Indianapolis: Hackett Publishing, 1997. P. 895.

(અપૂર્ણ)

૧૦૦૧, પવનવીર, પ્રતાપગંજ, વડોદરા-૩૯૦૦૦૨. **પ્રવીણ જ. પટેલ**
મોબાઈલ: ૯૮૭૯૭૬૩૦૮૩, ઈમેલ: pravin1943gmail.com

---

**કોમવાદ અને જાતિવાદને...** (પાન ૧૦નું ચાલુ)

નથી. તે હિંદુ છે કે મુસ્લિમ છે. અગાઉ ગુજરાતમાંથી લોકસભામાં મુસ્લિમ (અલબત્ત, કોંગ્રેસી) ચૂંટાઈ આવતા. હવે તો ભાજપા કોઈ મુસ્લિમને કોર્પોરેશનમાં પણ ઉમેદવાર કરવાથી દૂર રહે છે. સરવાળે ઓવૈસી જેવા ઠેર ઠેર પગપેસારો કરવાના !

ચૂંટણી સંદર્ભે વાત આગળ વધારીએ તો કોમવાદ જેવું જ દૂષણ જાતિવાદનું વકરતું જાય છે, હવે તે પેટાજાતિ સુધી વિસ્તર્યું છે. કોળી તો છે પણ ચુંવાળીયા કે તળપદા ? દલિત તો છે પણ વણકર, રોહિત, વાલ્મીકિ, સેનવા વગેરે ? પટેલ તો ખરા પણ કડવા કે લેઉવા ? ટુકડે - ટુકડે... પેટા ટુકડે - પેટા ટુકડે સમાજ વહેરાતો જાય છે. ઊંઘ હરામ થઈ જાય એવું છે છતાં કોઈનાય પેટનું પાણી નથી હાલતું.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે 'ગાંવ છોડો - શહર ચલો'ની શીખ આપી હતી. તે આંશિક ઉપાય છે. આજે ઈ-મેઈલથી ઉત્તમભાઈ ગજ્જરે (સુરત) 'સન્ડે ઈ. મહેફિલ'માં પ્રવીણકાંત શાસ્ત્રી (અમેરિકા)એ લખેલી વાર્તા 'કલ્ચરલ મેલ્ટીંગ પોટ : અમેરિકા' મોકલી છે. એમાં નવા સમાજનું નિર્માણ થતું હોવાની જિકર કરી છે. તેના પાયામાં છે 'ક્રોસ-કલ્ચરલ લગ્નો.' આંતરદેશીય અને આંતરજાતીય લગ્નો થઈ રહ્યાં છે. યુ.એસ. સેન્સસ બ્યુરોના જણાવ્યા અનુસાર ત્રીસ વર્ષમાં, શક્ય છે કે વ્હાઈટ કરતાં બ્લેક કે મીક્સ વધારે હશે !

અમેરિકા સાથે ભારતની તુલના કરવી અઘરી છે. નાતબહાર લગ્ન કરનાર એકાદ પાત્રની વર્ષો પછી હત્યા થતી હોવાના સમાચાર પણ સાંભળવા મળે છે. ખાપ પંચાયત, જાતજાતની 'સેના'ઓ પણ સદાય શસ્ત્રો સજીને તૈયાર બેઠી છે.

અલબત્ત, અઘરું છે પણ અશક્ય નથી. માનવઅધિકાર, જીવવાનો અધિકાર, બંધુતા - સમાનતા વગેરે ઠાલા શબ્દો જ નહીં; આચરવાના આદર્શો બનવા જોઈએ.... તો કોમવાદ અને જાતિવાદને આપણો આશાવાદ જરૂર મહાત આપશે.

**– ઈન્દુકુમાર જાની**

# રેવાગ્રામ સેવા સંકુલની ગતિવિધિ

**આ**પણે ૧૬-૦૨-૨૦૨૪ના ભૂમિપુત્રમાં પ્રજ્ઞાબહેન પટેલના એક દિવ્ય સ્વપ્નની વાત કરી હતી. વાત હતી 'રેવાગ્રામ : આત્મન્ ફાઉન્ડેશનના સેવા સંકુલ'ની. પ્રજ્ઞાબહેન નવેમ્બરે ૨૦૧૮માં સરકારના સંયુક્ત માહિતી નિયામક પદેથી નિવૃત્ત થયા પછી સમાજસેવામાં પોતાની ઊર્જા વાપરી રહ્યાં છે. રેવાગ્રામ માટે જમીન પ્રાપ્ત કર્યા પછી એન.એ. કરાવી, બાંધકામ માટે મંજૂરી મેળવીને સ્થળ પર હાજર રહીને બાંધકામને આગળ ધપાવી રહ્યાં છે.

આમ તો સંસ્થાની સ્થાપના તા. ૧૨-૫-૧૯૯૯થી થઈ હતી. ૨૫ વર્ષની સેવાયાત્રા ચાલી છે. બાળ શિબિરો કરી રહ્યાં છે, જરૂરિયાતવાળા પરિવારોને અનાજકીટ આપી રહ્યાં છે. ઇ-વેસ્ટ કલેક્શન, શાળાઓમાં નાસ્તા વિતરણ, શ્રમજીવી સમુદાય માટે સ્વેટર, પગરખાં વિતરણ જેવાં નાનાંમોટાં કામ કરી રહ્યાં છે. સાથે સાથે પ્રસંગોપાત્ત મિલન ગોષ્ઠિઓ પણ યોજી રહ્યાં છે.

પણ છેલ્લાં વર્ષોમાં મકાખાડ, તા. માણસા સ્થળે રેવાગ્રામ સંકુલનું બાંધકામ પર વધુ ધ્યાન આપી રહ્યાં છે. ડિસેમ્બર ૨૦૨૩થી બાંધકામ માટેની સામગ્રી ઉતારવાની શરૂઆત કરી. પાણીના ભૂગર્ભ ટાંકા અને એક બિલ્ડિંગ - યુનિટ બાંધવાની શરૂઆત કરી. રેવાગ્રામ સંકુલમાં ૦ વડીલ વૃંદાવન ૦ બાળકોનું ઘર ૦ ગ્રંથાલય - કલા કોર્નર ૦ આરોગ્ય સેવા હૉસ્પિટલ ૦ કોમ્યુનિટી લિવિંગ - સાધના કુટીર ૦ ભોજનાલય ૦ પ્રાર્થના મંદિર ૦ ગૌશાળા ૦ પંખી ઘર ૦ મહેમાન ઘર ૦ તેમજ સંસ્થા કાર્યાલય - સ્ટાફ ક્વાર્ટર બાંધવાનું આયોજન કરેલું છે. કુલ પ્રોજેક્ટનો બાંધકામ ખર્ચ આશરે ૧૨ કરોડ ઉપરાંતનો થશે તેવી ધારણા છે.

અત્યાર સુધીમાં ૯૦ લાખ ઉપરાંતનું કામ થયું છે. હાલ ચાલી રહેલા એક બિલ્ડીંગના કામને પૂરું કરવા રૂ. ૧ કરોડની અને વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવા રૂ. ૩૦ લાખની જરૂર છે. સંસ્થાને પાણીના બોરની પણ જરૂર છે. સમાજ પાસેથી યથાશક્તિ દાનની અપેક્ષા છે.

વધુ વિગતો માટે પ્રજ્ઞાબહેન પટેલનો મો.નં.: ૯૮૨૫૪૩૮૩૯૪ પર સંપર્ક કરવો.

**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સિગારેટનું ઠૂંઠું

**મા**રા જેવી એકલી સ્ત્રીએ પારકા પ્રદેશમાં રહેવું અઘરું તો ખરું જ, એમાં પણ જ્યારે આખા વિશ્વમાં માણસ માણસ વચ્ચે અવિશ્વાસ અને નફરતનું વાતાવરણ ફેલાતું જતું હોય ત્યારે તો વધારે. મોટેભાગે તો હું ઘરની બહાર નીકળતી જ નહીં પણ બહારથી કોઈ મારે ઘરે આવવાનું હોય ત્યારે હું બહુ સાવચેત રહેતી. આ જુઓને, હમણાંની જ વાત કરું!

સાત-આઠ મહિનાની કડકડતી ઠંડી પછી હવે હૂંફાળી ગરમી ચાલુ થઈ હતી. કંપાઉંડમાં ખુરશી નાખીને કે પછી હીંચકા પર બેસવું હોય તો સાફસૂફી કરાવવી પડે એમ હતું. મેં એજંસીમાં ફોન કરીને માણસને બોલાવેલો. ગઈકાલે એના આવતા પહેલાં મારું મન ધડક ધડક થતું હતું.

''કોણ જાણે માણસ કેવો હશે? મને એકલી જાણીને લૂંટી તો નહીં લે ને?'' એજંસીમાં ફોન કર્યો ત્યારે મેં એ વાતનું ધ્યાન રાખ્યું હતું કે, ભૂલેચૂકે મારાથી બોલાઈ ન જાય કે, હું એકલી છું. ફોન પર મેં સૂચના પણ આપી દીધી હતી કે, જે આવે એ પાછળના ગેટથી આવે, આગળનો ગેટ જે મારા ઘરમાં ખૂલે છે ત્યાંથી નહીં. ઘડિયાળમાં બરાબર નવ વાગ્યા કે, એની કાર મારા પાછલા ગેટ આગળ ઊભી રહી. નાના ગેટમાંથી એ અંદર આવ્યો ત્યારે એના હાથમાં અખબાર હતું. દાખલ થતાંની સાથે એણે ચહેરા પર ભારોભાર ઘૃણા સાથે મને એ બતાવ્યું.

પહેલા પાના પર મોટો ફોટો હતો જેમાં એક બ્લેક માણસ જમીન પર પડ્યો હતો, હાથ જોડીને વિનંતી કરતો હતો અને એક ગોરો પોલીસ હસતાં હસતાં પોતાના અણીદાર બૂટથી એના ગળા પર પગ મૂકીને દબાવતો હતો. હેડ લાઈનમાં મોટા અક્ષરે લખેલું હતું "I can't breathe' (મારાથી શ્વાસ નથી લેવાતો). મેં આવનાર સામે નજર કરી તો એ બ્લેક જ હતો.

એ સિગારેટ પી રહ્યો હતો. અડધી પીધેલી સિગારેટ એણે નીચે ફેંકી. હજી સળગી રહેલા ઠૂંઠાને પોતાના બૂટ વડે જોર જોરથી મસળવા લાગ્યો. જાણે મનમાં દબાવી રાખેલો બધો આક્રોશ ઠૂંઠા પર ઉતારતો હોય એવું ઝનૂન એના મોઢા પર દેખાતું હતું.

મેં ડરીને એના હાથમાંથી જલદીથી પેપર લઈ લીધું અને એને શું કામ કરવાનું છે એ બતાવવા લાગી. એ એટલો બધો કાળો હતો કે, મને એનાથી બીક લાગતી હતી. એ તરત જ સમજી ગયો ને બોલ્યો, ''મેડમ, મારા રંગ સામે નહીં જોતાં, મારું કામ જોજો.''

અહીં આવીને મેં પણ 'બ્રાઉન' હોવાને કારણે ઘણાં અપમાન અને અવહેલના સહ્યાં હતાં ને હું રંગભેદમાં માનતી પણ નથી પણ મારે કબૂલ કરવું જોઈએ કે, ત્યારે મને એના રંગને લીધે જ એની બીક લાગતી હતી. પણ થોડી વારમાં જ એ જે બોલ્યો હતો કે, 'મારું કામ જોજો' એ એણે સાબિત કરી બતાવ્યું. જે સફાઈ ને સ્ફૂર્તિથી એ કામ કરી રહ્યો હતો એ જોઈને હું નવાઈ પામી ગઈ.

ધીમે ધીમે મારી બીક ક્યારે જતી રહી અને ક્યારે હું હસીને એની સાથે વર્તવા લાગી એ મને ધ્યાન જ ન રહ્યું. મેં એને કોફી અને કોક પણ ઑફર કર્યાં. એને જોતાંની સાથે મેં જે ધારણા બાંધી લીધી હતી એ બદલ હવે હું શરમ અનુભવવા લાગી. મેં પૂછ્યું ''શું નામ તારું?''

''વીલી. પણ મેડમ, સાચું માનશો? તમે પહેલવહેલાં જ છો જેણે મારું નામ પૂછ્યું. બાકી તો બધા અમને બ્લેક કહીને જ બોલાવે છે. આ ગોરાઓ અમને જાનવર કરતાં પણ બદતર સમજે છે.'' એના ચહેરા પર હું ઊંડી પીડા જોઈ શકી. મેં એની પીઠ પર હાથ મૂક્યો અને કહ્યું, ''જે તારા હાથની વાત નથી એવા તારા દેખાવ પર અફસોસ કરવાને બદલે તેં તારા કામને તારું હથિયાર બનાવી લીધું છે એ મને બહુ ગમ્યું.''

બે દિવસમાં તો એણે બહારથી મારા ઘરની કાયાપલટ કરી નાખી હતી. મને વિચાર આવ્યો કે, ઘરને કલર કરાવ્યાને ઘણો સમય થઈ ગયો છે. આટલો સારો માણસ મળી ગયો છે તો લાવને, સાથે સાથે એ કામ પણ કરાવી લઉં! એણે કહ્યું, ''ઓ.કે. મેડમ, ઘરને કલર કરવો હોય તો ૫૦૦ ડોલર આપો. કાલે બ્રશ, કલર, લાપી, ઘસવાનો સામાન- બધું લેતો આવીશ.'' મેં એને પૈસા આપી તો દીધા પણ પછી મારી મૂર્ખાઈ બદલ મને બહુ પસ્તાવો થવા લાગ્યો. ''કાલે નહીં આવે તો હું એને ક્યાં શોધવા જઈશ? એનો શું ભરોસો?''

આખી રાત મને ઊંઘ ન આવી. સવારથી એની રાહ જોવા લાગી. રોજની જેમ નવ વાગ્યા ને એની ગાડી પાછળના ગેટમાં પ્રવેશી. મારા જીવમાં જીવ આવ્યો. મેં જોયું કે, એની સાથે બીજા ત્રણ એના જેવા જ માણસો હતા. વળી પાછો મને ગભરાટ થવા લાગ્યો. 'એ ચાર મળીને મને કંઈ કરી નાખશે તો?' વીલીએ ચોખવટ કરી, ''મેડમ, અમે ચાર મળીને એક જ દિવસમાં તમારું ઘર પેઈંટ કરી નાખશું. તમારે રોજ રોજ અમારી પાછળ ફરવું ન પડે એ માટે હું આ લોકોને લઈ આવ્યો.''

થોડી વારમાં તો એ ચારની હાજરીથી મારું સૂનું ઘર ગાજવા લાગ્યું. અંદર અંદર વાતો કરીને એ લોકો ખૂબ હસતા હતા. મેં પણ એમની વાતોમાં ભળવાની કોશિશ કરી એ તો એમને બહુ સારું લાગ્યું. લંચ માટે જઈને પાછા આવ્યા ત્યારે વીલીએ મારા હાથમાં પિત્ઝાનું પારસલ મૂક્યું. મેં પૂછ્યું, ''આ શા માટે?''

''તમે બહુ સારાં છો એટલે.'' સાંભળીને હું ખુશ થઈ ગઈ.

સાંજે કામ પતાવીને એ લોકો જવા લાગ્યા ત્યારે વીલીએ વળી પાછી અડધી સિગારેટ પીને ઠૂંઠું જમીન પર નાખ્યું. હું બારીમાંથી જોવા લાગી કે, હમણાં એ પોતાના બૂટથી એને મસળી નાખશે, પણ મારા આશ્ચર્ય વચ્ચે એ મારી તરફ જોઈને જરા હસ્યો અને પછી ઠૂંઠું ઉપાડીને ડસ્ટબીનમાં નાખ્યું.

મને એકાએક પેલી પંક્તિઓ યાદ આવી ગઈ,

'વેરથી વેર શમે નહીં જગમાં, પ્રેમથી પ્રેમ વધે જીવનમાં.'

(હંસા દીપની મરાઠી સત્યકથાને આધારે) – **આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org